महाकविभासविरचितं

दूतघटोत्कचम्

[મૂળકૃતિ, અનુવાદ, પ્રસ્તાવના અને અભ્યાસનોંધ]

અનુવાદક

વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ

રીડર ઇન સંસ્કૃત

સંસ્કૃત વિભાગ, ભાષા-સાહિત્ય ભવન,

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ.

महाकविभासविरचितं

दूतघटोत्कचम्

અનુવાદક

વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ

રીડર ઈન સંસ્કૃત

સંસ્કૃત વિભાગ, ભાષા-સાહિત્ય ભવન,

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧

Dūta,-ghatotkacam :
A Play ascribed to BHĀS

Edited by :
Dr. V. M. Bhatt
Gujarat University, Ahmedabed.

(c) અનુવાદક

પ્રથમ આવૃત્તિ ૧૯૯૩-૯૪

મૂલ્ય રૂ. ૨૫-૦૦

પ્રકાશક :
અશ્વિનભાઈ બી. શાહ
સરસ્વતી પુસ્તક ભંડાર,
હાથીખાના, રતનપોળ,
અમદાવાદ ૩૮૦૦૦૧.
ફોન : ૩૧૬૬૯૨

મુદ્રક :
નરેન્દ્ર પ્રિન્ટર્સ
કાલોલિયાવાડી,
રાયપુર દરવાજા બહાર,
કાંકરિયા રોડ, અમદાવાદ-૨૨.

संपादकीयम

કવિતા–કામિનીના હાસ રૂપ ગણાયેલા મહાકવિ ભાસની આ 'દૂતઘટોત્કચ' એકાંકી નાટ્યકૃતિને પ્રસ્તાવના, ગુજરાતી અનુવાદ અને અભ્યાસનોંધ સાથે પ્રકાશિત કરતાં આનંદની લાગણી અનુભવું છું.

ભાસના મહાભારત મૂલક રૂપકોનો અભ્યાસ કરતાં મને જે ધ્વન્યર્થ પ્રાપ્ત થયો છે તેને અહીં "કવિ ભાસનું મહાભારત–દર્શન" શીર્ષક હેઠળ રજુ કરેલ છે. આશા છે કે સહૃદય વાચકોને તે ગમશે.

૨૧ માર્ચ, ૧૯૯૩ —અનુવાદક
અમદાવાદ.

અનુક્રમણિકા

૧. પ્રસ્તાવના ૧ થી ૪૬

૨. મૂળકૃતિ ૧ થી ૨૭

૩. અભ્યાસનોંધ ૨૮ થી ૩૪

૧. ભાસનું જીવન ૧

૨. ભાસનો સમય ૩

૩. ભાસ–સમસ્યા ૮

૪. શીર્ષક ૨૭

૫. કથાનકનો મૂળસ્રોત ૨૭

૬. દૂતઘટોત્કચની દૃશ્યાવલી ૧૮

૭. રૂપક પ્રકાર : ઉત્સૃષ્ટિકાંક ૩૪

૮. દૂતઘટોત્કચની પાત્રસૃષ્ટિ ૩૫

૯. દૂતઘટોત્કચનું મૂલ્યાંકન ૩૮

૧૦. કવિભાસનું મહાભારતદર્શન ૪૦

પ્રસ્તાવના

૧. ભાસનું જીવન

સંભવતઃ પાણિનિ અને ભરતમુનિની પણ પૂર્વે થઈ ગયેલા મહાકવિ ભાસે અનેક નાટ્યકૃતિઓની રચના કરી છે. જેમ કે સ્વપ્નવાસવદત્તા, પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ પ્રતિમા, અભિષેક, કર્ણભાર, ઊરુભંગ, દૂતવાક્ય વગેરે. પરંતુ આમાંની કોઈ પણ કૃતિમાંથી ભાસના નામથી જ શરૂ કરીને એમના જન્મસ્થાન, ગોત્ર, સમય, કુટુંબ ધર્મ વગેરેમાંથી કશાની વિગત જાણવા મળતી નથી. કાલિદાસે તો પોતાનાં ત્રણેય નાટકોમાં ઓછામાં ઓછું પોતાનું નામ તો સ્પષ્ટપણે લખ્યું જ છે. જ્યારે ભાસે તો પોતાના વિષે સર્વથા મૌન જ સેવ્યું છે. એટલે કે પોતાનું નામ સુદ્ધાં ક્યાંય લખ્યું નથી. અને છતાંય તેઓ પોતાની નાટ્યકૃતિઓ રૂપી શરીરથી આપણી વચ્ચે આજેય જીવી રહ્યા છે ! દણ્ડીએ 'અવન્તીસુંદરી કથા'માં લખ્યું છે કે–

> सुविभक्तमुखाद्यङ्गैर्व्यक्तलक्षणवृत्तिभिः ।
> परेतोऽपि स्थितो भासः शरीरैरिव नाटकैः ॥

'ભાસ તો સ્વર્ગે સિધાવ્યા છે તો'ય તેઓ પોતાનાં નાટકોરૂપી શરીરોથી આપણી વચ્ચે જ છે.' આમ પરંપરા તો ટૂંકમાં એક જ વાક્ય કહે છે કે ભાસનું જીવન એ એમનાં નાટકો. આથી વિશેષ ભાસના જીવન વિષે આપણે કશુંય પ્રમાણભૂત રીતે જાણતા નથી.

ભાસનાં આ નાટકોમાં આવતા કેટલાક ઉલ્લેખો અને કાલિદાસ, રાજશેખર, બાણભટ્ટ વગેરે અન્ય કવિઓએ ભાસને લગતા જે ઉલ્લેખો કર્યા છે તેના ઉપરથી નીચે મુજબની વિગતો તારવવાનો પ્રયત્ન થયો છે :

(૧) 'ગૌડવહો' નામના એક પ્રાકૃત ગ્રંથમાં भासम्मि जलणमित्ते એમ કહીને ભાસને 'જ્વલનમિત્ર' અર્થાત્ અગ્નિના મિત્ર કહ્યા છે. એ જ પ્રમાણે રાજશેખરની 'સૂક્તિમુક્તાવલિ'માં લખ્યું છે કે–

> भासनाटकचक्रेऽपि च्छेकैः क्षिप्ते परीक्षितुम् ।
> स्वप्नवासवदत्तस्य दाहकोऽभून्न पावकः ॥

અર્થાત્ ભાસે રચેલાં નાટ્યચક્રમાંથી 'સ્વપ્નવાસવદત્તમ્'ને શહેરી વિદ્વાનો (छेकैः) એ પરીક્ષા કરવા માટે અગ્નિમાં નાંખ્યું તો પણ અગ્નિએ તેને બાળ્યું

નહીં. આથી ભાસ અગ્નિ વચ્ચે ટોર્ક સંબંધ હતો એમ પરંપરામાં કહેવાયું છે. પણ સંદર્ભનો અર્થ કરીએ તો એવું જણાય છે કે–૧. ભાસનું સ્વપ્નવાસવદત્તમ્ નાટક વિદ્વાનોની પરીક્ષા રૂપી અગ્નિમાંથી પાર ઊતર્યું–ઉત્તમ પુરવાર થયું. અથવા–૨. સ્વપ્નવાસવદત્તમ્ નાટકમાં વાસવદત્તા અગ્નિમાં બળી મર્યાની જે વિગત આવે છે તેના તરફ અંગુલિનિર્દેશ કરે છે. ૩. પ્રોફે. બેનર્જી કહે છે કે ભાસનાં નાટકોમાં અનેક સ્થળે અગ્નિનો ઉલ્લેખ (દા. ત. પંચરાત્રમાં યજ્ઞશાળામાં આગ લાગ્યાની વાત કે સ્વપ્નવાસ૦ નાટકમાં વાસવદત્તા અગ્નિમાં બળી મર્યાની વાત વગેરે) આવે છે. તેથી ભાસને અગ્નિપ્રસંગો નિરૂપવા વધુ ગમે છે એમ તાત્પર્યાર્થ છે.

(૨) કાલિદાસ 'માલવિકાગ્નિમિત્ર' નાટકમાં ભાસનો પ્રથિતયશસ્ (જેનો યશ ચારે તરફ ફેલાયેલો છે) એવા કવિ તરીકે ઉલ્લેખ કરે છે. આથી સૂચવાય છે કે ભાસ પોતાની કૃતિઓથી નાટ્યજગતમાં સુપ્રતિષ્ઠિત થયા હતા. એ જ પ્રમાણે બાણભટ્ટે (૭ મી સદીમાં) પણ 'હર્ષચરિત'માં કહ્યું છે કે–સપતાકૈર્યશો લેભે માસો દેવકુલૈરિવ । 'ધ્વજાપતાકાવાળાં અને મજલાવાળાં દેવકુળો જેવાં નાટકોથી ભાસે યશ મેળવ્યો હતો.'

કેટલાક વિદ્વાનો ભાસનાં નાટકો કેરળ પ્રાંતમાંથી મળ્યાં હોવાથી એમ માને છે કે ભાસ કેરળ પ્રાંતમાં જન્મ્યા હશે. પરંતુ આ સિવાય તેનો બીજો કોઈ પુરાવો નથી. જ્યારે સ્વપ્નવાસવદત્તા અને પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ જેવાં નાટકોમાં ભાસે ઉજ્જયિની નગરીનું વર્ણન કર્યું હોવાથી એમ માનવાને ચોક્કસ કારણ છે કે તેઓ ઉત્તર ભારતમાં ક્યાંક જન્મ્યા હશે અને દક્ષિણ ભારતની નટમંડળીઓએ તેમનાં નાટકો સાચવ્યાં હશે.

ભાસ પોતે એક વિદ્વાન બ્રાહ્મણ વ્યક્તિ હશે એમ એમનાં નાટકોમાંથી મળતા કેટલાક સંદર્ભોને આધારે કહી શકાય એમ છે. તેમણે 'પ્રતિમા' નાટકમાં છ વેદાંગો સહિત ચારવેદ, માનવ–ધર્મસૂત્ર, મહેશ્વરનું યોગશાસ્ત્ર, બૃહસ્પતિનું અર્થશાસ્ત્ર, મેધાતિથિનું ન્યાયશાસ્ત્ર અને પ્રાચેતસ ઋષિના શ્રાદ્ધકલ્પનો ઉલ્લેખ કર્યો છે. આ ઉપરાંત રામાયણ–મહાભારત જેવા ઇતિહાસ ગ્રન્થોનો ઝીણવટથી અભ્યાસ કરીને તેનાં કેટલાંક વિશિષ્ટ અને અપ્રકટ પાસાંઓની પોતાની નાટ્યકૃતિઓમાં ઉપસાવવા પ્રયત્ન કર્યો છે. વળી તેમણે કર્ણભારમાં–હુતં ચ દત્તં ચ તથૈવ તિષ્ઠતિ (યજ્ઞમાં હોમેલું અને દાનમાં આપેલું–માણસના મર્યા પછીય–યથાવત્ રહે છે) એમ કહ્યું છે. તથા 'પંચરાત્ર'માં કરેલા યજ્ઞના, યજ્ઞની દક્ષિણાના ઉલ્લેખો ઉપરથી જણાય છે કે તે પોતે બ્રાહ્મણ કુળમાં જન્મેલા હશે અથવા તેમને યજ્ઞ અને દાન જેવા ભારતીય સંસ્કૃતિના વિચારોમાં આસ્થા હશે. વળી તેમણે પોતાનાં ઘણાં નાટકોમાં કૃષ્ણની, વિષ્ણુની, ઉપેન્દ્રની સ્તુતિ કરી છે. આથી તેઓ કૃષ્ણ–ભક્ત

હશે એમ પણ અનુમાન કરી શકાય છે. આ બધા ઉપરાંત સૌથી મહત્ત્વનો એક મુદ્દો એ છે કે તેમણે પોતાનાં ઘણાં નાટકોના 'ભરતવાક્ય'માં "સાગર સુધી વિસ્તરેલી, હિમાલય અને વિન્ધ્યાચળ જેવા પર્વતો રૂપી કુંડળોવાળી (ભારત) ભૂમિનું રાજસિંહ રક્ષણ કરે." એવી ઉદાત્ત રાષ્ટ્રભાવનાને વારંવાર વાચા આપી છે.

૨. ભાસનો સમય

મહાકવિ કાલિદાસે તેમના માલવિકાગ્નિમિત્ર નાટકમાં प्रथितयशसां भाससौमिल्लकविपुत्रादीनां प्रबन्धान् अतिक्रम्य वर्तमानकवेः कालिदासस्य क्रियायां कथं बहुमानः ॥ (જેમનો યશ ચારે તરફ ફેલાયેલો છે તેવા ભાસ, સૌમિલ્લ અને કવિપુત્ર વગેરે કવિઓના પ્રબંધો–નાટકો–ને છોડીને આ વર્તમાનકાળના (નવા) કવિ કાલિદાસની ક્રિયા–રચના–માં કેવી રીતે તેને (ભજવવા માટેનું) બહુમાન જાગ્યું છે ?) પોતાના પુરોવર્તી તરીકે ભાસનો સ્પષ્ટ નામોલ્લેખ કર્યો છે. તે ઉપરથી એક નિશ્ચિત ધારણા એ બંધાય છે કે કાલિદાસના સમય પૂર્વે ભાસ થઈ ગયા હશે. હવે કાલિદાસનો સમય મોડામાં મોડો ઈ. સ.નો પાંચમો સૈકો લગભગ બધા વિદ્વાનો સ્વીકારે છે. આથી ભાસના સમયની ઉત્તર સીમા ઈસવીસનના પાંચમા સૈકાના આરંભની થઈ ગણાય.

હવે એ વિચારણીય છે કે તો ભાસના સમયની પૂર્વસીમા કઈ હશે ? એટલે કે ભાસનો સમય જો મોડામાં મોડો પાંચમા સૈકાનો પ્રારંભ હોય તો તેમનો વહેલામાં વહેલો સમય કયો હોઈ શકે ? આપણા સાહિત્યકારોના કેટલાક ઉલ્લેખો જોઈએ તો જોનરાજ નામના એક ટીકાકાર ભાસને 'મુનિ' કહે છે તથા 'કવિહૃદય' નામના દણ્ડીના કહેવાતા એક અપ્રસિદ્ધ ગ્રન્થમાં वाल्मीकि–व्यास–भास प्रभृतिभिरुदिता ॥ એવું વાક્ય વાંચવા મળે છે. આમ પરંપરાથી ભાસને પ્રાચીન કવિઓની અને ઋષિમુનિઓની હરોળમાં મૂકવામાં આવે છે.

ટી. ગણપતિશાસ્ત્રી કહે છે કે–(૧) 'પ્રતિમા' નાટકના ચોથા અંકમાં ભાસે नवं शरावं सलिलस्य पूर्णम्... એવો એક શ્લોક લખ્યો છે જે કૌટિલ્ય = ચાણુક્યના 'અર્થશાસ્ત્ર'માં ઉદ્ધૃત થયો છે. તથા (૨) ભાસની નાટકોમાં પચ્ચીસેક અપાણિનીય શબ્દપ્રયોગો થયા છે. આથી ભાસનો સમય કૌટિલ્ય અને પાણિનિની પણ પૂર્વે મૂકવો પડે એમ છે. એટલે કે ભાસનો સમય પાણિનિ પહેલાં ઈ. સ. પૂર્વે છઠ્ઠા કે આઠમા સૈકાથી તે ઈસવીસનના ચોથા સૈકા સુધી મૂકી શકાય. (આ છે ભાસના સમયની પૂર્વસીમા.)

ટી. ગણપતિશાસ્ત્રીના મતની સમીક્ષા કરતાં શ્રી ર. છો. પરીખ લખે છે કે–"આ ઉપરાંત પુરાવો પોતે નિશ્ચિત સ્વરૂપનો નથી કારણ કે અર્થશાસ્ત્ર તરીકે પ્રસિદ્ધ થયેલો આખો ગ્રન્થ ઈ. સ. પૂર્વે ચોથા સૈકાનો હોવા વિશે ભારે મતભેદ

છે. તેમાંય ખાસ કરીને આવા સંગ્રહ શ્લોકો તો પછીના ઉમેરા મનાય છે. એટલે કે એ શ્લોક ભાસનો બનાવેલો માનીએ તો પણ તે અર્થશાસ્ત્રમાં પાછળથી દાખલ થયાનો સંભવ હોવાથી સમયનિર્ણયની બાબતમાં તેનો ઉપયોગ કરી શકાતો નથી." (સં. ના. સા. પૃ. ૫૧). તથા સંભવ છે કે 'એ નવં શરાવં'૦ શ્લોક ભાસે ના રચ્યો હોય અને કૌટિલ્યે પણ ના રચ્યો હોય. પણ એક નીતિવિષયક સુભાષિત શ્લોક તરીકે એ બંનેના સમય પહેલાં જ રચાયો હોય. આવો ભિન્ન કર્તૃક શ્લોક જુદા જુદા સમયમાં અર્થશાસ્ત્ર, કામશાસ્ત્ર કે કાવ્યગ્રન્થોમાં અનેક વ્યક્તિઓ દ્વારા ઉદ્ધૃત થતો રહ્યો હોય. 'તેથી આવા શ્લોકોનો એક અથવા બીજી રીતે પ્રમાણ તરીકે ઉપયોગ કરતાં સાવધાન રહેવાની જરૂર છે.' એ જ પ્રમાણે 'અપાણિનીય રૂપોથી એટલું જ સિદ્ધ થાય કે કાં તો નાટકકાર વ્યાકરણમાં કાચો હશે અથવા લોકમાં ચાલતાં વિવિધ રૂપોને દૂર કરવા જેટલું પાણિનિનું સામર્થ્ય જામ્યું નહીં હોય.'

ભાસના અપાણિનીય એવા શબ્દપ્રયોગ બાબતે બીજી એક રીતે પણ વિચારણા થઈ છે. જેમકે, પ્રોફે. બેનર્જી એમ કહે છે કે ભાસનાં નાટકોમાં જે પચ્ચીસેક અપાણિનીય શબ્દપ્રયોગો દેખાય છે 'તેમાંથી ફક્ત ત્રણ જ ખરેખરા અપાણિનીય છે, બીજા એક અથવા બીજી રીતે કાત્યાયનના વાર્તિકોની અને મહાભાષ્યની મદદથી ઘટાવી શકાય છે.' આ ઉપરથી તો પ્રો. બેનર્જી એવું અનુમાન કરવા પ્રેરાય છે કે 'ભાસને પાણિનિ, કાત્યાયન અને પતંજલિ–એ ત્રણેની માહિતી હતી એ ઉપરથી આપણે એટલું જ કહી શકીએ કે ભાસ પતંજલિના સમકાલીન કે તેની પછી થયા હશે.'

'અપાણિનીય પ્રયોગથી અને નવં શરાવં શ્લોકથી ભાસની પ્રાચીન મર્યાદાને ઈ. સ. પૂર્વે ચોથા સૈકામાં મૂકવાનો પ્રયાસ આ રીતે સફળ થતો દેખાતો નથી અને તેથી પ્રાચીન સીમા તરીકે અશોકનો કે અશોક પછીનો સમય લેવો જોઈએ. બીજી બાજુની–અર્વાચીન મર્યાદા નક્કી કરવાનું ચિહ્ન કાલિદાસનો ઉલ્લેખ છે તે જોયું.'

હવે આપણે ભાસનો સમય–એક તરફથી અશોકની પછી અને બીજી તરફથી કાલિદાસની પૂર્વે બેની વચ્ચે ક્યાં મૂકી શકાય એમ છે તે આ નાટકોમાંથી મળતી વિગતોને આધારે નક્કી કરવા પ્રયત્ન કરીશું : આ નાટકોનો અભ્યાસ કરતાં વિદ્વાનોને એવું લાગ્યું છે કે–(૧) નાટકોની અંદર વપરાયેલી પ્રાકૃત ભાષા પાલિ કરતાં અર્વાચીન છે અને (૨) સામાજિક સ્થિતિ બૌદ્ધસંપ્રદાયના નમતા પહોરની છે–એટલે કે અશોક પછીની છે.'

શ્રી ર. છો. પરીખ કહે છે કે–'આ નાટકોની પ્રાકૃત ભાષા કાંઈ વિશેષ અજવાળું પાડે એ સંભવિત છે. સંસ્કૃતની માફક એનું સ્વરૂપ હંમેશને માટે રૂઢ થઈ ગયેલું નહોતું. એ બોલાતી અને જીવતી ભાષાઓ હતી અને તેથી દરેક જીવંત વસ્તુની માફક રૂપાંતર પામતી. આવાં ભિન્ન ભિન્ન રૂપાંતરો ઉપરથી ભિન્ન ભિન્ન સમયની કલ્પના કરવી અશક્ય નથી. પાલિ, અશોકના શિલાલેખોનું પ્રાકૃત, જૈન આગમોનું અને ચૂર્ણિઓનું પ્રાકૃત, કનિષ્કના સમયનું અશ્વઘોષના ખંડિત નાટકોનું પ્રાકૃત, કાલિદાસાદિનાં નાટકોનું પ્રાકૃત ઇત્યાદિ અનેક પ્રાકૃત ભાષાના ભિન્ન ભિન્ન સમયનાં રૂપાંતરો જોઈ શકાય છે. આની મદદથી આ નાટકોનું સ્થાન ક્યાં છે તે કલ્પી શકાય છે. ભાસનાં નાટકોનાં પ્રાકૃતની આ જાતની તુલના અને પરીક્ષા ડૉ. સુકથંકર, પ્રો. લેસ્ની, પ્રો. બેનર્જી વગેરેએ કરી છે. પ્રો. લેસ્ની આ તુલના ઉપરથી એવા અભિપ્રાય ઉપર આવે છે કે "ભાસનું પ્રાકૃત (અને તેથી ભાસ પોતે પણ) અશ્વઘોષ કરતાં અર્વાચીન અને કાલિદાસ કરતાં પ્રાચીન છે." કાલિદાસનો સમય પાંચમો સૈકો માનીને પ્રો. લેસ્ની ભાસને ઈ.સ.ના ચોથા સૈકામાં મૂકવા વિન્ટરનીત્સ સાથે સંમત થાય છે. પ્રો. બેનર્જી લેસ્નીના અભિપ્રાયનો ઊહાપોહ કરી એમ સાબિત કરે છે કે ભાસના પ્રાકૃતમાં અને અશ્વઘોષના પ્રાકૃતમાં પ્રો. લેસ્ની માને છે તેટલું અંતર નથી; તે બંનેનું પ્રાકૃત લગભગ સરખું છે, અને તેથી ભાસ કાં તો અશ્વઘોષનો સમકાલિક કે તેના પછી તરત જ થયેલા હશે. એટલે કે ભાસનો સમય ઈસવીસનના બીજા–ત્રીજા સૈકાનો નક્કી થઈ શકે.

"શ્રી કે. હ. ધ્રુવ આ નાટકોના પ્રાકૃતને 'આચારાંગ સૂત્ર જેટલું જૂનું' માનતા નથી. આ અંગને યાકોબી ઈ. સ. પૂર્વે ત્રીજા સૈકામાં મૂકે છે. તેથી 'આચારાંગસૂત્ર' પછી સ્થિતિ પામનારો ભાસ મહાકવિ કાલિદાસના પુરોગામી હોઈ આપોઆપ ઈ. સ. પૂર્વે બીજા સૈકામાં ગોઠવાય છે." (શ્રી ધ્રુવ કાલિદાસને ઈ.સ. પૂર્વે પહેલા સૈકાની મધ્યમાં મૂકે છે.)

[શ્રી ર. છો. પરીખ કહે છે કે "પ્રાકૃત ભાષાના પ્રમાણ વિરુદ્ધ એક દલીલ છે તે અહીં નોંધાવી જોઈએ. ઘણા વિદ્વાનો એમ માને છે કે નાટકોમાં તેના કર્તાઓનું પ્રાકૃત સચવાઈ રહેલું નથી; કારણ કે ભિન્ન ભિન્ન સમયમાં નાટક ભજવનારાઓ સમયને અનુકૂળ તેમાં ફેરફારો કરતા હશે અને તદનુસાર (હસ્ત-લિખિત) પ્રતોમાં પણ થતા હશે. એમાં પ્રાંતીય ફેરફારને પણ અવકાશ રહે છે. આથી પ્રાકૃત ઉપરથી કાલમર્યાદા નક્કી કરવી એ ઠીક નથી આ દલીલમાં ઘણું વજૂદ છે. કેવળ પ્રાકૃત ભાષાની મદદથી પ્રાચીન સીમા નક્કી કરવી એ યોગ્ય નથી જોકે બીજાં પ્રમાણોથી તે સીમા નક્કી કરવામાં તેનો (અર્થાત્ પ્રાકૃત ભાષાનો આનુષંગિક પુરાવા તરીકે) ઉપયોગ કરવામાં વાંધો નથી.] (સં. ના. સા. પૃ. ૫૩)

ભાસના સમય-નિર્ણય વિષે પ્રોફે. જયસ્વાલની ચર્ચા ખૂબ મહત્ત્વની છે. તેઓ ભાસને ઈ.સ. પૂર્વે ૫૩ થી ૪૧ના અરસામાં મૂકે છે. આ સમય—નિર્ધારણ માટે તેમણે જે ચર્ચા કરી છે તેના મુદ્દા આ પ્રમાણે છે :

(૧) ભાસની ભાષા અર્વાચીન કાવ્યોની કૃત્રિમતાથી અલિપ્ત છે જે કૃત્રિમતા રુદ્રદામાના શિલાલેખ જેટલી જૂની છે. (ઈ. સ. નો બીજો સૈકો).

(૨) 'સ્વપ્નવાસવદત્ત' અને 'ચારુદત્ત'માં મહાબ્રાહ્મગ શબ્દનો ઉપયોગ પ્રાચીન સાહિત્ય (બૃહદારણ્યક ઉપનિષદ્ ૨.૧૦.૨૨)ની જેમ સારા અર્થમાં કર્યો છે. મહાભારતની જેમ ખરાબ (=સ્મશાનનો ગોર એવા) અર્થમાં કર્યો નથી.

(૩) આર્યપુત્ર' અને અય્યપુત્તો' શબ્દનો ઉપયોગ અશોકના સીદ્દપુરના શિલાલેખની જેમ 'કુમાર' કે 'રાજકુમાર' એવા અર્થમાં કર્યો છે. '(પતિ' એવા અર્થમાં ભાસે તે વાપર્યો નથી).

(૪) રાજા ઉદયન 'ભરતવંશ' જેવા ઉચ્ચવંશમાં જન્મ્યો છે એવો ઉલ્લેખ 'પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ'માં ભાસે કર્યો છે : વેદાક્ષર સમવાયપ્રવિષ્ટો મારતો વંશઃ ॥ વગેરે. અહીં ભાસ જે 'ભરતવંશ'ની વાત કરે છે તે 'વેદકાલિક ભરતો' છે (નહીં કે પુરાણયુગના ભરતવંશની).

(૫) ભાસે 'સ્વપ્નવાસવદત્તા'માં એક મેલી દેવી તરીકે યક્ષિણી નો ઉલ્લેખ કર્યો છે. બૌદ્ધ સાહિત્યમાં પણ આવું જ જોવા મળે છે.

(૬) બૌદ્ધ જાતક કથાઓમાં જેમ બ્રહ્મદત્ત નામે રાજા હતો' એવા વાક્યથી કથાની શરૂઆત થાય તેમ ભાસ પણ સ્વપ્ન૦માં એવી જ રીતે વાતની રજૂઆત કરે છે.

(૭) આ નાટકોમાંથી લગભગ નવ નાટકોનું વસ્તુ મહાભારત-રામાયણની કથાઓમાંથી લીધેલું છે-જે કથાઓ મહાભાષ્યકારના સમયમાં ભજવાતી કથાઓ જેવી છે. તેમાંના એક નાટકમાં (પંચરાત્રમાં) 'દુર્યોધન યજ્ઞ પછી દ્રોણને એવું વચન આપે છે કે જો પાંચ રાતમાં તેઓ પાંડવોને શોધી કાઢે તો તેમને અડધું રાજ આપશે.' હાલના મહાભારતમાં આવો કોઈ ઉલ્લેખ નથી.

આ બધા ઉલ્લેખ ઉપરથી શ્રી જયસ્વાલ એવા અભિપ્રાય ઉપર આવે છે કે ભાસનાં નાટકો પ્રાચીન છે અને હાલ મળેલાં નાટકો જૂનામાં જૂનાં છે. અને મહાભારતની હાલની આવૃત્તિ કરતાં પ્રાચીન છે. હાલના મહાભારતને ઈ.સ. ના ત્રીજા સૈકામાં મૂકવામાં આવે છે. આંથી આની પણ પૂર્વે—ઈ.સ. પૂર્વે ૨૫૦માં

ભાસનો સમય મૂકી શકાય. પ્રો. જયસ્વાલના મતે ભાસના સમયની આ અર્વાચીન સીમા છે.

તેમણે ભાસની પ્રાચીન સીમા નક્કી કરવા માટે નીચેનાં પ્રમાણો આપ્યાં છે :

(૧) નાટકકારને બૌદ્ધ સંપ્રદાયનો એટલો બધો સારો પરિચય છે કે તેનું એક મુખ્ય પાત્ર (પ્રધાન રુમણ્વાન્) શ્રમણનો વેશ લે છે. આ પરિચય અશોકના પછીના સમયનું ચિહ્ન છે.

(૨) આ ગ્રંથોમાં એવા સમાજનું પ્રતિબિંબ દેખાય છે કે જેણે હમણાં જ વૈદિક સંસ્કૃતિમાં બૌદ્ધ સંસ્થાઓ દાખલ કરી હોય (એટલે કે તે વૈદિક સંસ્કૃતિના પ્રથમ પુનરુજ્જીવનનો સમય હતો=ઈ. સ. પૂર્વે ૨જો અને ૧લો સૈકો). ઉદાહરણ તરીકે સ્વપ્નવાસવદત્તામાં–મગધની રાજમાતા તાપસીનું જીવન ગાળે છે.

(૩) આની સાથે, આ નાટકમાં બૌદ્ધસંપ્રદાય વિરુદ્ધની લાગણી પણ દેખાય છે. (દા.ત., ચારુદત્તમાં વિદૂષક બોલે છે : अहं खलु तावत् कर्तव्यकरस्त्रीकृतसंकेत इव शाक्यश्रमणको निवृत्तिं न लभे ।–तृतीयोऽङ्कः ।।) બ્રાહ્મણો શ્રમણને ધિક્કારે છે અને તેમનો ઉપહાસ કરે છે. અને છતાંય તેની સાથે સહવાસ કરી લે છે. આ વસ્તુસ્થિતિ શુંગ અને કાણ્વોના સામ્રાજ્યના બૌદ્ધદ્વેષી યુગનો અંત સમય સૂચવે છે. (પ્રતિજ્ઞાયૌગ૦માં–अघं बह्मणभावं । ईहामत्तएण समणएण अभअं दीअदि ।)

(૪) ભાસનું સાધારણ ભરતવાક્ય નીચે પ્રમાણે છે :

इमां सागरपर्यन्तां हिमवद्विन्ध्यकुण्डलाम् ।
महीमेकातपत्राङ्कां राजसिंहः प्रशास्तु नः ।।

ભાસે આમાં હિમાલયથી વિન્ધ્યાચળ સુધીના જે પ્રદેશની વાત કરી છે તે 'માનવ ધર્મશાસ્ત્ર'ના આર્યાવર્ત સાથે બંધ બેસે છે. આ માનવ ધર્મશાસ્ત્રની રચના ઈ. સ. પૂર્વે ૧૬૦માં પુષ્યમિત્રના સમયમાં થઈ ગણાય છે. વળી ભાસ પણ 'પ્રતિમા' નાટકમાં આ 'માનવધર્મશાસ્ત્ર'નો ઉલ્લેખ કરે છે.

साङ्गोपाङ्गं वेदमर्घये मानवीयं धर्मशास्त्रं, माहेश्वरं योगशास्त्रम् ।
बार्हस्पत्यमर्थशास्त्रं मेधातिथेर्न्यायशास्त्रं प्राचेतसं, श्राद्धकल्पं च ।।

પ્રો. જયસ્વાલ કહે છે કે–માનવધર્મશાસ્ત્રની રચના થયા પછી લગભગ એકસો વર્ષ પછી આ નાટકોની રચના થઈ હોય એમ માનીએ તો ભાસનો સમય ઈ. સ. પૂર્વે ૫૩ થી ૪૧ આવીને ઊભો રહે.

ડૉ. પુશાલકરે ભાસના સ્વપ્નવાસવદત્તા વગેરે તેરેય નાટકોની અંતરંગ સામગ્રી અને બીજી કેટલીક બહિરંગ સામગ્રીનો અભ્યાસ કરીને જુદા જુદા વિદ્વાનોએ

ભાસના સમયની જુદી જુદી ધારણાઓ કરી છે તેનો વિગતે ઉલ્લેખ કર્યો છે. જે નીચે મુજબ છે :

(૧) ટી. ગણપતિશાસ્ત્રીના મતે—ઇ. સ. પૂર્વે ૬ઠ્ઠા થી ૪થો સૈકો.
(૨) જાગીરદાર, કુલકર્ણીના મતે—ઇ. સ. પૂર્વે ૩જો સૈકો.
(૩) કે. હ. ધ્રુવ અને જયસ્વાલના મતે—ઇ. સ. પૂર્વે ૨જાથી ૧લો સૈકો.
(૪) લક્ષ્મણ સરૂપ કોનો વગેરેના મતે—ઇ. સ. પૂર્વે ૨જો સૈકો.
(૫) ભાંડારકર, યાકોબીના મતે—ઇ. સ.નો ૩જો સૈકો.
(૬) લેસ્સની અને વિન્ટરનીત્સના મતે—ઇ. સ.નો ૪થો સૈકો.
(૭) ડો. પુશાલકરના મતે—ઇ. સ. પૂર્વે પાંચમાથી ચોથા સૈકાની વચ્ચે.

૩. ભાસ સમસ્યા

સ્વપ્નવાસવદત્તાદિ નાટકોની શોધ :

સંસ્કૃત નાટ્યસાહિત્યમાં એક નાટ્યકાર તરીકે ભાસનું નામ પ્રાચીન સમયથી સુપ્રતિષ્ઠિત હતું એમ આપણને કાલિદાસની એક ઉક્તિ ઉપરથી જાણવા મળે છે : 'માલવિકાગ્નિમિત્ર' નાટકની પ્રસ્તાવનામાં સૂત્રધાર કહે છે કે—"કાલિદાસે જેની વસ્તુગૂંથણી કરી છે એવા 'માલવિકાગ્નિમિત્ર' નામના નાટકની આપણે ભજવણી કરીશું." ત્યારે, આ સાંભળીને તેની બાજુમાં ઊભેલો પારિપાર્શ્વક ટકોર કરે છે કે—मा तावत् । प्रथितयशसां भास-सौमिल्ल-कविपुत्रादीनां प्रबन्धान् अतिक्रम्य वर्तमानकालेः कालिदासस्य क्रियायां कथं बहुमानः ॥ "ના. એમ નહીં. ચારે તરફ જેમનો યશ ફેલાયેલો એવા ભાસ-સૌમિલ્લ અને કવિપુત્ર વગેરે કવિઓના પ્રબંધો (નાટકો)ને છોડીને આજકાલના કવિ કાલિદાસની રચનાઓમાં તમને કેવી રીતે બહુમાન (જાગ્યું છે) ?"—આની ઉપરથી એમ સૂચવાય છે કે—મહાકવિ કાલિદાસની પણ પૂર્વે એક સફળ નાટ્યકાર તરીકે ભાગની કીર્તિ ફેલાયેલી હતી, પરંતુ દુર્ભાગ્યે ૧૯મી સદીના અંત સુધી નાટ્યકાર તરીકે ભાસનું નામ, અને (બીજા કેટલાક ઉલ્લેખો ઉપરથી) તેમની કેટલીક નાટ્યકૃતિઓનાં નામોની જ માહિતી મળતી હતી. પણ વાસ્તવિક રીતે ભાસની કોઈ કૃતિ ક્યાંયથી મળતી નહોતી.

પરંતુ વીસમી સદીના આરંભે ઇ. સ. ૧૯૦૯માં મહામહોપાધ્યાય ટી. ગણપતિશાસ્ત્રીએ સંસ્કૃત ગ્રંથોની પ્રાચીન હસ્તલિખિત પ્રતો ભેગી કરવાનું કામ શરૂ કર્યું ત્યારે તેમને મલયાલમ લિપિમાં, તાડપત્ર ઉપર લખાયેલી, લગભગ ૩૦૦ વર્ષ જૂની, ૧૦૫ પાનાંની હસ્તલિખિત પ્રત દક્ષિણ ભારતમાંથી પદ્મનાભપુરની નજીક આવેલા મનલિક્કર મઠમાંથી મળી આવી; જેમાં ૧. સ્વપ્નવાસવદત્તમ્, ૨. પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ, ૩. પંચરાત્ર, ૪. ચારુદત્ત, ૫. દૂતઘટોત્કચ, ૬. અવિમારક, ૭. બાલચરિત, ૮. મધ્યમ વ્યાયોગ, ૯. કર્ણભાર અને ૧૦. ઊરુભંગ (તથા ૧૧.

બીજા એક રૂપકનો ટુકડો કે જે પાછળથી 'દૂતવાક્યમ્' તરીકે ઓળખાયો હતો) એમ દશેક રૂપકોનો સમાવેશ થતો હતો. ત્યાર પછી બીજી વખત શોધખોળ કરતાં બીજાં બે નાટકો–૧૨. અભિષેક અને ૧૩. પ્રતિમા–ની હસ્તપ્રતો (તથા પહેલી વખત મળેલાં અગિયારેય રૂપકોની અન્ય હસ્તપ્રતો પણ) હાથ લાગી. આ હસ્તપ્રતો કૈલાસપુરમ્, હરિપદ, ચેન્ગન્નુર, મન્ગનમ્ અને શાહી ગ્રન્થાલય જેવા ખાનગી ગ્રન્થભંડારોમાંથી મળી હતી. (દૂતવાક્યમ્‌ની એક પૂર્ણ હસ્તપ્રત પણ આમાંથી જ ઉપલબ્ધ થઈ.) આ બધી હસ્તપ્રતો પણ મલયાલમ લિપિમાં જ હતી. ટી. ગણપતિશાસ્ત્રીએ આ નાટકોનો અભ્યાસ કરીને કેરળના ત્રિવેન્દ્રમ શહેરમાંથી 'ત્રિવેન્દ્રમ સંસ્કૃત સીરીઝ' હેઠળ ઇ. સ. ૧૯૧૨માં તેનું ક્રમશઃ પ્રકાશન કર્યું; તથા બાણભટ્ટ અને રાજશેખરના કેટલાક ઉલ્લેખોને આધારે તે નાટકોને 'ભ.સ વિરચિત' જાહેર કર્યા (આને "ત્રિવેન્દ્રમ નાટકો", "ભાસનાટકચક્ર" ને "ભાસના નામે ચઢાવાયેલાં નાટકો" તરીકે ઓળખવામાં આવે છે.)

શ્રી રસિકલાલ છો. પરીખ કહે છે કે–"આ નાટકોની પ્રાપ્તિથી સંસ્કૃત સાહિત્યના મહત્ત્વમાં અને પ્રતિષ્ઠામાં ભારે વધારો થયો છે. અત્યાર સુધી નહિ અનુભવેલી રસસામગ્રી પ્રાપ્ત થઈ છે. (શ્રી કે. હ. ધ્રુવના શબ્દોમાં–) તેનો કર્તા પ્રાચીન તેમજ અર્વાચીન 'નાટકકારોમાં બેશક માર્ગ મુકાવે' એવો દેખાય છે. પણ એ નાટકકાર કોણ એ બહુ જ વિવાદસ્પદ છે. આ નાટકો કયા સમયનાં હશે તે પણ એટલું જ સંદિગ્ધ છે." (જુઓ : સંસ્કૃત નાટ્યસાહિત્ય, ૨. છો. પરીખ ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૮૦, પૃ. ૩૪)

ટી. ગણપતિશાસ્ત્રીએ ત્રિવેન્દ્રમથી પ્રકાશિત કરેલાં આ સ્વપ્નવાસવદત્તાદિ ૧૩ નાટકો "મહાકવિ ભાસે રચેલાં છે" એવો મત ઉચ્ચાર્યો છે. તથાપિ આ તેર નાટકોમાંથી એકેયમાં તેના કર્તાનું નામ આપેલું નથી. સામાન્ય રીતે તો બીજાં સંસ્કૃત નાટકોની પ્રસ્તાવનામાં જે તે નાટકનું નામ અને તેના કર્તાનું નામ આપેલું જ હોય છે.[૨] (ઉપરાંત તે નાટક પૂરું થાય ત્યાં અંતિમ પંક્તિ–પુષ્પિકામાં

---

૧. सूत्रधारकृतारम्भैर्नाटकैर्बहुभूमिकैः ।
सपताकैर्यशो लेभे भासो देवकुलैरिव ॥ બાણકૃત હર્ષચરિતમાંથી.
भासनाटकचक्रेऽपि छेकैः क्षिप्ते परीक्षितम् ।
स्वप्नवासवदत्तस्य दाहकोऽभून्न पावकः ॥ રાજશેખરની સૂક્તિમુક્તાવલિમાંથી.

૨. દા. ત., 'અભિજ્ઞાનશાકુન્તલ'ની પ્રસ્તાવનામાં લખ્યું છે કે—
अद्य खलु कालिदास-ग्रथितवस्तुना 'अभिज्ञानशाकुन्तल' नामधेयेन नवेन नाटकेनोपस्थातव्यमस्माभिः ।

પણ કૃતિ અને કર્તાનું નામ આવેલું હોય છે.[૩]) પરંતુ ત્રિવેન્દ્રમથી પ્રકાશિત થયેલાં આ ૧૩ નાટકોની સ્થાપના (= પ્રસ્તાવના)માં ક્યાંય કૃતિનું નામ કે તેના કર્તા (તરીકે ભાસ)નું નામ આપેલું જ નથી. કૃતિને અન્તે કેવળ કૃતિનું નામ લખેલું મળી આવે છે; પણ તેના કર્તાનું નામ ત્યાંય આપેલું નથી.

આથી આ ૧૩ નાટકો ભાસે જ રચેલાં છે એમ જાણવા માટેના પ્રાથમિક/આંતરિક પ્રમાણનો સદંતર અભાવ છે. આ સંજોગોમાં કેટલાંક બાહ્ય પ્રમાણો (કે જેમાં ૧. અન્ય સંસ્કૃત ગ્રંથોમાં મળતા ભાસવિષયક ઉલ્લેખો અને ૨. પ્રતિષ્ઠિત વિદ્વાનોને આ નાટકો વાંચ્યા પછી થયેલા અનુભવોનો સમાવેશ થાય છે; તેના)થી આ નાટકોનો કર્તા કોણ હશે ? એ નક્કી કરવાનું (અનુમાનવાનું) રહે છે. જેમ કે ટી. ગણપતિશાસ્ત્રીને આ નાટકો પ્રાપ્ત થયેલી હસ્તલિખિત પ્રતોમાં વાંચતાં અસાધારણ કવિની કૃતિ લાગી. આ નાટકોનાં "શૈલી અને કલ્પનામહત્ત્વ ઋષિઓની મહાન કૃતિઓમાં હોય છે તેવાં મને લાગ્યાં; મહાકવિઓની પ્રસિદ્ધ કૃતિઓમાં હોય છે તેનાંથી ચડિયાતાં". (સ્વપ્નવાસવદત્ત–દ્વિતીય આવૃત્તિ, સં. ટી. ગણપતિશાસ્ત્રી, ત્રિવેન્દ્રમની પ્રસ્તાવના પૃ. ૧) ટી. ગણપતિશાસ્ત્રીના મનમાં આ અભિપ્રાય બંધાયા પછી તેઓ આ નાટકોને અતિ પ્રાચીન–પાણિનિની પણ પહેલાંનાં અને કાલિદાસની પણ પહેલાં યશસ્વી થયેલાં–સુપ્રસિદ્ધ ભાસની કૃતિ માને એ સ્વાભાવિક છે.'

પરંતુ ટી. ગણપતિશાસ્ત્રીનાં અભિપ્રાયનો વિદ્વાનોમાં સર્વસંમતિથી સ્વીકાર થયો નહીં; બલ્કે પ્રબળ વિરોધ થયો. આ 'ત્રિવેન્દ્રમ નાટકો' (કાલિદાસ જેનો 'માલવિકાગ્નિમિત્ર'માં નિર્દેશ કરે છે તે) ભાસની રચના હશે કે બીજા કોઈની રચના હશે ? એ અંગે ભારે વિવાદ ઊભો થયો છે. આ વિવાદને 'ભાસસમસ્યા' (Bhāsa Problem અથવા–Bhāsa controversy) તરીકે ઓળખવામાં આવે છે.

'ત્રિવેન્દ્રમ નાટકો'નું ભાસકર્તૃત્વ નહીં સ્વીકારનારા વિપક્ષીઓ અને તેમનું ખંડન :

(૧) ૧૩ ત્રિવેન્દ્રમ નાટકો (અથવા તેમાંના કેટલાંક નાટકો) ભાસે નહીં, પણ શક્તિભદ્ર નામના નાટ્યકારે રચ્યાં હશે એમ શ્રી કુપ્પુસ્વામી શાસ્ત્રી માને છે. આમ માનવાનું પહેલું કારણ એ છે કે દક્ષિણ ભારતની એક જ હસ્તલિખિત પ્રતિમાંથી એક જ બંડલમાંથી–રામવિષયક ત્રણ નાટકો. ૧. પ્રતિમા, ૨. અભિષેક અને ૩. આશ્ચર્યચૂડામણિ મળી આવ્યાં છે. બીજું 'આશ્ચર્યચૂડામણિ'માં એના કર્તાનું નામ 'શક્તિભદ્ર' જણાવ્યું છે. હવે ગૂંથણી અને ભાષાશૈલીની દૃષ્ટિએ આ

૩. દા.ત., 'ઉત્તરરામચરિત'ને અંતે લખ્યું છે કે—

इति महाकविश्रीभवभूतिविरचित उत्तररामचरिते संमेलनं नाम सप्तमोऽङ्कः ॥

આશ્ચર્યચૂડામણિ અને 'ત્રિવેન્દ્રમ નાટકો'ની વચ્ચે કેટલુંક સામ્ય જણાય છે. આથી એમ માનવાને કારણ છે કે ત્રિવેન્દ્રમથી પ્રસિદ્ધ થયેલાં આ ૧૩ નાટકો (અથવા તેમાંનાં કેટલાંક દા.ત., પ્રતિમા અને અભિષેક) ભાસે નહીં પણ શક્તિભદ્રે રચ્યાં હશે. ત્રીજું શક્તિભદ્રે 'આશ્ચર્યચૂડામણિ'માં પોતાની એક અન્ય કૃતિ 'ઉન્માદવાસવદત્તા'નો નામોલ્લેખ કર્યો છે. પ્રો. કપ્પુસ્વામી શાસ્ત્રીને આ 'ઉન્માદ' શબ્દનો સંબંધ 'પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ'માં આવતા ગાંડા થયેલા યૌગન્ધરાયણના દૃશ્ય સાથે હોય એમ લાગે છે ડો. હીરાનન્દ શાસ્ત્રીને 'ઉન્માદ' શબ્દનું 'સ્વપ્ન' શબ્દ સાથે સાદૃશ્ય છે એમ જણાય છે. આથી શક્તિભદ્રે જ 'પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ' કે–'સ્વપ્નવાસવદત્તમ્' નાટકની રચના કરી હશે એમ માની શકાય.

પરંતુ ડો. પુશાલકર જણાવે છે કે કોઈ એક જ હસ્તપ્રતમાંથી 'આશ્ચર્યચૂડામણિ'ની સાથે અભિષેક' અને 'પ્રતિમા' નાટક મળી આવતાં તે એના સમાન કર્તૃત્વને કારણે નથી; પણ કોઈ રસિક વ્યક્તિએ જુદા જુદા નાટ્યકારોએ રચેલાં રામવિષયક નાટકોને એકત્ર કરવાના આશયથી પણ એક જ હસ્તપ્રતમાં તેમનું સંકલન કર્યું હોય એમ બની શકે તથા આશ્ચર્યચૂડામણિ અને ત્રિવેન્દ્રમ નાટકો વચ્ચેનું ગૂંથણી અને ભાષાશૈલીનું થોડું સામ્ય આગળ ધરનારા વિદ્વાનો એ નાટકો વચ્ચેના મોટા વૈષમ્યને ધ્યાનમાં લેતા નથી ! ડો. પુશાલકર કહે છે કે, 'આશ્ચર્યચૂડામણિ'ના નાન્દી શ્લોક, પ્રસ્તાવના અને 'ભરતવાક્ય' કરતાં ત્રિવેન્દ્રમ નાટકોનાં મંગલશ્લોક, સ્થાપના અને ભરતવાક્ય જુદાં જ છે. વળી આશ્ચર્યચૂડામણિમાં તો તેના કર્તા અને કૃતિનું નામ લખેલું છે; જ્યારે ત્રિવેન્દ્રમ્ નાટકોમાં આ બન્ને વિષે મૌન છે. પ્રો. પરાંજપેને પણ 'ત્રિવેન્દ્રમ્ નાટકો'ની ભાષા, અભિવ્યક્તિ, વિચારો, શબ્દસમૂહો, પાત્રાલેખન અને વસ્તુગુંથણી શક્તિભદ્રના આશ્ચર્યચૂડામણિ કરતાં તદ્દન જુદાં જ લાગે છે. આપણા ગુજરાતના સંસ્કૃતના એક મૂર્ધન્ય વિદ્વાન શ્રી કે. હ. ધ્રુવ પણ ત્રિવેન્દ્રમ નાટકો શક્તિભદ્રે રચ્યાં હશે' એ મંતવ્યનો વિરોધ કરવા નવી દલીલ આગળ ધરે છે : 'આશ્ચર્યચૂડામણિ'ની પ્રસ્તાવનામાં જ સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે—શક્તિભદ્રના સમય (ઇ. સ.ની ૧૦મી સદી) પહેલાં કેરળ પ્રાંતમાં એકેય સંસ્કૃત નાટક નહોતું. જ્યારે ઇ. સ.ની ૭મી સદીમાં થયેલા બાણભટ્ટે પોતાના 'હર્ષચરિત'માં નાટ્યકાર તરીકે ભાસનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે. (જુઓ : પાદટીપ–૧). આથી ૭મી સદી પૂર્વેથી જ યશસ્વી થયેલાં આ ત્રિવેન્દ્રમ નાટકો ૧૦મી સદીના શક્તિભદ્રે તો ન જ રચ્યાં હોય. (સંભવ છે કે શક્તિભદ્રે ભાસનું ઘણે અંશે અનુકરણ કર્યું હોય.)

(૨) કેટલાક વિદ્વાનોએ એવો મત ઉચ્ચાર્યો છે કે 'ત્રિવેન્દ્રમ નાટકો'માંનાં કેટલાંક નાટકોની રચના ભાસે નહીં, પણ ('મૃચ્છકટિક'ના પ્રસિદ્ધ કર્તા) શૂદ્રકે કરી

હશે. 'ચતુર્ભાણી'ના[૪] સંપાદક શ્રી વા.શ. અગ્રવાલ પણ એવો મત ધરાવે છે કે મૃચ્છકટિક, બાલચરિત, અવિમારક, વત્સરાજચરિત[૫] અને પદ્મપ્રાભૃતકભાણ એટલાં રૂપકોનો કર્તા શૂદ્રક છે. શ્રી કે. જી. શંકર નામના વિદ્વાન શૂદ્રક અને ભાસને અભિન્ન વ્યક્તિ ગણીને તેમનો સમય ઇ.સ. ૪૭૫–૫૦૦ નક્કી કરવા યત્ન કરે છે તથા સ્વપ્નવાસવદત્તા, પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ, અભિષેક, પંચરાત્ર, દૂતવાક્ય, બાલચરિત, અવિમારક, પદ્મપ્રાભૃતક અને મૃચ્છકટિક—એટલાં નાટકોનાં કર્તા તરીકે શૂદ્રકનું નામ જાહેર કરે છે. એ. આ. સરસ્વતી અને રામકૃષ્ણ કવિ જેવા અનેક વિદ્વાનોએ એમ પણ માન્યું છે કે શૂદ્રકે રચેલા 'મૃચ્છકટિક'નો જ સંક્ષેપ કરીને રંગભૂમિ ઉપર ભજવવા માટે જે રંગ–આવૃત્તિ તૈયાર કરવામાં આવી હશે, તે જ આ ત્રિવેન્દ્રમ નાટકોમાંનું 'ચારુદત્ત' છે.

પરંતુ ડૉ. પુશાલકર કહે છે કે શૂદ્રકના સમય કરતાં ઘણાં વહેલાં 'ત્રિવેન્દ્રમ નાટકો' રચાયાં હશે એમ (આ નાટકોમાં ભાષાની દૃષ્ટિએ થયેલા અપાણિનીય પ્રયોગો અને નાટ્યશાસ્ત્રના નિયમોનો ભંગ કરતાં દૃશ્યોની યોજના વગેરે જોતાં) જણાય છે. વળી 'શૂદ્રકના મૃચ્છકટિકનું સંક્ષિપ્ત રૂપ તે જ 'ચારુદત્ત' એવા મન્તવ્યથી તદ્દન વિરુદ્ધનો મત ડૉ. પુશાલકરનો છે કે 'ચારુદત્ત' રૂપકને જોઈને, પાછળથી શૂદ્રકે તેનું વિસ્તૃતીકરણ કરીને 'મૃચ્છકટિક'ની રચના કરી છે![૬] આથી 'કેટલાંક ત્રિવેન્દ્રમ નાટકોના કર્તા શૂદ્રક છે' એવો પણ વિપક્ષીઓનો મત સ્વીકારી શકાય એમ નથી.

(૩) ત્રિવેન્દ્રમ નાટકો ઉપર કેરળ પ્રાન્તનો અને તેની નાટ્ય પરંપરાનો પ્રભાવ છે એવો પણ એક મત પ્રચલિત થયો હતો. ડૉ. કે. રાજાએ 'ચારુદત્ત' રૂપકમાંથી ઉટ્ટિ જેવા ત્રણેક શબ્દો (અને બીજાં કેટલાંક પ્રાકૃત વાક્યો)ને આગળ ધરીને, આ 'ત્રિવેન્દ્રમ નાટકો'નું ઉદ્ગમ સ્થાન કેરળ છે એમ કહ્યું છે. પ્રોફે. કપ્પુસ્વામી શાસ્ત્રી, પ્રોફે. કે. રામ પિશારોટી વગેરે વિદ્વાનોએ પણ આ દિશામાં કેટલાંક કહેવાતાં પ્રમાણો આગળ ધર્યાં છે. જેમ કે ત્રિવેન્દ્રમ નાટકોમાં લગ્ન માટે 'સંબંધ' શબ્દનો પ્રયોગ જોવા મળે છે તે શબ્દ કેરળ પ્રાન્તમાં પણ પ્રચલિત છે. કેરળના

૪. ચતુર્ભાણી = ચાર ભાણોનો સંગ્રહ જેમાં પ્રકાશિત થયો છે તેવો ગ્રન્થ. આ ચતુર્ભાણીમાં ૧. શૂદ્રક વિરચિત 'પદ્મપ્રાભૃતક; ૨. ઈશ્વરદત્ત રચિત 'ધૂર્ત વિટસંવાદ' ૩. વરરુચિકૃત 'ઉભયાભિસારિકા અને ૪. શ્યામિલકનું 'પાદતાડિતક'–નો સમાવેશમ્ થાય છે.

૫. 'વત્સરાજચરિત' એ 'પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ'નું જ બીજું એક નામ છે.

૬. આ મુદ્દાની વિગતે ચર્ચા આગળ ઉપર 'મૃચ્છકટિક અને ચારુદત્તનો સંબંધ' એવા શીર્ષક હેઠળ કરવામાં આવી છે.

રાજાઓ શૂદ્ર કન્યાને પરણતા હતા તે મુજબ આ નાટકોમાં ક્યાંક મહારાણી અન્ત્યજ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવે છે; કેરળની જેમ આ નાટકોમાં પણ વૃદ્ધવ્યક્તિ માટે માતુલ શબ્દ વપરાયો છે; પ્રતિમા નાટકમાં–૧. સીતા રાજ્યાભિષેક વખતે હાજર નથી હોતી. ૨. પ્રતિમાગૃહનો સંદર્ભ તથા ૪. મૃતરાજાઓની પ્રતિમાપૂજા વગેરેમાં—કેરળની પ્રાન્તીય અસરો ઝીલાઈ છે. જેમ કે તિરુવન્ચીકુલમના એક શિવ મન્દિરમાં ચેર રાજાની મૂર્તિ આજે પણ જોવા મળે છે. આથી આ ત્રિવેન્દ્રમ નાટકો' કેરળના કોઈક કવિની રચના હશે; (ભાસની નહીં) આ વિચારને આગળ વધારીને એમ પણ કહેવાયું છે કે કાલિદાસના રઘુવંશ મહાકાવ્યને જોયા પછી કોઈક કેરળ કવિએ 'પ્રતિમા' નાટકની રચના કરી હશે; શૂદ્રકના મૃચ્છકટિકને જોઈને, પાછળથી કોઈકે 'ચારુદત્ત'ની રચના કરી હશે; તથા દણ્ડીના સમય પછી 'અવિમારક'ની રચના થઈ હશે.

પરંતુ આ સઘળા વિચારો અને કહેવાતાં પ્રમાણોનું ખંડન પણ કરવામાં આવ્યું છે. જેમ કે ઉત્તિ જેવા શબ્દો મૂળ કેરળના નથી, પણ તે સંસ્કૃતમાંથી ઊતરી આવ્યા છે એમ ડૉ. થોમસ અને હરિહર શાસ્ત્રી કહે છે. લગ્ન માટેનો 'સંબંધ' શબ્દ માત્ર કેરળમાં જ વપરાય છે એવું નથી. એ જ પ્રમાણે શૂદ્ર કન્યાને રાજાનું પરણવું કે વૃદ્ધ માટે 'માતુલ' શબ્દનો પ્રયોગ કે પ્રતિમાગૃહની રચના વગેરે પણ કેરળ પ્રાન્તની જ માત્ર વિશેષતા છે એમ કહી શકાય એવું નથી. પ્રતિમા નાટકમાં રામના રાજ્યાભિષેકમાં સીતાની ગેરહાજરી એ કેરળની કોઈ વિશેષતા નથી, પણ તેનાં એકથી વધારે કારણો છે. જેમ કે, તે નાટકમાં કવિને વલ્કલ પ્રસંગની ગોઠવણી કરવી છે; મૂળ રામાયણમાં પણ સીતાની ગેરહાજરી જ છે, તથા આ તો રામનો યુવરાજ તરીકેનો અભિષેક હતો. તેથી પણ સીતાની હાજરી જરૂરી નહોતી. મૃતરાજાઓની મૂર્તિ મૂકવા પ્રતિમાગૃહોની રચના રાજપૂતાનામાં પણ થતી હતી. તથા કાલિદાસે રઘુઓની વંશાવળી જે 'વિષ્ણુપુરાણ' માંથી પ્રેરણા લઈને રજૂ કરી છે, તેમાંથી જ 'પ્રતિમા'ના કર્તાએ પણ પ્રેરણા મેળવી હોય એમ પણ બની શકે. વળી, આપણે આગળ ઉપર એ જોવાના જ છીએ કે, વાસ્તવમાં તો 'ચારુદત્ત'ને જોઈને શૂદ્રકે પ્રેરણા મેળવી હશે/છે. એ જ પ્રમાણે દણ્ડીની 'અવન્તી સુંદરી કથા'ની પૂર્વે જ 'અવિમારક'ની કથા પ્રચલિત ન હોવા વિષે કશું પ્રમાણ નથી. આ રીતે 'ત્રિવેન્દ્રમ નાટકો' એ કેરળના કોઈક કવિઓની રચના હશે એમ કહેવું મિથ્યા પુરવાર થાય છે.

(૪) પ્રોફે. કે. રામ પિશારોટીએ 'ત્રિવેન્દ્રમ નાટકો' ઉપર કેરળના પ્રભાવનો મુદ્દો બીજા એક દૃષ્ટિકોણથી પણ ચકાસ્યો છે. કેરળ રંગભૂમિ ઉપર ભજવાતાં નાટકોનો અભ્યાસ કરીને તેમણે જણાવ્યું છે કે કેરળના ચાકચાર જાતિના લોકો સંસ્કૃત નાટકો ભજવે છે. (ચાકચારો દ્વારા) ભજવાતાં આ નાટકોની શૈલીને

'કુટિયાટ્ટમ્' કહે છે. આ ચાકચારોએ પોતાની જાતને ૭૨ વિવધ નાટકો (જેમાં કેટલાંક પ્રહસનો અને એકાંકીઓનો પણ સમાવેશ થાય છે.) ભજવવા માટે તૈયાર કરી છે. સંભવ છે કે આ ચાકચાર લોકોએ જ 'ત્રિવેન્દ્રમ નાટકો'ની રચના કરી હશે.

અથવા; ચાકચારોએ પ્રસિદ્ધ સંસ્કૃત નાટકોની મૂળ કૃતિમાં જરૂરી કાપકૂપ કરીને ભજવવા માટે સંક્ષિપ્ત રંગાવૃત્તિઓ તૈયાર કરી હતી. તે મુજબ આજે મળતાં 'ત્રિવેન્દ્રમ નાટકો' પણ મૂળ સ્વપ્નવાસવદત્તાદિ નાટકોમાંથી કાપકૂપ કરીને તૈયાર કરેલી 'સંક્ષિપ્ત રંગાવૃત્તિ' જ છે. (અર્થાત્ ભાસનાં સ્વપ્નવાસવદત્તા વગેરે નાટકો સંપૂર્ણ સ્વરૂપે મળવાનાં હજી બાકી છે)

પરંતુ આ અભિપ્રાયનો પણ અસ્વીકાર થયો છે. કારણ કે–૧. કેરળના આ ચાકચારોની વિકસિત રંગભૂમિનો સમય આઠમા સૈકાથી જૂનો નથી. જ્યારે 'ત્રિવેન્દ્રમ સંસ્કૃત સીરીઝ'માં પ્રકાશિત થયેલાં 'સ્વપ્નવાસવદત્તા' વગેરે નાટકો તો આઠમા સૈકાની પૂર્વે (=બાણ અને કાલિદાસની પણ પૂર્વે) જ સુપ્રસિદ્ધ થયેલાં જણાય છે. ૨. આ 'ત્રિવેન્દ્રમ નાટકો' જો કેરળનાં કોઈ નાટ્યકારની કે ચાકચારોની રચના હોત તો સંસ્કૃત આલંકારિકોએ તે ચાકચારોના નામે શ્લોકોનાં ઉદ્ધરણો આપ્યાં હોત. ૩. વળી ચાકચારોમાં સંસ્કૃત નાટકો લખવા જેટલી કવિત્વ શક્તિ પણ નહોતી. પ્રોફે. ઓટો સ્ટેઈન તો આગળ વધીને એમ પણ કહે છે કે, તે ચાકચોરોમાં મૂળ સસ્કૃત નાટ્યકૃતિમાં અભિનયક્ષમતાની દૃષ્ટિએ જરૂરી કાપકૂપ કરીને કોઈ નાટ્યકૃતિની રંગાવૃતિ તૈયાર કરવાની શક્તિ હતી કે કેમ તે પણ શંકાસ્પદ છે ! ૪. આ સંદર્ભમાં ડૉ. પુશાલકર ઉમેરે છે કે–ભાસનાં નાટકો દક્ષિણ ભારતમાં ઘણા પ્રાચીન સમયથી જ એમની લાઘવપૂર્ણ અને વેધક અભિનય ક્ષમતાને કારણે પ્રચલિત હશે. આનાથી કેરળનાં નાટ્યકારો અને નટમંડળીઓ પ્રભાવિત થયાં હશે. તેમણે ભાસનાં નાટકોમાં જોવા મળતી અભિનયલક્ષી અને લાઘવની યુક્તિઓનું સીધું જ અનુકરણ શરૂ કર્યું હશે. પછી ચાકચારોએ ભાસનાં નાટકો ભજવતી વખતે પણ તેની 'સ્થાપના'માંથી કવિના નામ અને કૃતિના નામના નિર્દેશવાળી 'પ્રરોચના' દૂર કરી હશે. જેથી કાલક્રમે પ્રજાજનો એ ભૂલી ગયા હશે કે આ નાટકોના કર્તા 'ભાસ' છે. (અને પરિણામે તે નાટકો ચાકચારોની જ કૃતિઓ છે એવું મનાતું થયું હશે.)

ડૉ. વિન્ટરનિત્ઝ જેવા ખ્યાતનામ વિદ્વાને પણ એક તબક્કે કહ્યું છે કે 'તેરેય ત્રિવેન્દ્રમ નાટકો'માં મૌલિકતાની સ્પષ્ટ છાપ છે જ. વળી 'સ્વપ્નવાસવદત્તા' કે 'અવિમારક' જેવાં નાટકોને (ચાકચારોએ કરેલું) રંગાવૃત્તિ રૂપ) સંપાદન કે સંકલન કહેવું તે તદ્દન અસંગત છે. તથા 'મેકબેથ' કે 'જુલિયસ સીઝર' જેવાં નાટકોની કોઈએ તૈયાર કરેલી રંગાવૃત્તિ આપણી સામે રજૂ કરવામાં આવે તો પણ તે કાંઈ શેક્સપિયરની રચના મટી જતી નથી !

ડૉ. પુશાલકર ઉમેરે છે કે ચાકચાર જાતિનાં નટો જે નાટકની રંગાવૃત્તિ તૈયાર કરે છે તે આખા નાટકની નથી હોતી પણ તેના અમુક પસંદગી કરેલા એક—બે અંકની જ રંગાવૃત્તિ હોય છે અને તેવા અંકોના નામ પણ તેઓ બદલી કાઢે છે. આ દૃષ્ટિએ જોઈએ તો 'ત્રિવેન્દ્રમ નાટકો'ને આખે આખાં રંગાવૃત્તિ રૂપ ગણી લેવાં તે ઉચિત નથી. બીજા શબ્દોમાં કહીએ તો આ 'ત્રિવેન્દ્રમ નાટકો'ના અમુક અંકોને રંગાવૃત્તિ ગણાવી અને બાકીના અંશોને મૂળ કર્તાની કૃતિ કહેવી તે પણ ઉચિત નથી.

(૫) ડૉ. બાર્નેટ જેવા વિદ્વાનો એમ કહે છે કે આ 'ત્રિવેન્દ્રમ નાટકો' ભાસની રચના નથી પણ દક્ષિણ ભારતના પાંડ્ય રાજાઓના દરબારી કવિઓએ રચ્યાં હશે. પ્રોફે. એ. આર. સરસ્વતી આ નાટકોને પલ્લવ રાજાઓના દરબારી કવિઓની રચના માને છે. આના સમર્થનમાં તેઓ મલયાલમ પંડિતોની એક લાંબી પરંપરાને આગળ ધરે છે. (આનાથી વિશેષ સમર્થક બીજો કોઈ પુરાવો તેમની પાસે નથી.) પરંતુ ટી. ગણપતિશાસ્ત્રી અને હરિહરશાસ્ત્રી વગેરે આ પરંપરાની પ્રામાણિકતા વિશે શંકા વ્યક્ત કરે છે.

(૬) મહાભારતની કથા ઉપર આધારિત ઊરુભંગ, કર્ણભાર, દૂતવાક્ય, દૂતઘટોત્કચ અને મધ્યમવ્યાયોગ જેવાં એકાંકીઓને જોઈને કેટલાક વિદ્વાનોને એમ લાગ્યું છે કે ભાસે કોઈ એક મહાનાટકમાં મહાભારતનું નાટ્ય-રૂપાંતર (Mahābhārata Saga) કર્યું હશે, જેમાંથી છૂટા પડેલા જુદાં જુદાં અંકો તે આ ઊરુભંગ, દૂતવાક્ય વગેરે એકાંકીઓ છે. આની ચર્ચા (Analecta, Sukthankar Memorial Edition, 1945 અને Bhāsa Studies by G. K. Bhatના ગ્રંથોમાં કરવામાં આવી છે. (જુઓ : દૂતવાક્ય, સંપાદક. વસન્ત ભટ્ટની પ્રસ્તાવના)

'ત્રિવેન્દ્રમ નાટકો' કોઈ એક જ કવિની કે અનેક કવિઓની કૃતિઓ છે ?

વિદ્વાનોનો એક સમૂહ એવો પણ છે કે જે 'ત્રિવેન્દ્રમ સંસ્કૃત સીરીઝ' હેઠળ પ્રકાશિત થયેલાં સ્વપ્નવાસવદત્તમ્ વગેરે તેરેય નાટકોનો કર્તા કોઈ એક જ કવિ હશે એમ માને છે.[૭] પણ કેટલાક વિદ્વાનો એવા ય છે કે જેઓ આ તેર ત્રિવેન્દ્રમ નાટકોમાંના અમુકનો જ કર્તા કોઈ એક કવિ (અને તે પણ ભાસ) હશે, અને બીજાં નાટકોના કર્તાઓ કોઈક જુદા જુદા કવિઓ હશે એમ ધારે છે. જેમ કે—

૧. ટી. ગણપતિશાસ્ત્રી આ તેરેય ત્રિવેન્દ્રમ નાટકોના કર્તા કોઈ એક જ કવિ (અને તે પણ ભાસ જ) છે એમ માને છે. તેમના મતની જોડે સહમત થનારા વિદ્વાનો છે : ડૉ. કીથ, થોમસ, સરૂપ લક્ષ્મણ, બેનરજી, પરાંજપે અને દેવધર.

૭. આના સમર્થક પુરાવાઓનો અભ્યાસ હવે પછી રજૂ કરવામાં આવશે.

૨. પ્રોફે. જાહગીરદાર માને છે કે સ્વપ્નવાસવદત્તા, પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ અને પંચરાત્ર ભાસની રચનાઓ છે અને બાકીની કૃતિઓને બે ભાગમાં વહેંચીને તેમને જુદા જુદા સમયની, ભિન્ન કવિની, રચનાઓ કહે છે.

૩. ડૉ. વિન્ટરનિત્ઝ (તેમનાં શરૂઆતનાં લખાણોમાં) અને ડૉ. સુકથંકર જાહેર કરે છે કે માત્ર 'સ્વપ્નવાસવદત્તમ્' અને 'પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ' જ ભાસની કૃતિઓ છે. આ સિવાયની બાકીની અગિયાર કૃતિઓનું કર્તૃત્વ (આજ સુધી જે પુરાવાઓ ઉપલબ્ધ થયા છે તેને આધારે એમ લાગે છે કે) નિશ્ચિત નથી,

૪. ડૉ. વેલર સ્વપ્ન૦ અને પ્રતિજ્ઞાયૌ૦ને ભાસની જ કૃતિ માને છે. પણ ચારુદત્ત, બાલચરિત અને અવિમારકને 'કોઈ એક જ કવિની કૃતિઓ હોઈ શકે' એમ માને છે.

૫. ગુજરાતના પ્રોફે. કે. હ. ધ્રુવ પણ આ તેરેય નાટકોના કર્તા તરીકે ભાસને સ્વીકારે છે. તથા અભિષેક, કર્ણભાર, ઊરુભંગ અને દૂતઘટોત્કચ—બીજા કોઈની કૃતિ હોય એમ સ્વીકારતા નથી.

૬. પ્રોફે. બાર્નેટ, પીશારોટી, વૂલ્નર, જોહન્સ્ટન જેવા વિદ્વાનો અનેક કર્તૃત્વ માને છે. પ્રોફે. સ્ટેન કોનો 'પ્રતિમાનાટક' ભાસનું રચેલું માનતા નથી. એમના મતે 'અવિમારક' નાટક પણ ભાસના કર્તૃત્વ વિષે શંકા ઉત્પન્ન કરે છે. 'ચારુદત્ત'ના કર્તૃત્વ વિષે પણ તેઓ ચર્ચા કરે છે.

ત્રિવેન્દ્રમ નાટકોનું સમાનકર્તૃત્વ :

તેરેય ત્રિવેન્દ્રમ નાટકોનો ઝીણવટભર્યો આંતરિક અભ્યાસ કરીને ટી. ગણપતિશાસ્ત્રી, ડૉ. પુશાલકર વગેરે વિદ્વાનોએ આ નાટકો કોઈ એક જ—સમાન—કર્તાની કૃતિઓ છે એમ સિદ્ધ કર્યું છે. આ અભ્યાસનાં પાસાંઓ નીચે મુજબ છે :

(ક) નાટકોની સંરચનામાં દેખાતી એકરૂપતા :

૧. બધાં જ નાટકો નान्द्यन्ते ततः प्रविशति सूत्रधार । એવી નોંધ સાથે શરૂ થાય છે.

૨. ચારુદત્ત સિવાયનાં નાટકોમાં સૂત્રધાર માત્ર એક (જ) મંગલ શ્લોક ઉચ્ચારે છે. નાટકમાં આવનારાં પાત્રોનાં નામો જેમાં વાણી લેવામાં આવ્યાં હોય તેવા 'મુદ્રાલંકાર'વાળા મંગલશ્લોકો સ્વપ્નવાસવદત્તમ્, પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ, પંચરાત્ર અને પ્રતિમામાં જોવા મળે છે.

૩. કર્ણભાર સિવાયનાં નાટકોમાં 'પ્રસ્તાવના'ને બદલે 'સ્થાપના' એવો શબ્દ વપરાયો છે.

૪. ચારુદત્ત સિવાયનાં નાટકોની સ્થાપના ખૂબ ટૂંકી હોય છે અને જેમાં કવિનું કે કૃતિનું નામ દર્શાવવામાં આવ્યું નથી. કૃતિને અંતે કેવળ કૃતિનું નામ આપેલું છે.

૫. પ્રતિજ્ઞાયૌ૦, ચારુદત્ત, અવિમારક અને પ્રતિમા સિવાયનાં નાટકોની સ્થાપનામાં નીચે મુજબનું વાક્ય મળે છે : एवमार्यमिश्रान् विज्ञापयामि । अये किन्नु खलु मयि विज्ञापनव्यग्रे शब्द इव श्रूयते । अंग पश्यामि ॥

૬. ચારુદત્ત અને દૂતઘટોત્કચમાં રૂપકને અંતે ભરતવાક્ય આપેલું નથી પણ તે સિવાયનાં નાટકોમાં થોડાક શબ્દફેર સાથે નીચે મુજબનું જ ભરતવાક્ય જોવા મળે છે :

इमां सागरपर्यन्तां हिमवद्विन्ध्यकुण्डलाम् ।
महीमेकातपत्रांकां राजसिंहः प्रशास्तु नः ॥

આ સઘળા મુદ્દાઓ જોતાં એવું માનવાનું મન થાય છે કે આ નાટકોના કર્તા કોઈ એક જ કવિ હશે.

(ખ) કેટલીક દૃશ્યાવલી અને અમુક નાટ્યપ્રયુક્તિઓની એકરૂપતા :

૧. 'નાટ્યશાસ્ત્ર'ની સૂચનાઓનું ઉલ્લંઘન કરતા અમુક દૃશ્યો આ નાટકોમાં જોવા મળે છે. જેમ કે (૧) પ્રતિમા નાટકમાં દશરથનું અને અભિષેકમાં વાલીનું મૃત્યુ રંગભૂમિ ઉપર બતાવવામાં આવ્યું છે. (૨) બાલચરિતમાં ચાણૂર, મુષ્ટિક અને કંસનો વધ રંગભૂમિ ઉપર થાય છે. (૩) બાલચરિતમાં કૃષ્ણના હાથે અરિષ્ટનો વધ રંગભૂમિ ઉપર જ થાય છે. (૪) સ્વપ્નવાસવદત્તમમાં રંગભૂમિ ઉપર જ ક્રીડા અને નિદ્રાનાં દૃશ્યો બતાવાયાં છે. (૫) પંચરાત્રમાં દૂરથી બૂમો પાડીને બીજા પાત્રને બોલાવવું. (૬) સ્થાપનામાં કવિ અને કૃતિનું નામ હોવું જોઈએ તે અહીં નથી. (૭) નાટ્યશાસ્ત્ર મુજબ આર્યપુત્ર શબ્દનો પ્રયોગ પતિને બોલાવવા થવો જોઈએ પણ આ નાટકોમાં સેવકવર્ગનાં પાત્રો પોતાના સ્વામીને બોલાવવા આ શબ્દ વાપરે છે.

૨. કાર્યવેગને ઝડપથી આગળ વધારવા માટે નિષ્ક્રમ્ય–પ્રવિશ્યની નાટ્ય-પ્રયુક્તિ આ નાટકોમાં વારંવાર વપરાઈ છે. એક પાત્રને કોઈક કામે

દૂર બોલાય છે એવો કથાસંદર્ભ હોય ત્યાં સમયનો અંતરાય પ્રેક્ષકોની કલ્પના ઉપર છોડી દઈને તે પાત્ર રંગભૂમિ ઉપરથી જાય અને તરત પાછું ફરે – એમ ગોઠવણી કરવા આ નિષ્ક્રમ્ય અને પ્રવિશ્ય શબ્દો વપરાય છે.

૩. 'આકાશભાષિત'વાળી ઉક્તિઓ પણ ઘણીવાર વપરાઈ છે. એક જ પાત્ર રંગભૂમિ ઉપર આવીને આકાશ સામે જોઈને બીજા પાત્ર સાથે વાતચીત કરતું હોય એમ બતાવાય તેને 'આકાશભાષિત' કહે છે. આવી ઉક્તિઓ દૂતવાક્ય, અવિમારક, અભિષેક, ચારુદત્ત અને પ્રતિજ્ઞાયૌગન્ધરાયણમાં જોવા મળે છે.

૪. આ નાટકોનો કવિ બ્રાહ્મણો, સૈનિકો કે વિદ્યાધરો પાસે દ્વન્દ્વ યુદ્ધો કે રણભૂમિનાં દૃશ્યોનું વર્ણન કરાવે છે.

૫. ઉચ્ચ કોટિનાં પાત્રોનો (જેમ કે રાજકુંવરી કે મંત્રી) રંગભૂમિ ઉપર પ્રવેશ કરાવતાં પહેલાં उस्सरह । उस्सरह । अय्या । उस्सरह । જેવી ઉદ્ઘોષણા આવે છે. દા. ત. સ્વપ્નવાસવદત્ત, પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ, પ્રતિમા અને ઊરુભંગમાં.

૬. કંચુકી કે પ્રતીહારીને બોલાવવા માટે બધાં નાટકોમાં એકસરખું જ વાક્ય બોલાય છે: क इह भोः । कांचनतोरण (અથવા रत्नतोरण) द्वारम् अशून्यं कुरुते ॥ એ જ પ્રમાણે કોઈને કંઈ જણાવવાનું હોય ત્યારે – निवेद्यतां निवेद्यतां महाराजाय...। જેવું વાક્ય બોલાય છે.

૭. કોઈને કંઈ કહેવાની ઇચ્છા છે એમ બીજું પાત્ર જાણી લે છે અને પછી કહે છે કે–तुवं किं वि वत्तुकामा विअ । (प्रतिमा); प्रतिवचना र्थिनीमिव त्वां पश्यामि । (प्रतिमा); ननु किंचिद्वक्तुकामासि । (अविमारक); सुग्रीव । वक्तुकाममिव त्वां लक्षये । (अभिषेक); वक्तुकाम-मिव त्वां लक्षये (प्रतिज्ञायौ०) વગેરે.

આ તેરેય નાટકોમાં જોવા મળતી આવી એકસમાન દૃશ્યાવલીઓ અને નાટ્યપ્રયુક્તિઓની એકરૂપતા આકસ્મિક ન હોઈ શકે. આથી માનવું રહ્યું કે તેમનો કર્તા કોઈ એક જ વ્યક્તિ હોય તો જ આવી એકરૂપતા આવે.

(ગ) બીજા અનેક પ્રકારનું સામ્ય : ડૉ. એ. ડી. પુશાલકરે આ સંદર્ભમાં એ પણ જણાવ્યું છે કે—

૧. આ નાટકોમાં અમુક વિચારોનું સામ્ય વારંવાર જોવા મળે છે. જેમ કે ઘણા યોદ્ધાઓ પોતાના હાથને જ 'સહ-જ આયુધ' માને છે.

દા. ત. (૧) બાહૂ મમેતૌ પ્રહરણં (બાલચરિત) બાહુરાયુધં સદ્દશં મમ૦ (મધ્યમવ્યાયોગ) સહજૌ મેં પ્રહરણં ભુજૌ (પઞ્ચરાત્ર); ક્વમપિ ચ ભુજાયુધ-પ્રધાનાઃ (અવિમારક) વગેરે. (૨) નારદ પોતાને અનેક જગ્યાએ તંત્રીવાદક અને કલહપ્રિય તરીકે ઓળખાવે છે : તન્ત્રીષુ ચ સ્વરગણાન્કલહાંશ્ચ લોકે (અવિમારક); તન્ત્રીશ્ચ વૈરાણિ ચ ઘટ્ટયામિ । (બાલચરિત); (૩) ઊરુભંગ અને દૂતઘટોત્કચમાં 'દેવોએ ધૃતરાષ્ટ્રને એટલા માટે અંધ બનાવ્યો છે કે તે કયાંક સ્વર્ગને ભયમાં ના મૂકે" એવો સમાન વિચાર વ્યક્ત થયો છે. (૪) જળસિંચેલાં વૃક્ષોનું દર્શન એ કોઈક નગર નજીકમાં જ હોવાની નિશાની છે એમ પ્રતિમા અને અભિષેકમાં દર્શાવ્યું છે : સોપસ્નેહતયા વૃક્ષાણામભિતઃ ખલ્વયોધ્યયા ભવિતવ્યમ્ । (પ્રતિમા); સોપસ્નેહતયા વનાન્તરસ્યાભિતઃ ખલુ કિષ્કિન્ધયા ભવિતવ્યમ્ । (અભિષેક) (૫) 'શરીર નષ્ટ થવા છતાંય માણસ ગુણોથી જીવતો રહે છે' એવો વિચાર નષ્ટાઃ શરીરૈઃ ક્રતુભિર્ઘરન્તે । (પંચરાત્ર) અને હતેષુ દેહેષુ ગુણા ચરન્તે । (કર્ણભાર) રજૂ થયેલો જોવા મળે છે. (૬) સાહસ–પરાક્રમ–કરવાથી જ લક્ષ્મી મળે છે એમ કહેતાં વાકયો આ પ્રમાણે મળે છે : સાહસે ખલુ શ્રીર્વસતિ । (ચારુદત્ત); પ્રાયેણ હિ નરેન્દ્રશ્રીઃ સોત્સાહૈરેવ ભુજ્યતે । (સ્વપ્ન૦); શ્રીર્ન સન્તોષમિચ્છતિ (પઞ્ચરાત્ર); રાજ્યં નામ નૃપાત્મજૈઃ સહૃદયૈર્જિત્વા રિપૂન્ ભુજ્યતે । (દૂતવાક્ય) વગેરે.

આમ એકસરખા વિચારો – થોડાક શબ્દાન્તરે અનેક નાટકોમાં પુનરુક્ત થતા જોવા મળે છે એમ ધ્યાન ઉપર આવતાં 'આ તેરેય નાટકોનો કર્તા કોઈ એક જ કવિ હશે' એવો અભિપ્રાય દૃઢ થતાં વાર લાગતી નથી.

૨. આ 'ત્રિવેન્દ્રમ નાટકો'માં 'પતાકાસ્થાનકો'ની અનેક જગ્યાએ યોજનાઓ કરવામાં આવી છે. દા. ત. (૧) પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ નાટકમાં મહાસેન એની રાણીને પોતાની પુત્રી માટે કઈ વ્યક્તિ પતિ તરીકે પસંદ કરવી યોગ્ય ઠરશે ? એવો પ્રશ્ન પૂછે છે ત્યાં જ એક વ્યક્તિ આવીને બોલે છે કે 'વત્સરાજ'. ખરેખર આ વ્યક્તિ "વત્સરાજ પકડાયો છે" એમ ખુશખબર આપવા આવ્યો હોય છે. પરંતુ બીજા સંદર્ભમાં બોલાયેલું વાકય પ્રસ્તુત વાતમાં બંધબેસતું થઈ જાય છે અને એક ચમત્કૃતિ ઊભી કરે છે. આને પતાકાસ્થાનક કહે છે. (૨) અભિષેક નાટકમાં રાવણ સીતાને પૂછી રહ્યો છે કે ઈન્દ્રજિત દ્વારા રામ અને લક્ષ્મણ બંને હણાઈ ચૂકયા છે એ સ્થિતિમાં

તને કોણ છોડાવશે ? ત્યાં જ એક રાક્ષસ આવીને બોલે છે : 'રામ'. તે રાક્ષસ ખરેખર 'રામ દ્વારા ઈન્દ્રજિત હણાયો છે'. તેવી ખબર લાવ્યો હોય છે. (૩) રાજકુંવરીના લગ્ન અંગે વિલાસિની નલિનિકાને પૂછી રહી છે : 'કયારે લગ્ન લેવાશે ?' ત્યાં જ પડદા પાછળથી કોઈક બોલે છે. "આજે." ખરેખર પડદા પાછળથી બોલનાર વ્યક્તિને એમ જણાવવું હતું કે 'આજે મંત્રી અનુપસ્થિત છે.' (૪) મધ્યમવ્યાયોગમાં ઘટોત્કચ બ્રાહ્મણપુત્ર 'મધ્યમ'ને ઘૂમો પાડીને બોલાવે છે તે સાંભળીને (પાંડવોમાં) 'મધ્યમ' એવો ભીમ આવી પહોંચે છે. (૫) દૂતઘટોત્કચમાં અભિમન્યુના વધના સમાચાર જાણીને દુઃશલા અજાણતાં જ બોલે છે કે જેણે અભિમન્યુને હણ્યો હશે તેણે પોતાની પત્નીનું પણ વૈધવ્ય નોંતર્યું છે. પાછળથી એને ખબર પડે છે કે અભિમન્યુને મારનાર એનો જ પતિ જયદ્રથ છે. આ સાંભળીને ધૃતરાષ્ટ્ર પણ બોલી ઊઠે છે : हन्त । जयद्रथो निहतः । —આમ પરિસ્થિતિગત કે ઉક્તિગત વક્રોક્તિઓ પણ આ નાટકોમાં વારંવાર જોવા મળે છે. આથી પણ આ 'નાટકોનું સમાન કર્તૃત્વ' ઊપસી આવે છે.

૩. પ્રોફે. સુકથંકર, પ્રોફે. દેવધર અને ડૉ. વિન્ટરનીત્ઝ જેવા અભ્યાસીઓએ અમુક ચોક્કસ અર્થમાં અમુક શબ્દોનો પ્રયોગ, અમુક શબ્દોની પુનરુક્તિ અને શ્લોકનાં અમુક ચરણોની એકરૂપતા પણ શોધી બતાવી છે. જેમ કે (૧) પડદો કે ચાદર એ અર્થમાં યવનિકા શબ્દ સ્વપ્ન૦, પ્રતિમા, ઊરુભંગ અને અવિમારકમાં વપરાયો છે. (૨) અભિમાની, ગર્વિષ્ઠ એવા અર્થમાં 'વિસ્મિત' શબ્દનો પ્રયોગ સ્વપ્ન૦, દૂતવાક્ય, પંચરાત્રમાં જોવા મળે છે. (૩) अहो हास्यमभिधानम् । આ વાક્ય પ્રતિજ્ઞાયૌગ૦ અને પંચરાત્રમાં મળે છે. अलमिदानी भवानतिमात्रं सन्तप्य । એ વાક્ય સ્વપ્નવાસ૦, અવિમારક અને ચારુદત્તમાં આવે છે, सङ्गचारिणोऽनर्था । તે પ્રતિજ્ઞાયૌગ૦ અને અવિમારકમાં જોવા મળે છે. श्रूयतां मम पराक्रमः ॥ આ વાક્ય અભિષેક, પ્રતિમા અને બાલચરિતમાં પુનરુક્ત થાય છે. (૪) શ્લોકોની દૃષ્ટિએ धर्मस्नेहान्तरे न्यस्ता० । પ્રતિજ્ઞાયૌગ૦ (૨.૭) અને અભિષેક (૬.૨૩) માં लिम्पतीव तमोऽङ्गानि० ॥ બાલચરિત (૧.૧૫) અને ચારુદત્ત (૧.૧૯)માં; सम्भ्रमोत्फुल्ललोचना० । દૂતવાક્ય (૭) અને ચારુદત્ત (૪.૩)માં; यदि तेऽस्ति धनुःश्लाघा० । પ્રતિમા૦ (૧.૨૦) અને અભિષેક (૩.૨૨) માં એકસરખાં પુનરુક્ત થયાં છે.

૪. આ ઉપરાંત પાત્રોનાં નામો, સામાજિક પરિસ્થિતિઓ–રીતરિવાજો આ નાટકોમાં લગભગ એકસરખાં જ જોવા મળે છે.

ઉપર નોંધેલા (ક) (ખ) અને (ગ) મુદ્દાઓ આ ત્રિવેન્દ્રમ નાટકોનું સમાન કર્તૃત્વ નિઃશંક રીતે પુરવાર કરી આપે છે.

હવે, જો આ તેર ત્રિવેન્દ્રમ નાટકો કોઈ એક જ કવિની રચનાઓ હોય તો તે કવિ કોણ હશે એવું અનુમાન કરવાનું અને તેના સમર્થનમાં પૂર્વોક્ત બે પુરાવાઓ (૧. અન્ય સંસ્કૃત ગ્રંથોમાં મળતા ભાસવિષયક ઉલ્લેખો, અને ૨. પ્રતિષ્ઠિત વિદ્વાનોને આ નાટકો વાંચ્યા પછી થયેલા અનુભવો) રજૂ કરવાના રહેશે.

'ત્રિવેન્દ્રમ નાટકો'નું ભાસકર્તૃત્વ :

ઈ. સ. ૧૯૧૨માં ટી. ગણપતિશાસ્ત્રીએ "ત્રિવેન્દ્રમ સંસ્કૃત સીરીઝ" માં ક્રમશઃ પ્રકાશિત કરેલાં 'સ્વપ્નવાસવદત્તમ્' વગેરે તેર નાટકો કોઈ એક જ કવિની રચના હશે એવો અભિપ્રાય બંધાવા પાછળ જે કારણો રહેલાં છે તેની ઉપર વિગતે ચર્ચા કરવામાં આવી છે. હવે એ વિચારણીય બને છે કે તે "એક કર્તા" કોણ હશે? આ તેર ત્રિવેન્દ્રમ નાટકોમાં તો ક્યાંય એના કર્તાનું નામ લખ્યું નથી. એથી આ કૃતિના કર્તા વિષે કાંઈ પણ જાણકારી મેળવવા માટેના આંતરિક/પ્રાથમિક પુરાવાઓનો તો સદંતર અભાવ છે એમ અગાઉ કહી ચૂક્યા છીએ. તેથી આ વિષયમાં કેટલાક બાહ્ય પુરાવાઓ અને વિદ્વાનોના અનુભવો/અભિપ્રાયો જોવા પડશે. જેમ કે—

૧–(ક) સૌથી પ્રથમ આ નાટકોના આદ્ય સંપાદક ટી. ગણપતિશાસ્ત્રીને આ નાટકો અસાધારણ કવિની કૃતિ લાગ્યાં છે. તેઓ કહે છે નાટકોનાં શૈલી અને કલ્પનામહત્ત્વ ઋષિઓની મહાન કૃતિઓમાં હોય છે તેવાં મને લાગ્યાં, મહાકવિઓની પ્રસિદ્ધ કૃતિઓમાં હોય છે તેનાથી ચડિયાતાં." આવો અભિપ્રાય બંધાયા પછી તેઓ આ નાટકોને કાલિદાસની પણ પૂર્વે પ્રસિદ્ધ થઈ ગયેલા મહાકવિ ભાસની રચેલી તે કૃતિઓ હશે એવું અનુમાન કરે તે સ્વાભાવિક છે.

(ખ) આપણા ગુજરાતના સાક્ષર અને સાહિત્યમર્મજ્ઞ શ્રી કેશવલાલ હ. ધ્રુવ આ નાટકોનો અભ્યાસ કર્યા પછી તેના કર્તા વિષે લખે છે કે તે 'બેશક નાટકકારોના મંડળમાં માર્ગ મુકાવે એવો હતો'. આ કવિ કોણ હશે? એના જવાબમાં તેઓ લખે છે કે 'જો કે સ્વપ્નવાસવદત્તામાં કોઈ પણ ઠેકાણે કર્તા તરીકે ભાસનું નામ છે નહિ, તથાપિ તે ભાસે જ રચ્યું છે એમ શંકા કે વિવાદના અવકાશ વગર સિદ્ધ થાય છે. એ નાટક ઉપરાંત બીજા બાર નાટકો ભાસના, નામથી પ્રસિદ્ધ થયાં છે. એમાં પણ કર્તાનું નામ છે નહિ; તેમ છતાંય જે ઉચ્ચ ભાવ અને આર્દ્ર હૃદયનું એમાં દર્શન થાય છે તે ઉપરથી અને સંક્ષિપ્ત પ્રસ્તાવના, સાદું સંવિધાન, પ્રસન્ન શૈલી, પંડિતાઈના ઓપ વગરની ભાષા,

આડંબર વિનાની ટૂંકી ઉક્તિ, સૂચન વગર એકાએક પાત્રપ્રવેશ, રાજભક્તિએ ઊભરાતાં આદિ અને અન્ત્ય મંગળ વગેરે વિશિષ્ટતા ઉપરથી સહેજે જણાઈ આવે છે, કે એ પણ સ્વપ્નવાસવદત્તાના કર્તાએ જ રચેલાં છે. (જુઓ : સ્વપ્નની સુંદરી, પ્રસ્તાવના પૃ. ૮-૯).

(ગ) ગુજરાતના બીજા એક મૂર્ધન્ય વિદ્વાન શ્રી રસિકલાલ છો. પરીખ પોતાના અનુભવનો નિષ્કર્ષ આપતાં લખે છે કે– "કાલિદાસનાં અને તેની પછીનાં નાટકોમાં દેખાતી શૃંગારની સાર્વભૌમતાનો–શૃંગારના જુલમનો–આ કૃતિઓમાં અભાવ દેખાય છે, આ નાટકની વિચારસૃષ્ટિની વિવિધતા, નૈસર્ગિકતા અને વીર્યશાલિતા મહાભારત–રામાયણ યુગનું સ્મરણ કરાવે છે. એમની કળામાં કોટિઓ કરવાની ચાતુરી ન દેખાતાં–સાચાં નાટકને છાજે એ રીતે સ્પષ્ટ કાર્ય દ્વારા રસની નિષ્પત્તિ કરવામાં આવે છે. ગમે તેવી સામાન્ય પરિસ્થિતિમાંથી બે ઘડી શ્વાસ થોભાવી રાખે એવાં પ્રસંગો ઉત્પન્ન કરવાનું એમાં રચનાકૌશલ્ય દેખાય છે; માનવહૃદયના ઊંડામાં ઊંડા ભાવોનું મર્મભેદી ઉદ્ઘાટન કરવામાં આ નાટ્યકાર સમર્થ દેખાય છે અને તે ભાવનાના વર્ણન દ્વારા નહિ શ્લોક ઉપર શ્લોક ખડકીને નહિ તે જે કાંઈ કરે છે તે પોતાની કલાની મર્યાદામાં રહીને જ કરે છે અને ભાષાશૈલી–જે આંતરપ્રમાણોમાં મુખ્ય છે તે અમુક શંકિત સ્થળો બાદ કરતાં સરળ, સચોટ અને જીવંત લાગે છે.

"આ સમગ્ર નાટકચક્રના રસાસ્વાદને અનુરૂપ રૂપક શોધવું હોય તો તે જયદેવના શ્લોકમાં મળે છે. એ ભાસને કવિતાકામિનીનો હાસ કહે છે. કામિનીના લાવણ્ય–અનુભવમાં જે સ્મિતનું સ્થાન છે તે કવિતાકામિનીના અનુભવમાં ભાસનું સ્થાન છે. આ રૂપક આ નાટકોને બરાબર બંધ બેસે છે, સાદૃશ્ય વિગતવાર જણાવવું મુશ્કેલ છે, પણ આ નાટકોમાં કોમળતા છે. મીઠાશ છે, મૃદુ વીર્યશાલિતા છે. વધારે કહેવું નિષ્પ્રયોજન છે; કારણ, એ રીતે મૂળ અનુભવ બરાબર સમજાવી શકાય એમ નથી અને છતાંય આ સમગ્ર નાટ્યસૃષ્ટિને કવિતાકામિનીના લાવણ્યમાં સ્થાન આપવું હોય તો 'હાસ' જેટલું યોગ્ય સ્થાન બીજું એક પણ નથી, એ વિચાર ખસી શકતો નથી. સ્વપ્નવાસવદત્તા જાણે કવિતાસુંદરીના મુખ ઉપરનું ચિરંજીવી સ્મિત હોય એમ જ લાગ્યા કરે છે.[૮] (ડે. તપસ્વી નાન્દી ઉમેરે છે કે– મોનાલીસાના ચિરંજીવી સ્મિત જેવું !)

"આવા આવા સંસ્કારો આ નાટકો વાંચતાં પડી જાય છે અને આ સંસ્કારપુંજ

૮. જે લોકો 'માસો હાસઃ' નો અર્થ ભાસમાં ખૂબ હાસ્યરસ હશે તે ઉપરથી કવિએ એમ કહ્યું છે એવો કરે છે તે આ શ્લોકનું સ્વારસ્ય સમજ્યા નથી એમ શ્રી ર. છો. પરીખને લાગે છે.

તે કોઈ પ્રાચીન સમર્થ કવિની કૃતિ છે એવો તર્ક ઉત્પન્ન કરે છે. આ બધા સંસ્કારોને પૃથક્ કરી કહેવા એ લગભગ અશક્ય છે. પણ કોઈ મહાન્ પ્રતિભાશાળી કવિનાં એમાં દર્શન થાય છે એ સ્પષ્ટ છે અને તેનું સ્થાન શોધતાં તે એક બાજુ મહાભારત, રામાયણ (ના રચનાકાળ) અને બીજી બાજુ કાલિદાસ (ના સમયની) વચમાં ગોઠવાઈ જાય છે.

"હવે આ કવિ કોણ તે પ્રશ્નના નિર્ણય માટે જે બીજાં પ્રમાણો છે તેની ટૂંકમાં ચર્ચા કરીએ. આ પ્રમાણો ત્રણ જાતનાં છે : (૧) જેમાં ભાસના નામ સાથે તેની એકાદ કૃતિના નામનો ઉલ્લેખ હોય અથવા તેનાં નાટકોનું સામાન્ય વર્ણન હોય (૨) જેમાં આપણાં નાટકોનાં નામને મળતાં નામોનો અથવા એમાં મળતા શ્લોકાદિનો ઉલ્લેખ હોય (૩) જેમાં ભાસનો સામાન્ય ઉલ્લેખ હોય." (જુઓ : સંસ્કૃત નાટકસાહિત્ય, ૨. છો. પરીખ, પૃ. ૪૦).

૨–(ક) આ જ સંદર્ભમાં તેઓ આગળ લખે છે કે. "આ નાટકચક્રના કર્તાની શોધમાં રાજશેખરનો 'સૂક્તિમુક્તાવલિ'માં આપેલો નીચેનો શ્લોક મુખ્ય સાધન છે.

मासनाटकचक्रेऽपि च्छेकैः क्षिप्ते परीक्षितुम् ।
स्वप्नवासवदत्तस्य दाहकोऽभून्न पावकः ॥

આ શ્લોકમાંથી ત્રણ હકીકતો મળે : (૧) ભાસે અનેક નાટકો લખ્યાં હશે (૨) તેમાં સ્વપ્નવાસવદત્તા ઉત્તમ હશે (૩) અને એવી શ્રુતપરંપરા છે કે તેમની પરીક્ષા કરવા અગ્નિનાં નાખ્યા છતાં અગ્નિએ સ્વપ્નવાસવદત્તાને બાળ્યું નહિં. પહેલી બે હકીકત આપણને મળેલાં નાટકો સાથે સરખાવીએ. એક જ કર્તાની કૃતિનાં આપણને તેર નાટકો મળ્યાં છે. આને નાટકચક્ર કહી શકાય. આમાંના એક નાટકની પ્રતોમાં એકને અંતે 'સ્વપ્નનાટક' એવો ઉલ્લેખ છે. બીજીના (જે અનંતાચાર્યની નકલ હતી એમ શ્રી ગણપતિશાસ્ત્રી જણાવે છે) અંતે स्वप्नवासवदत्ता समाप्ता એમ લખેલું છે. આ નાટક તેરે નાટકોમાં ગુણની દૃષ્ટિએ શ્રેષ્ઠ છે. આ ઉપરથી અનુમાન કરવાનું મન થઈ જાય છે કે રાજશેખરના લોકમાં જે નાટકચક્ર અને સ્વપ્નવાસવદત્તાનો ઉલ્લેખ કર્યો છે તે આ જ સ્વપ્નવાસવદત્તા અને આ જ નાટકો છે. જે લોકોના મનમાં આ નાટકો કોઈ પ્રાચીન સમર્થ કવિની કૃતિ તરીકે છાપ પાડે છે તેમને માટે આવું અનુમાન ન કરવું એ મુશ્કેલ છે."

"ટૂંકમાં રાજશેખરના શ્લોક ઉપરથી આપણને પ્રાપ્ત થયેલું સ્વપ્નવાસવદત્તા ભાસનું હોય એવી સંભાવનાને પ્રતિપક્ષીઓનો તર્ક તોડી શકતો નથી. અહીંયાં જણાવવું જોઈએ કે આ શ્લોક સિવાય બીજો એવો એક પણ ઉલ્લેખ નથી જેમાં ભાસનું અને તેના એકાદ નાટકનું નામ સાથે આવતું હોય.

(ખ) આ નાટકોની કસોટી કરી શકાય એવો બીજો ઉલ્લેખ બાણનો છે.

હર્ષચરિતના પ્રાસ્તાવિક શ્લોકોમાં પૂર્વકવિઓનાં વર્ણન કરતી વખતે ભાસનું વર્ણન બાણભટ્ટ નીચેના શ્લોકથી કરે છે:

सूत्रधारकृतारम्भैर्नाटकैर्बहुभूमिकैः ।
सपताकैर्यशो लेभे भासो देवकुलैरिव[९] ॥ १५ ॥

બાણભટ્ટને પ્રિય શ્લેષાત્મક પદ્ધતિથી આમાં દેવકુલ અને ભાસ બંનેને લાગુ પડે એવાં વિશેષણોથી વર્ણન કર્યું છે. જેનો આરંભ સૂત્રધાર વડે કરાયેલો છે, જેમાં અનેક ભૂમિકા–પાત્રો છે, જે પતાકા–બનાવોથી યુક્ત છે એવાં નાટકો વડે સુથારથી જેનો આરંભ કરાય છે. જેમાં અનેક મજલા છે અને જે ધ્વજાયુક્ત છે એવાં દેવમંદિરોથી મળે તેમ યશ મેળવ્યો.' આ શ્લોકમાં વર્ણવેલી (ભાસનાં નાટકોની) વિશેષતાઓ વધતી–ઓછી સ્પષ્ટતાથી આ (ત્રિવેન્દ્રમ) નાટકોમાં દેખાય છે.

"નાટ્યશાસ્ત્રમાં જણાવેલા વિધિ પ્રમાણે સૂત્રધાર પૂર્વરંગ પૂરો કરી ચાલ્યો જાય પછી 'સૂત્રધાર ગુણાકૃતિ' સ્થાપક પ્રવેશ કરે અને તે 'રંગને વિધિ પ્રમાણે પ્રસન્ન કરી કવિનું નામ કહે અને પ્રસ્તાવના કરે' ઈત્યાદિ. હવે બાણ પ્રમાણે ભાસની એક વિશેષતા એ છે કે તેનાં નાટકો સૂત્રધારથી શરૂ થાય છે એટલે કે એણે સૂત્રધાર અને સ્થાપક એવી બે વ્યક્તિઓને બદલે એક જ વ્યક્તિથી કામ ચલાવી લીધું. આપણાં નાટકો સાથે આ હકીકત બંધબેસતી આવે છે. આ નાટકોની શરૂઆત સૂત્રધારથી જ થાય છે. તે આવીને નાટકનું મંગળ કરે છે અને નાટકની સ્થાપના કરે છે. (પછીનાં નાટકોમાં જેને પ્રસ્તાવના કહે છે તેને આમાં સ્થાપના કહી છે. આ શબ્દ સ્થાપકનું સ્મરણ કરાવે છે. સ્થાપકને કાઢી મૂક્યા પછી પણ એની સ્થાપના આ નાટકોમાં રહી તે સૂચવે છે કે આમાં પ્રાચીન રૂઢિનો એટલો અવશેષ રહી ગયો હતો.) બીજું વિશેષણ પંચરાત્ર જેવાં નાટકો જોવાથી સમજાય છે. પ્રમાણમાં તેમાં અનેક પાત્રો છે. ત્રીજું અનેક બનાવો હોવા એનાં પણ ઉદાહરણો આ નાટકોમાં મળી શકે છે."

(ગ) "આના જેવો જ બીજો ઉલ્લેખ પણ આ કરતાં કાંઈક વધારે સ્પષ્ટ અવન્તીસુંદરી નામની કથામાં છે. આની પ્રત હમણાં જ મદ્રાસ ઈલાકામાંથી મળી આવેલી છે તે દણ્ડીએ રચેલી હોય એમ દેખાય છે. તેમાં ભાસનું વર્ણન આ પ્રમાણે છે:

सुविभक्तमुखाद्यंगैर्व्यलक्षणवृत्तिभिः ।
परेतोऽपि स्थितो भासः शरीरैरिव नाटकैः ॥

---

૯. અર્થાત્–સ્થપતિઓથી આરંભાતાં બહુ માળવાળાં અને ધ્વજાઓવાળાં દેવમંદિરો જેવાં સૂત્રધારથી શરૂ થતાં (નટનટીઓની) વિવિધ ભૂમિકાઓથી ભરેલાં અને પતાકા (= ગૌણકથા અથવા પતાકાસ્થાનકો) સહિતનાં નાટકો વડે ભાસે યશ મેળવ્યો છે.

બાણના શ્લોકમાં જેમ દેવકુલ અને નાટકો સાથે બંધ બેસે એવો શ્લેષ હતો તેમ આ શ્લોકમાં શરીર અને (ભાસનાં) નાટકો સાથે બંધ બેસે એવો શ્લેષ છે. (જેમ કે) 'મુખાદ્યિંગ' (અથવા મુખાદિનાં અંગ) જેનાં સુવિભક્ત છે, જેની વૃત્તિઓનાં લક્ષણ વ્યક્ત છે (અથવા જેનાં લક્ષણ અને વૃત્તિઓ વ્યક્ત છે) એવાં નાટકોથી, મુખાદ્યિંગ જેમાં સુવિભક્ત છે અને જેની લક્ષણવૃત્તિઓ (સામુદ્રિક ચિહ્નો) વ્યક્ત છે એવાં શરીરોથી જાણે પરલોકમાં ગયેલો (હોવા છતાંયે ભાસ (હજી) જીવે છે.

આ શ્લોક સ્પષ્ટ રીતે ભાસનાં નાટકોની અવંતીસુંદરીકારના સમયમાં પ્રસિદ્ધિ જણાવે છે. તેમાં મુખાદિ અંગથી મુખ, પ્રતિમુખ વગેરે પાંચ સન્ધિઓનો ઉલ્લેખ કર્યો છે અથવા મુખાદિ સન્ધિનાં બાર વગેરે અંગો છે તેનો ઉલ્લેખ કર્યો છે. વ્યક્ત લક્ષણવૃત્તિથી એમ કહેવા માંગે છે કે ભારતી, સાત્ત્વિકી વગેરે વૃત્તિઓ સ્પષ્ટ રીતે એમાં દેખાય છે અથવા એવો અભિપ્રાય પણ હોય કે નાટકનાં લક્ષણો અને વૃત્તિઓ એમાં સ્પષ્ટ રીતે દેખાય છે. આ શ્લોક પૂર્વના ઉલ્લેખ કરતાં પણ આ નાટકો સાથે વધારે સુસંગત રીતે બંધ બેસે છે એ નાટકોને ધ્યાનપૂર્વક વાંચવાથી સમજી શકાશે. પુરાવા તરીકે એની કિંમત બાણના શ્લોકથી વધારે નહિ તો પણ તેના જેટલી તો ખરી જ." (એજન પૃ. ૩૭–૪૬).

(ઘ) ટી. ગણપતિશાસ્ત્રીએ આ નાટકોનું કર્તૃત્વ ભાસનું છે એનું સમર્થન કરવા માટે બીજા કેટલાક ઉલ્લેખો ભેગા કર્યા છે. જેમ કે—

(૧) અભિનવગુપ્તપાદાચાર્ય (ઈ. સ. ૧૦ મી સદી) ભરતનાટ્યવેદવિવૃતિમાં ક્વચિત્ ક્રીડા યથા સ્વપ્નવાસવદત્તાયામ્...। એવું લખીને સ્વપ્નવાસવદત્તા નાટકનો નિર્દેશ કરે છે.

(૨) અભિનવગુપ્તે બીજી એક જગ્યાએ 'દરિદ્રચારુદત્ત' નાટકનો પણ નામથી ઉલ્લેખ કર્યો છે (ટી. ગણપતિશાસ્ત્રીના મતે તે 'ત્રિવેન્દ્રમ નાટકો'માં જે પ્રસિદ્ધ થયું છે તે જ છે.)...દૈવબહુમાનસ્યુત્પત્તયે હિ પુરુષકારોઽપ્યફલસ્તદભાવોઽપિ સફલઃ પ્રદર્શનીયઃ । અત એવ દારિદ્રચારુદત્તાદિ રૂપકાણિ તદ્વિષયાણિ ॥ (ના.૦ શા.૦ ૧૯.૧૩ ઉપર અભિવનભારતી).

(૩) વાત્સ્યાયનના કામસૂત્રમાં 'અવિમારક'નો ઉલ્લેખ છે.

(૪) વામને 'કાવ્યાલંકારસૂત્રવૃત્તિ'માં એક શ્લોક ઉદ્ધૃત કર્યો છે :

શરચ્છશાઙ્કગૌરેણ વાતાવિદ્ધેન ભામિનિ ।
કાશપુષ્પલવેનેદં સાશ્રુપાતં મુખં મમ ॥ (૪.૩)

આ શ્લોક સ્વપ્નવાસવદત્તાના ચોથા અંકમાં જોવા મળે છે.

(૫) પ્રતિજ્ઞાયૌગન્ધરાયણના ચોથા અંકનાં નવં શરાવં૦ વાળા શ્લોકનો

ચોથો પાદ-યો મર્તૃપિણ્ડસ્ય કૃતે ન યુધ્યતે-પણ વામને કાવ્યાલંકાર સૂત્રવૃત્તિમાં ઉદ્ધૃત કર્યો છે. વળી તેમણે ચારુદત્તનો યાસાં બલિર્મવતિ૦ । વાળો શ્લોક પણ ત્યાં નોંધ્યો છે.

(૬) દણ્ડીના 'કાવ્યાદર્શ'માં એક ઉદાહરણ તરીકે 'ચારુદત્ત'નો લિમ્પતીવ તમોઽઙ્ગાનિ૦ । વાળો શ્લોક ઉદ્ધૃત થયો છે.

(૭) કૌટિલીય 'અર્થશાસ્ત્ર'માં એક આ પ્રમાણે જોવા મળે છે :

नवं शरावं सलिलस्य पूर्णम् ।
सुसंस्कृतं दर्भकृतोत्तरीयम् ॥
तत्तस्य मा भून्नरकं च गच्छेत् ।
यो मर्तृपिण्डस्य कृते न युध्येत् ॥

આ શ્લોક 'પ્રતિમા નાટક'ના ચોથા અંકમાં પણ મળે છે. ટી. ગણપતિશાસ્ત્રીનો એવો અભિપ્રાય છે કે કૌટિલ્યે તે શ્લોક ભાસમાંથી લીધો છે.

પરંતુ શ્રી ર. છો. પરીખ કહે છે કે ઉપર (ઘ)માં અપેલા સંદર્ભો વિષે અહીંયાં જણાવવું જોઈએ કે આ બધા ઉતારા મૂળનું નામ લીધા વિના (અભિનવગુપ્ત, વામન વગેરેએ) આપ્યા છે એટલે પ્રમાણ તરીકે આપણે ઇચ્છીએ તેટલા ઉપયોગી નથી.

છતાંય ઉપર (ક) (ખ) અને (ગ)માં દર્શાવ્યા છે તે મુદ્દાઓથી ડૉ. પુશાલકર વગેરે કહે છે તેમ ત્રિવેન્દ્રમ નાટકોનું 'ભાસ-કર્તૃત્વ' અનુમાનવામાં, એવી સંભાવના સ્વીકારવામાં કશો વાંધો નથી.

'ભાસ-સમસ્યા'ના શીર્ષક હેઠળ ઉપર જે વિસ્તૃત ચર્ચા કરી છે તેને સંક્ષેપમાં ચાર જ મુદ્દાઓમાં મૂકી આપતાં શ્રી ર. છો. પરીખ જણાવે છે કે :

(૧) આ નાટચચક્રના કર્તૃત્વના પ્રશ્નનો પ્રાથમિક પ્રમાણોના અભાવે નિર્ણય કરી શકતો નથી.

(૨) આ નાટકો ઘણા વિદ્વાનો ઉપર પ્રાચીન અને ઉત્તમ કવિની કૃતિઓ હોવાની છાપ પડે છે.

(૩) બાહ્ય પ્રમાણોથી આ નાટકો ભાસનાં હોય એવી સંભાવના કરી શકાય છે.

(૪) આ સંભાવના સામે ઉઠાવેલા ઘણા-ખરા વાંધાઓનો નિકાલ કરી શકાય છે.

૪. શીર્ષક

આ એકાંકી નાટ્યકૃતિમાં શ્રીકૃષ્ણના દૂત તરીકે ઘટોત્કચ કૌરવોની છાવણીમાં જાય છે અને શ્રીકૃષ્ણે મોકલેલા સંદેશાને કહી સંભળાવે છે. આ કથાનકને લઇને રચાયેલી આ કૃતિને 'દૂતઘટોત્કચ' એવું શીર્ષક આપવામાં આવ્યું છે. दूतश्चासौ घटोत्कचः इति दूतघटोत्कचः । तम् (दूतघटोत्कचम्) अधिकृत्य कृतं रूपकम् दूतघटोत्कचम् ॥ "દૂત એવા ઘટોત્કચને અનુલક્ષીને રચેલા રૂપકને 'દૂતઘટોત્કચ' કહેવાય." આવી રીતે આ શીર્ષકને સમજાવવામાં આવે છે.

યુદ્ધ થાય જ નહીં–એ અપેક્ષાએ શ્રીકૃષ્ણે પોતે જ દૂત બનીને કૌરવોને–દુર્યોધનને સમજાવવા પ્રયત્ન કરેલો. પરંતુ દુર્યોધનને તો સંધિ કરવી જ ન હતી. તેથી તેણે દૂત તરીકે આવેલા કૃષ્ણનો પ્રસ્તાવ સ્વીકાર્યો નથી. આ કથાનકને લઇને ભાસે 'દૂતવાક્યમ્' નામના એકાંકી રૂપકની રચના કરી જ છે. એવું જ આ ભાસનું બીજું એક 'દૂતઘટોત્કચ' એકાંકી રૂપક છે જેમાં યુદ્ધના વચગાળામાં બાળ અભિમન્યુના વધથી સંતપ્ત અને ક્રુદ્ધ થયેલા શ્રીકૃષ્ણે ભીમપુત્ર ઘટોત્કચને પોતાનો દૂત બનાવીને મોકલી આપ્યો છે એવી કથા જોવા મળે છે.

૫. કથાનકનો મૂળસ્રોત

'દૂતઘટોત્કચ' નામના એકાંકી રૂપકમાં ભાસે જે કથા મૂકી છે તે મુખ્યત્વે કાલ્પનિક છે, કારણ કે મૂળ મહાભારતમાં અભિમન્યુના હણાયા પછી (કે એ પહેલા કયારેય) શ્રીકૃષ્ણે ઘટોત્કચને પોતાનો દૂત બનાવીને કૌરવોની છાવણીમાં મોકલ્યાની કોઈ જ વાત આવતી નથી. પ્રોફે. શ્રી. સી. આર. દેવધર લખે છે કે–This poor fable is an invention of the poet, because the Mahābhārata does not know of any embassy of Ghaṭotkaca...

આમ ઘટોત્કચનું જે દૂતકર્મ આ રૂપકનું મુખ્ય કથાવસ્તુ છે (અને જેને આધારે આ કૃતિનું શીર્ષક 'દૂતઘટોત્કચ' એવું આપવામાં આવ્યું છે) તેને માટે હાલના મહાભારતમાંની કશી પ્રેરણા મળે એવું નથી. આથી તે કેન્દ્રવર્તી ઘટના કવિની સ્વકીય કલ્પના જ છે.

હા, મૂળ મહાભારતના યુદ્ધનો સંદર્ભ, એમાં અર્જુનની ગેરહાજરીમાં અભિમન્યુને કૌરવોએ એકઠા મળીને હણી કાઢ્યો તથા પુત્રશોકમાં સંતપ્ત એવા અર્જુને લીધેલી પ્રતિજ્ઞા: એની આસપાસ ગૂંથાયેલાં પાત્રો–સંશપ્તકો—જયદ્રથ, દુઃશલા, ઉત્તરા વગેરે–તો ભાસે મહાભારતમાંથી જ લીધાં છે. પણ દૂત બનાવીને મોકલેલા ઘટોત્કચ દ્વારા કશો સંદેશો શ્રીકૃષ્ણે મોકલાવ્યો હોય એવું કોઈ કથાનક મહાભારતમાંથી જડતું નથી.

૬. 'દૂતઘટોત્કચ'ની દશ્યાવલી

સ્થાપના : ભાસનાં અન્ય રૂપકોમાં જોવા મળે છે એમ અહીં પણ 'નાન્દી' પૂરી થયા પછી સૂત્રધારનો રંગભૂમિ ઉપર પ્રવેશ થાય છે. તે એક મંગલશ્લોક ઉચ્ચારીને 'સામાજિકો (= પ્રેક્ષકો)નું નારાયણ રક્ષણ કરે' એવાં આશીર્વચન રજૂ કરે છે. આ શ્લોકમાં ભગવાન નારાયણને સૂત્રધાર કહ્યા છે તથા ત્રણેય લોકરૂપી રંગભૂમિ ઉપર જે અવિરત સાંસારિક પ્રવૃત્તિઓ ચાલે છે તેને નાટ્યની કથાવસ્તુ તરીકે નિરૂપી છે ! આ સંસારરૂપી નાટકની રજૂઆત કેવી રીતે કરવી (= કેમ પ્રસ્તાવના કરવી) અને એની પૂર્ણાહુતિ કેવી રીતે કરવી (प्रतिसमापना = નર્વહણ સંધિ) એ બધું ભગવાન વિષ્ણુને અધીન છે !

* * *

આ વિચારને અત્યંત મળતો આવતો વિચાર વિલિયમ શેકસપિયર (ઇ.સ. ૧૫૬૪-૧૬૧૬) પણ પોતાના "As you like it" નામના નાટકમાં રજૂ કર્યો છે :

All the word's a stage,
And all the men and women merely players;
They have their exits and their entrances;
And one man in his time plays many parts,
His acts being seven ages. At first the infant, .,.

(**"As you like it"** by William Shakespere; Edited by Craig, Oxford.)

* * *

આમ પ્રેક્ષકોને આશીર્વચન કહ્યા પછી સૂત્રધાર પ્રેક્ષકોને કંઈક (કૃતિના નામ અને કર્તા વિષે) કહેવા તત્પર થાય છે ત્યાં તો નેપથ્યમાંથી કશોક અવાજ સંભળાય છે. આથી તેનું ધ્યાન બીજે ક્યાંક દોરવાય છે. સૂત્રધાર એ અવાજ શેનો છે ? એ જાણીને કહે છે કે સંશપ્તકો અર્જુનને અને કૃષ્ણને દૂર ઢસડી ગયા ત્યારે ભીષ્મવધથી ગુસ્સે ભરાયેલા ધૃતરાષ્ટ્રના પુત્રોએ કુમાર અભિમન્યુને હણી કાઢ્યો છે. —આમ કવિ ભાસે રૂપક શરૂ થાય એ પહેલાં શું કઈ ઘટના બની ચૂકી છે ? એનાથી આપણને—પ્રેક્ષકોને—વાકેફ કરી દીધા છે. [આ ઘટના નાટ્યકૃતિની પૂર્વભૂમિકામાં રહેલી છે.] અને હવે નાટ્યકૃતિની અંદર—મૂળ અંકમાં —આપણે એનાથી ઊભા થયેલા પ્રત્યાઘાતો અને પ્રતિભાવોને જોવાના છે. આનું નિરૂપણ કરવા માટે ભાસે ત્રણ દશ્યોની હારમાળા રજૂ કરી છે.

સૂત્રધારે રજૂ કરેલી 'સ્થાપના'માં કૃતિનું શીર્ષક કે કર્તાનું નામ ઉલ્લેખ્યું નથી. (ભાસના અન્ય રૂપકોમાં પણ આવું જ જોવા મળે છે.) તથા ટૂંકી છતાંય કૌતુક જન્માવનાર અને પ્રસ્તુત દશ્યની સાથે પ્રેક્ષકોના મનને જોડી આપનારી

વાતચીત દ્વારા રૂપકની તત્ક્ષણ શરૂઆત કરી દીધી છે. 'સ્થાપના'માં આવેલા બીજા શ્લોકમાં સૂત્રધારે એવી નોંધ આપી કે કૌરવોએ એકઠા મળીને બાળ અભિમન્યુને હણી તો જરૂર કાઢયો છે પણ હવે 'અર્જુન એમની શી વલે કરશે?' એ વિચારે ભયભીત થઈ ઊઠયા છે એની નોંધ આપવામાં આવી છે. આમ હવે આવનાર પ્રથમ દૃશ્યમાં કૌરવોની છાવણીમાં જે પ્રત્યાઘાતો પડયા છે અને પ્રતિભાવો ઊઠયા છે એનું નિરૂપણ જોવા આપણે સમુત્સુક થઈએ છીએ.

દૃશ્ય : ૧ જયત્રાત નામનો ભટ (યોદ્ધો) યુદ્ધભૂમિ ઉપરથી આવી રહ્યો છે. તે ધૃતરાષ્ટ્રને જણાવવા આવ્યો છે કે સુભદ્રાના પુત્ર અભિમન્યુને સૌ નરાધિપોએ ભેગા મળીને હણી કાઢયો છે. આ સમાચાર સાંભળીને ધૃતરાષ્ટ્રનું હૃદય રડી ઊઠે છે. તેઓ સ્પષ્ટ માને છે કે મોટાઓના યુદ્ધમાં બાળકોનો વધ ના થવો જોઈએ. એમના મતે પાંડુપુત્ર અભિમન્યુનો વધ તે એમના વંશનો જ ક્ષય છે. આથી એમને માટે આ સમાચાર અપ્રિય બની રહે છે. ગાન્ધારીને પણ હવે લાગે છે કે પુત્રોનો સંક્ષય કરનારો કુલવિગ્રહ જ હશે. પ્રજ્ઞાચક્ષુ ધૃતરાષ્ટ્રને પણ દેખાય છે કે પુત્રવધથી સંતપ્ત થયેલો અર્જુન એવું યુદ્ધ કરશે કે જેથી આ પૃથિવીલોક આજે નાશ પામશે. આમ દુઃખી વડીલોના ચિત્ત ઉપર ભયના ઓળા ઊતરી પડે છે. એમની પુત્રી દુઃશલાને પણ લાગે છે કે જે પુરુષે અભિમન્યુને હણીને એની પત્ની 'ઉત્તરા'ને વૈધવ્ય આપ્યું છે તે પુરુષે પોતાની પત્નીને પણ વૈધવ્ય આપ્યું છે. આ બોલતી વખતે દુઃશલાને એ ખબર નથી કે એનો પોતાનો પતિ જયદ્રથ જ અભિમન્યુના વધમાં નિમિત્ત બન્યો છે...કવિ ભાસે અહીં ભારે નાટયાત્મક વક્રોક્તિ મૂકી છે. હવે ધૃતરાષ્ટ્ર પૂછે છે કે કોને પોતાનું જીવન વહાલું ન હતું તે એણે પાંડવો રૂપી અગ્નિને માટે પોતાનો આત્મા ઇંધણ બનાવી દીધો. યોદ્ધો જયત્રાત કહે છે કે આ વધમાં (દુઃશલાનો પતિ) જયદ્રથ નિમિત્ત બન્યો છે. આ સાંભળીને ધૃતરાષ્ટ્ર કહે છે કે તો તો જયદ્રથ હણાયો જાણો. આ સાંભળતાંની સાથે દુઃશલા રડી ઊઠે છે. દુઃશલા ઉત્તરા (અભિમન્યુની પત્ની)ની પાસે જઈને વિધવાનાં વસ્ત્રો ધારણ કરવા તૈયાર થઈ જાય છે ! આમ રંગભૂમિ ઉપર રુદન અને શોકનું વાતાવરણ છવાઈ જાય છે. ગાંધારી એવી યાદ અપાવે છે કે—'પણ હજી તો તારો પતિ જીવે છે.' પરંતુ દુઃશલા કહે છે કે "એવાં તો મારાં ભાગ્ય ક્યાંથી હોય ? જે જનાર્દનના મિત્ર અર્જુનનું અપ્રિય કરીને લાંબું જીવી શકે ?' ધૃતરાષ્ટ્રનું પણ આવું જ મંતવ્ય છે કે જયદ્રથ હવે લાંબું જીવન ન પામી શકે. ધૃતરાષ્ટ્રને થોડીવાર પછી એ પણ જાણવા મળે છે કે અર્જુનની ગેરહાજરીમાં આ બાળવધ કરવામાં આવ્યો છે. આથી અર્જુન જ્યારે પાછો ફરશે ત્યારે તે જયદ્રથ સહિત બીજા ઘણા કૌરવોનો પણ નિશ્ચિત વધ કરશે જ. આ વિચારે ધૃતરાષ્ટ્ર અને ગાંધારી ગંગાકિનારે જઈને પુત્રોને અંજલિ આપવાની તૈયારી

કરે છે. ટૂંકમાં હતાશાનું વાતાવરણ ફેલાઈ જાય છે ને પ્રેક્ષકોના ચિત્તમાં કરુણનું આધિપત્ય છવાઈ જાય છે.

દૃશ્ય : ૨. હવે બીજાં દૃશ્યમાં આ જ અભિમન્યુ–વધના પ્રસંગથી દુર્યોધન, દુઃશાસન અને શકુનિના ચિત્ત ઉપર કેવી ઉલ્લાસ અને સંતોષજનક સ્થિતિ ઊભી થઈ છે ? એનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

દુર્યોધન રંગભૂમિ ઉપર પ્રવેશ કરે છે. એને આજે ખૂબ આનંદ થઈ રહ્યો છે કેમ કે અભિમન્યુના મૃત્યુથી પાંડવો સાથેનો વિરોધ સુસ્થિર થયો છે. પણ મધુસૂદનનો મદ પણ ઉખેડી કાઢાયો છે. દુઃશાસન પણ સંતોષ પામી રહ્યો છે કે અભિમન્યુને મારી નાંખીને ભીષ્મના પતનથી આપણા પક્ષમાં જે હાનિ થઈ હતી તેનો બદલો વાળી લેવામાં આવ્યો છે ! શકુનિ બડાઈ હાંકવા એસી જાય છે કે આપણા જયદ્રથે આજે મોટું પરાક્રમ કર્યું છે ! તેણે પાંડવોને (વરદાનની મદદથી) એક દિવસ માટે એવા અવરોધી રાખ્યા કે જેથી એમના (પાંડવોના) પુત્રની સાથે એમનો યશ પણ અપહરી લઈ શકાયો છે ! –આવી વિજયની પળમાં દુર્યોધનને થાય છે કે પિતા ધૃતરાષ્ટ્રનું અભિવાદન કરવા જવું જોઈએ. પણ શકુનિ કહે છે કે ત્યાં જવા જેવું નથી ! કારણ કે ધૃતરાષ્ટ્ર હંમેશાં આપણા દોષ જોયા કરે છે. અને એમને તો પાંડવો જ વહાલા છે. પણ દુર્યોધન પિતાને વંદન કરવાનો આગ્રહ ચાલુ રાખે છે.

એ ત્રણેય જણ વારાફરતી ધૃતરાષ્ટ્રને પ્રણામ કરે છે. પણ ધૃતરાષ્ટ્ર ચૂપ એસી રહે છે. કશા આશીર્વાદ આપતા નથી. ધૃતરાષ્ટ્ર માને છે કે કૃષ્ણ અને પાર્થના પુત્ર અભિમન્યુને હણ્યા પછી દુર્યોધનાદિ પુત્રો જીવનને વિષે નિરપેક્ષ બની ગયા છે. એમને વળી આશીર્વાદ કેવી રીતે આપી શકાય ? દુર્યોધનને આ સમજાતું નથી કે અમે–પુત્રો–જીવન નિરપેક્ષ કેવી રીતે બન્યા છીએ ? ધૃતરાષ્ટ્રને આવો સંભ્રમ કેમ થાય છે ? એવો એ પ્રશ્ન કરે છે. ધૃતરાષ્ટ્ર કહે છે કે સો ભાઈઓની કૃપાથી મારી એક અને અજોડ એવી પુત્રી વૈધવ્ય પામશે, પણ દુર્યોધન અભિમન્યુના વધનો યશ જયદ્રથને ફાળે જાય છે એવું માનતો જ નથી. તે તો કહે છે કે અમે ઘણા બધાએ એકઠા મળીને અભિમન્યુને હણ્યો છે ! ધૃતરાષ્ટ્ર કહે છે કે અફસોસ... એક બાળ ઉપર પ્રહાર કરતાં તમારા હાથ હેઠા કેમ ન પડી ગયા ?

વચ્ચે વચ્ચે વૈવિધ્ય લાવવા કવિ દુઃશાસન અને શકુનિની પાસે પણ અમુક વાક્યો બોલાવડાવે છે. દુઃશાસન કહે છે કે, એ અભિમન્યુ બાળક ન હતો. એણે તો બધા જ ભૂમિપાલોને બાણથી ઘાયલ કરી દીધા હતા. ધૃતરાષ્ટ્રને કહેવું પડે છે કે જો એક બાળકે આટલું પરાક્રમ કર્યું હોય તો એ વિચારો કે પુત્રશોકથી ઉદ્વિગ્ન થયેલો પાર્થ અર્જુન તમને શું નહીં કરે ? દુર્યોધન ગુસ્સે ભરાય છે. તે બરાડી ઊઠે

છે : એ અર્જુન શું કરી લેવાનો હતો ? ધૃતરાષ્ટ્ર શાંત સ્વરે, પણ દૃઢતાથી યાદ અપાવે છે કે અર્જુન કેવો પરાક્રમી છે એ તો હું નથી જાણતો. પણ એના પરાક્રમને જાણનારા ઘણા છે. જેમ કે નિવાતકવચના પ્રાણોની ભેટ લેનાર શક્ર, કિરાતરૂપ ધારી શિવ, ખાંડવવન દાહક અગ્નિ અને તને (દુર્યોધનને ઊઠાવી જનાર) ગંધર્વ ચિત્રાંગદને અર્જુનના બળપરાક્રમની ખબર છે એમને જઈને તું પૂછી આવ.

દુર્યોધન કર્ણની શક્તિ ઉપર મુસ્તાક છે. 'અરે ! અમારો કર્ણ અર્જુનની જોડે લઢી લે એવો છે.' પણ ધૃતરાષ્ટ્રને મન કર્ણ તો બિચારો હાસ્યાસ્પદ છે. કેમ કે તેનાં કવચકુંડળ ઇન્દ્ર લઈ ગયો છે. ગુરુ પરશુરામના શાપથી તેનાં અસ્ત્રો પણ વિફળ છે અને એને અગ્નિ, ઇન્દ્ર કે રુદ્રે કોઈ શસ્ત્રોનું દાન કર્યું નથી. શકુનિ કહે છે તમે તો અમને હંમેશાં ધુત્કારી જ કાઢો છો. પણ શકુનિનો અવાજ સાંભળીને ધૃતરાષ્ટ્ર વધુ ગુસ્સે થાય છે અને બોલે છે કે–તેં જુગારીએ તો એવું કર્યું છે કે જેથી કુળનો આ ગૈરાગ્નિ બાળકો સુધી દઝાડનારો બની ગયો છે. (કવિ મહાભારત–યુદ્ધનાં પૂર્વપ્રેરક પરિબળો અને સંભવિત પરિણામોને વીણી વીણી ગણાવી દે છે ને એ રીતે વિનાશની પાકી ખાતરીથી વાતાવરણને ભરી દે છે.)

એટલમાં જાણે ભૂમિકંપ થયો હોય એવો કોઈક મોટો અવાજ થાય છે. દુર્યોધન એ અવાજ શેનો થયો એ જાણવા માણસને—જયત્રાતને મોકલે છે. ત્યાં ખબર પડે છે કે સંશપ્તકોને જીતીને પાછા ફરેલા અર્જુને જે પ્રતિજ્ઞા લીધી છે એનાથી પાંડવસૈન્યમાં થયેલા કોલાહલનો આ અવાજ છે. દુર્યોધનને એ જાણવાની ઉતાવળ છે કે એણે શી પ્રતિજ્ઞા લીધી છે ? યોદ્ધો (જયત્રાત) જણાવે છે કે— 'જેણે મારા પુત્રને હણ્યો હશે એને આવતીકાલે સૂર્યાસ્ત પહેલાં હું હણી કાઢીશ.' દુર્યોધન આ પ્રતિજ્ઞા સાંભળીને જરીકેય ક્ષુભિત થતો નથી. એને તો એ જાણવું છે કે જો પ્રતિજ્ઞા પૂરી નહિ થાય તો અર્જુન શું કરશે ? ભટ જયત્રાત કહે છે કે ગાંડીવ ધનુષ્ય સાથે ચિતારોહણ કરશે એવું સાંભળ્યું છે. દુર્યોધન ખુશ ખુશ થઈ જાય છે. 'મામા ચિતારોહણ...ચિતારોહણ...કહેતો એ બાળકની જેમ નાચવા લાગે છે !' રંગભૂમિ ઉપર ઘડીભર મૂર્ખતાભર્યા એ નર્તનનું હળવું દૃશ્ય સર્જાય છે. દુર્યોધન હવે દૃઢનિર્ધાર કરે છે કે યુદ્ધભૂમિ ઉપર અભેદ્ય વ્યૂહ ગોઠવવો અને જયદ્રથને આખા સૈન્યથી ઢાંકી દેવો કે જેથી અર્જુનની પ્રતિજ્ઞાનો ભંગ થાય. પણ ધૃતરાષ્ટ્રની દૃષ્ટિએ આવો કોઈ પણ પ્રયત્ન નિષ્ફળ જ પુરવાર થવાનો છે. કારણ કે કૃષ્ણની આંખે જોનારા અર્જુનનાં બાણો તો ધરતીમાં પેસી ગયેલા કે આકાશમાં ઊડી ગયેલા જયદ્રથનો પીછો કરવા સમર્થ છે.

આમ આ બીજા દૃશ્યમાં અભિમન્યુના વધથી ખુશ થયેલા શકુનિ, દુઃશાસન અને દુર્યોધનનો ધૃતરાષ્ટ્રની સાથેનો સંવાદ ગોઠવાયો છે. એમાં ધૃતરાષ્ટ્ર

દુર્યોધનપક્ષની મર્યાદાઓ અને અર્જુનના પરાક્રમોની યાદ અપાવે છે તથા અર્જુને લીધેલી પ્રતિજ્ઞાના ભયાવહ પ્રત્યાઘાતો સાંભળવા મળે છે.

દૃશ્ય ૩ : કૃષ્ણચક્ષુષ અર્જુનનાં બાણો સર્વત્ર ગતિ કરશે એવી ધૃતરાષ્ટ્રની ઉક્તિ સાથે જ આકાશમાંથી કૃષ્ણનો દૂત ઘટોત્કચ કૌરવોની આ છાવણીમાં ઊતરી આવે છે. આમ હવે ધૃતરાષ્ટ્ર-ઘટોત્કચ અને દુર્યોધન વચ્ચેનો સંવાદ શરૂ થાય છે. ઘટોત્કચ પ્રવેશતાં પ્રવેશતાં બોલે છે કે અંકુશ વાગવાની શંકાવાળો ગજેન્દ્ર હોઉં તેવો હું ચક્રધારી કૃષ્ણના શાસનને યાદ કરતો કરતો આવી રહ્યો છું. (કવિ આ ઉપમાથી એમ વ્યંજિત કરે છે કે આ ઘટોત્કચ મૂળભૂત રીતે તો યોદ્ધો જ છે અને એને દૂત તરીકે આવ્યો હોવા છતાંય કૌરવોની છાવણીમાં લઢી લેવાની જ ઇચ્છા છે ! પણ શ્રીકૃષ્ણની આજ્ઞાથી તે બંધાયેલો હોઈ અંકુશશંકિત ગજેન્દ્ર જેવો છે !)

પ્રસ્તુત રૂપક એકાંકી હોઈ રંગભૂમિ ઉપર એકાએક નવા પ્રવેશતા પાત્રનો પરિચય આપવાની કોઈ પૂર્વભૂમિકા કવિ રચી શક્યા નથી. તેથી આકાશમાંથી ઊતરતાં ઊતરતાં ઘટોત્કચ પોતે જ પોતાનો પરિચય આપી દે છે કે—હું હૈડિમ્બ ઘટોત્કચ યદુપતિ (શ્રીકૃષ્ણ)નો સંદેશો લઈને આવ્યો છું. તત્ક્ષણ દુર્યોધન એનું સ્વાગત કરે છે. આવકારે છે. કારણ કે અભિમન્યુવધથી શત્રુઓની-પાંડવોની-સેનામાં શો ખળભળાટ મચ્યો છે એ જાણવાની એને તાલાવેલી છે.

ઘટોત્કચ ધૃતરાષ્ટ્રને પ્રણામ પાઠવીને ભગવાન ચક્રાયુધનો સંદેશો કહેવાની શરૂઆત કરે છે : મૃત અભિમન્યુને ઉદ્દેશીને અર્જુને ભારે વિલાપ કર્યો છે. 'હે અભિમન્યુ ! હે કુરુકુલના પ્રદીપ ! તારી માને, મામાને અને મને પણ ત્યજીને તું શા માટે સ્વર્ગે સિધાવ્યો ?' વગેરે. તો હે પિતામહ ! જો એક જ પુત્રના વિનાશથી અર્જુનને આવો હૃદયવિદારક શોક ઊપજ્યો હોય તો તમારા સો પુત્રો હણાતા તમારી શી હાલત થશે ? તો તમે અત્યારથી આત્મબળ એકઠું કરવા માંડો, પુત્રવિનાશ નિશ્ચિત અને નજીક જ છે ! પુત્રનો શોક તમને ક્યાંક ભરખી ના જાય.' આ સાંભળીને ધૃતરાષ્ટ્ર ધ્રૂજી ઊઠે છે. એ સૌ ક્ષત્રિયોનો વધ કરવા ઉદ્યત થયેલા અર્જુનને જાણે સાક્ષાત્ જોઈ રહ્યા છે ! પણ દુર્યોધનાદિને તો કૃષ્ણનું આ વચન હાસ્યાસ્પદ તુચ્છ લાગે છે.

ઘટોત્કચ ગુસ્સે થઈને, એમને પણ જનાર્દનનો સંદેશો સંભળાવે છે : "ક્ષત્રિયોનો વિનાશ નિશ્ચિત થયો જાણજો. પુત્રવિનાક્ષથી ઉગ્ર બનેલા ગાંડીવીને કશું ય અસાધ્ય નહિ હોય." આ સાંભળીને શકુનિ શ્રીકૃષ્ણના વચનની ઠેકડી ઉડાડે છે : "જરૂર એમ સૌ ક્ષત્રિયોનો વધ થઈ જાય જો બોલે બોલે કોઈ મરવાનું હોય તો !" ઘટોત્કચ 'આ શકુનિ છે' એમ ઓળખી એને પણ સંભળાવે છે કે-'અલ્યા શકુનિ ! જુગાર રમવાના પાસાને છોડીને શસ્ત્રોને સજાવી લે. હવે સભામાં સ્ત્રીને

ખેંચી લાવવાની નથી કે ખટપટી રાજતંત્ર પણ ચલાવવાનું નથી.' મામાનું અપમાન થતું જોઈને ભાણો દુર્યોધન ઉશ્કેરાય છે અને ઘટોત્કચને કહેવા લાગે છે : "શું શું ? તારી (રાક્ષસની) જાત ઉપર ગયો ? ઔચિત્યભાન ભૂલીને આમ કર્કશ બોલવા લાગ્યો છું ? લાંબા હાથવાળા તને તો હું કોઈ ગણતરીમાં લેતો જ નથી. જો તું તારા માતૃપક્ષ–હિડિમ્બા રાક્ષસીના પક્ષ–જેવો ઉગ્ર રૂપવાળો છું તો યાદ રાખજે અમે પણ રાક્ષસોના જેવા ઉગ્ર સ્વભાવવાળા ભયંકર છીએ." ઘટોત્કચ દુર્યોધનને કહે છે કે શાન્તં પાપમ્. એવું ન બોલશો. તમે લોકો તો રાક્ષસો કરતાંય વધુ ક્રૂર છો. કેમ કે રાક્ષસો કદાપિ સૂતેલા ભાઈઓને લાક્ષાગૃહમાં બાળતાં નથી કે ભ્રાતૃપત્નીને વાળથી પકડતા નથી. વળી યુદ્ધમાંય પુત્રવધ કરવાનું વિચારતા નથી. આમ અમે (રાક્ષસો) વિકૃત શરીરવાળા જરૂર હોઈશું પણ તારી જેમ દયા વગરના હોતા નથી." આમ રંગભૂમિ ઉપર જોતજોતામાં ઉગ્ર શાબ્દિક ટપાટપી થઈ જાય છે !

દુર્યોધન વચ્ચેથી જ વાત કાપીને જાણે ઘટોત્કચ ઉપર દયા ખાતો હોય એમ કહે છે કે તું અત્યારે 'દૂત' બનીને આવ્યો છું; કાંઈ યુદ્ધ કરવા નથી આવ્યો. માટે તું પ્રત્યુત્તર લઈને પાછો ફર, અમે કાંઈ દૂતનો વધ કરનારા નથી." આ સાંભળવાથી ઘટોત્કચ વધુ ઉશ્કેરાય છે. એને કોઈ 'દૂધ' કહીને એની ઉપર દયા ખાય એ સહન થતું નથી. તે ક્ષણાર્ધમાં જ જાહેર કરી દે છે કે–હું દૂત નથી. ચાલો આવી જાવ. સૌ એકઠા મળી મારી ઉપર પ્રહાર કરો. આ કોઈ ધનુષ્યની દોરી કપાઈ જવાથી દુર્બળ થયેલો અભિમન્યુ નથી ! તમારી સાથે લડવાનાં સ્વપ્ન તો હું કિશોરાવસ્થાથી જોતો આવ્યો છું !! જેણે યમસદનમાં જવું હોય તે મારા મુક્કી ઉગામેલાની સામે આવીને ઊભો રહે !!

રંગભૂમિ ઉપર ઘટોત્કચનું આવું યુદ્ધ–આહ્વાન સાંભળીને દુર્યોધન, દુઃશાસન અને શકુનિ ઊભા થઈ જાય છે. પણ વૃદ્ધ ધૃતરાષ્ટ્ર વચ્ચે પડે છે અને ઘટોત્કચને ગુસ્સો ત્યજવા વીનવે છે. ઘટોત્કચ પિતામહના વચનને સ્વીકારે છે અને છેલ્લો પ્રશ્ન પૂછી લે છે કે–બોલો તમારે શું પ્રતિસંદેશો કહેવડાવવાનો છે ? દુર્યોધન જ પ્રત્યુત્તર આપે છે કે–એમ અમે કાંઈ ડરામણીથી તમને વશ થઈએ એવા નથી. તને–કૃષ્ણને–કશો પ્રતિસંદેશ મોકલવાનો હોય જ નહીં. તને તો યુદ્ધમાં જ બાણોથી જવાબ મળશે. ઘટોત્કચ પણ પિતામહની રજા લઈને નિવૃત્ત થવા તત્પર થાય છે પણ જતાં જતાં જનાર્દનનો છેલ્લો એક સંદેશો બોલતો જાય છે : "ધર્મનું આચરણ કરી લો, સ્વજનોને સ્નેહ કરી લો, મનની

ઇચ્છા પૂરી કરી લેજો. કેમ કે, કાલે સવારે સૂર્યકિરણોની સાથે પાંડવવેશધારી યમરાજ (અર્જુનના રૂપમાં સ્વયં યમરાજ) જ તમારી સામે આવીને ઊભો રહેશે." અહીં 'ભરતવાક્ય' વિના જ રૂપક સમાપ્ત થાય છે.

ત્રણેય દૃશ્યમાંથી આ છેલ્લું દૃશ્ય જ મહત્ત્વનું છે અને એમાં શ્રીકૃષ્ણે દૂતબનાવીને મોકલેલો ઘટોત્કચ ત્રણ સંદેશા પાઠવે છે. આ ઘટનાને મુખ્ય ગણીને કવિ ભાસે (?) આ કૃતિનું શીર્ષક "દૂતઘટોત્કચ" આપ્યું છે એ સ્પષ્ટ છે.

૭. રૂપક પ્રકાર : ઉત્સૃષ્ટિકાંક

ભરત મુનિએ 'નાટ્યશાસ્ત્ર'માં જે દશ પ્રકારનાં રૂપકો (નાટ્યો) ગણાવ્યાં છે તેમાં એક 'ઉત્સૃષ્ટિકાંક' નામનું રૂપક પણ છે. (નાટક, પ્રકરણાદિમાં આવતા અંકોથી અલગ તારવવા આ રૂપક પ્રકારને કેવળ 'અંક' નહીં કહેતાં 'ઉત્સૃષ્ટિકાંક' કહેવું વધુ ઉચિત ગણાય છે.) 'કાવ્યાનુશાસન' અને 'નાટ્યદર્પણ'માં આ રૂપક પ્રકારને સમજાવતાં લખ્યું છે કે– उन्क्रमेण उन्मुखा दृष्टिर्जीवितं प्राणा यासां ता उत्सृष्टिकाः शोचयन्त्यः स्त्रियस्ताभिर् अङ्कित इति तथोक्तः ॥ જેમની દૃષ્ટિ, જીવન અને પ્રાણો ચાલ્યાં જવા માટે ઉન્મુખ થયાં છે તે સ્ત્રીઓને ઉત્સૃષ્ટિકા કહેવાય છે. આવી રોતી કકળતી સ્ત્રીઓથી ભરેલું જે રૂપક હોય એને "ઉત્સૃષ્ટિકાંક" કહેવાય છે.

નાટ્યશાસ્ત્ર (૧૮ : ૧૩૮–૧૪૫)માં જણાવ્યું છે કે આ ઉત્સૃષ્ટિકાંક રૂપકની કથાવસ્તુ પ્રખ્યાત હોય છે (ક્યારેક કાલ્પનિક પણ હોઈ શકે.) એમાં નાયક સામાન્ય કોટિનો હોય છે પણ દિવ્ય તો ન જ હોવો જોઈએ. મુખ્યત્વે કરુણ રસ વિલસતો હોય છે. તેમાં સાક્ષાત્ યુદ્ધનું દૃશ્ય હોતું નથી. એમાં સ્ત્રીપાત્રોનું પ્રાધાન્ય તથા વૃત્તિ 'ભારતી' પ્રયોજાઈ હોય (અર્થાત્ જેમાં વાચિક અભિનયનું જ પ્રાધાન્ય હોય.) એવી ગોઠવણ કરવી. 'દશરૂપક' તો કહે છે કે આ પ્રકારના રૂપકમાં યુદ્ધ હોય તો પણ તે વાણી પૂરતું જ સીમિત હોવું જોઈએ તથા કથાવસ્તુ એક દિવસની જ ઘટનાને નિરૂપતું હોવું જોઈએ. અન્ય નાટ્યશાસ્ત્રીઓના મતે આ પ્રકારના રૂપકમાં સાત્વતી અને આરભટી વૃત્તિ પણ હોય. ભરત મુજબ એક જ અંક; કોહલ અનુસાર બે અંક, તો 'વ્યાસાંજનેયગુરુ'ના મતે ત્રણ અંક પણ આવા રૂપકમાં હોઈ શકે છે. જો આ પ્રકારના રૂપકમાં એક દિવસની જ ઘટનાનું અને એક જ અંકમાં નિરૂપણ કરવાનું હોય તો સ્વાભાવિક રીતે જ એમાં 'મુખસન્ધિ' અને 'નિર્વહણસન્ધિ' જ હોવાની.

દશરૂપકકાર લખે છે કે–उत्सृष्टिकाङ्के प्रख्यातं वृतं बुद्ध्या प्रपञ्चयेत् ॥ रसस्तु करुणः स्थायी नेतारः प्राकृता नराः ॥ भाणवत्सन्धिवृत्त्यङ्गैर्युक्तं स्त्रीपरिदेवितैः ॥ वाचा युद्धं विघातश्च तथा जयपराजयौ ॥ (दशरूपकम् ७०–७२)

* * *

પ્રસ્તુત 'દૂતઘટોત્કચ'ના રૂપક પ્રકારનો નિર્ણય કરવા ડો. એ. ડી. પુશાલકરે નીચે મુજબ ચર્ચા કરી છે. ટી. ગણપતિશાસ્ત્રીએ નોંધ્યું છે તે મુજબ તો આ નાટ્યકૃતિ નથી પ્રહસન, કે નથી કરુણાંતિકા; વળી એ અનુધારી રીતે જ પૂરી થઈ જાય છે. આ કૃતિના અંતે 'ભરતવાક્ય' પણ આવતું નથી. એથી એમ સૂચિત થાય છે કે કવિ ભાસે આ કૃતિના અંત ભાગે કાંઈક વિશેષ દશ્યો પણ યોજ્યાં હશે, જે આજે ઉપલબ્ધ થતાં નથી. (આમ આ કૃતિ અપૂર્ણ હોય એમ જણાય છે.) ડો. કીથના મતે આ કૃતિ 'વ્યાયોગ' પ્રકારની છે. કેમ કે આ દૂતઘટોત્કચમાં વ્યાયોગનાં પણ અમુક લક્ષણો મળે છે. (જેમ કે પુરુષબાહુલ્ય અને વાગ્યુદ્ધનાં વિસ્તૃત દશ્યોનું અહીં પ્રાધાન્ય છે.) પરંતુ અમને (ડો. પુશાલકરને) એમ લાગે છે કે 'દૂતઘટોત્કચ' એ 'ઉત્સૃષ્ટિકાંક' પ્રકારના રૂપકના લક્ષણોની નજીક છે. જેમ કે, અહીં કરુણ રસનું પ્રાધાન્ય છે; ઉત્તરા દુઃશલા જેવી નવવધૂઓનાં રુદન પણ અહીં છે. અહીં વાચિક યુદ્ધનું વાતાવરણ જ વિલસે છે. વળી આ રૂપક જે હસ્તલિખિત પ્રતમાં સચવાઈ રહ્યું છે તેની પુષ્પિકામાં લખ્યું છે કે "આ 'દૂતઘટોત્કચાંકમ્' પૂર્ણ થયું" (આવું જ કર્ણભારના અંતે કવચાંકમ્ પૂર્ણ થયું એમ લખ્યું છે.) આ શીર્ષકનો નિર્દેશ પણ એવું સૂચવે છે કે આ કૃતિ તે "ઉત્સૃષ્ટિકાંક" પ્રકારના રૂપકની જ છે. (જુઓ : BHASA : A STUDY, By A. D. Pusalkar, Munshiram Manoharlal, Delhi, 1968, p. 197)આ જ પ્રમાણે સી.આર. દેવધરે પણ લખ્યું છે કે ભાંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ પૂના–૪માં સચવાયેલી હસ્તલિખિત પ્રત (નં. ૭ ૧૯૨૬–૨૭)માં પણ પુષ્પિકામાં લખ્યું છે કે–दूतघटोत्कचं नाम उत्सृष्टिकाङ्कं समाप्तम् ॥ આમ આ નાટ્યકૃતિનો–રૂપકનો–પ્રકાર 'ઉત્સૃષ્ટિકાંક' માનવો જ સમુચિત જણાય છે.

૮. 'દૂતઘટોત્કચ'ની પાત્રસૃષ્ટિ

આ કૃતિમાં કુલ નવેક પાત્રો છે, જેમાં ૭ પુરુષપાત્રો છે અને ત્રણ સ્ત્રીપાત્રો છે. ઉત્સૃષ્ટિકાંક હોવાને નાતે એમાં ઘણાં સ્ત્રીપાત્રો હોવાં જોઈએ પણ

અહીં એમની સંખ્યા અધિક નથી. અલબત્ત એક પ્રતિહારી (= રાજગૃહની દ્વારપાલિકા)ને બાદ કરતાં માતા–પુત્રી રૂપે ગાંધારી અને દુઃશલા છે. પણ તેઓ શોકગ્રસ્ત છે, રહે છે અને દુઃખથી ઘેરાઈ ગયેલાં છે. માતા તરીકે ગાન્ધારીના પુત્રો અને જમાઈ જયદ્રથ મરણના દ્વાર ઉપર ઊભા છે. તો બીજી તરફ પુત્રી તરીકે દુઃશલા ઉમરમાં નાની છે અને એના લલાટે વૈધવ્યની કાલિમા ઊતરવાની તૈયારી થઈ ચૂકી છે. આથી તે કરુણ ક્રંદન પણ કરવા લાગી છે.

પરંતુ બીજી તરફ વૃદ્ધ ધૃતરાષ્ટ્ર ભલે શોકગ્રસ્ત હોય પુત્રવિનાશને જોઈ રહ્યા હોય; પણ એ સિવાયનાં પુરુષપાત્રો તો પોતાના પાપીકૃત્યની બડાઈ હાંકે છે અને પોતાનો બરડો થાબડી રહ્યાં છે. અથવા તો પહેલાં ખુદ પોતાના પિતા સાથે અને પછી આગંતુક દૂતની સાથે વાગ્યુદ્ધમાં ઊતરે છે. (આમ પુરુષબાહુલ્ય અને વાગ્યુદ્ધનો સંદર્ભ જોઈને ઘડીક આને 'વ્યાયોગ' પ્રકારનું રૂપક કહેવાનું પણ મન થાય એવી જમાવટ થયેલી જોવા મળે છે.)

આ રૂપકમાં ધૃતરાષ્ટ્ર, દુર્યોધન, ઘટોત્કચ મુખ્ય પાત્રો છે તથા અવ્યક્ત (રંગભૂમિ ઉપર નહીં આવતા હોવા) છતાંય સર્વત્ર વ્યાપ્ત એવા જનાર્દન શ્રીકૃષ્ણ પણ કેન્દ્રવર્તી પાત્ર છે!

ધૃતરાષ્ટ્ર: 'દૂતઘટોત્કચ' એકાંકી રૂપકમાં શરૂઆતથી અંત સુધી રંગભૂમિ ઉપર હાજર રહેતું આ પાત્ર કૌરવપક્ષમાં એકમાત્ર (સાચા અર્થમાં) 'પ્રજ્ઞા'–ચક્ષુ ધરાવનારું પાત્ર છે. દુર્યોધન, શકુનિ અને દુઃશાસનને તો કુમાર અભિમન્યુને હણ્યાનો અને એના થકી વિરોધને સ્થિર કર્યાનો આનંદ અને સંતોષ બંને છે; પણ એમના પિતા ધૃતરાષ્ટ્ર જ એક એવા છે કે જેમને પોતાની બુદ્ધિથી ત્રણેક વાત વિચારો સ્પષ્ટપણે આવે છે કે–(૧) મોટાઓના કલહમાં બાળકોનો વધ ના થવો જોઈએ; (૨) બાળક એવા અભિમન્યુને હણીને હવે એ વધમાં નિમિત્ત બનનાર જયદ્રથ ઝાઝું જીવતો રહેવાનો નથી; અને અંતતોગત્વા પોતાના સો પુત્રોનો પણ વિનાશ થશે જ, તથા (૩) ચક્રાયુધ શ્રીકૃષ્ણ ભગવાન છે અને એમના માર્ગદર્શન હેઠળ પાંડવોને કશું ય અસાધ્ય નથી રહેવાનું.

પ્રથમ દૃશ્યમાં ધૃતરાષ્ટ્ર જ્યારે ગાંધારી અને દુઃશલાની સાથે પ્રવેશે છે ત્યારે અભિમન્યુના વધથી તેઓ સંતપ્ત થાય છે એ તરત જ દેખાઈ આવે છે. પાંડવો અભિમન્યુના વધનો બદલો લેવા એમના સો પુત્રોને મારી નાંખશે એ હવે સ્પષ્ટ છે. એમને ધીમે ધીમે ક્રમશઃ ખબર પડે છે કે આ વધમાં જયદ્રથ નિમિત્ત બન્યો છે. તથા અર્જુનની ગેરહાજરીમાં આ વધ કરવામાં આવ્યો છે. આમાંથી તેઓ ત્રણ સૂચનો પકડે છે: ૧. જયદ્રથનો વધ અને દુઃશલાને વૈધવ્ય મળશે,

૨. કૃષ્ણ અને બલરામનો ભાણો એવો અભિમન્યુ મર્યો છે એથી હવે કોઈ બચવાની આશા નથી. ૩. પુત્રશોકથી સંતપ્ત અર્જુન કે જે 'જનાર્દનસહાય' છે તે એવું કર્મ કરશે કે જેથી પોતે પણ પુત્રવિહીન બની જશે. કવિએ આમ ભયના, અમંગળના વિચારોથી ધૃતરાષ્ટ્રનું વ્યક્તિત્વ શોકગ્રસ્ત થતું જાય છે એ બતાવીને પ્રેક્ષકોના ચિત્તને પણ કરુણ રસમાં આપ્લાવિત કર્યું છે.

બીજા દૃશ્યમાં દુર્યોધન, દુઃશાસન અને શકુનિની ઉપસ્થિતિ થાય છે. ત્યારે આ ધૃતરાષ્ટ્ર એમના અભિવાદનના પ્રત્યુત્તરમાં આશીર્વચન ઉચ્ચારતા નથી એ એમની દીર્ઘદૃષ્ટિની સાક્ષી પૂરે છે. વળી એ પોતાના પુત્રને સાફસાફ સંભળાવે છે કે તારા પક્ષમાં અર્જુનની તુલનામાં ઊતરી શકે એવો કોઈ નથી. કર્ણ તો બિચારો હાસ્યાસ્પદ છે. (શ્લોક : ૨૩). દુઃશાસનને પણ કહે છે કે અભિમન્યુએ બાળક હોવા છતાંય જો 'અમાલ પરાક્રમ' કરી બતાવ્યું હોય, જો એ બીજો અર્જુન જ હતો તો પુત્રવ્યસનથી સંતપ્ત થયેલો 'પાર્થ' તમારા શા હાલ કરશે ? વળી, શકુનિને પણ એ સંભળાવી દે છે કે તેં જુગારીએ જ અમારા કુળમાં આ વૈરાગ્નિ પ્રજ્વલિત કર્યો છે.

ત્રીજા દૃશ્યમાં ઘટોત્કચનો પ્રવેશ થાય છે અને ચક્રાયુધ ભગવાનનો સંદેશ લાવ્યો છે એમ સાંભળતાની સાથે જ તે ધૃતરાષ્ટ્ર બદ્ધાંજલિ બનીને આસન ઉપરથી ઊભા થઈ જાય છે. આમાં એમની સંસ્કારિતા અને શ્રીકૃષ્ણ તરફની આસ્થા છતી થાય છે. ઘટોત્કચ મુઠ્ઠીવાળીને યુધ્ધે ચઢવા તત્પર થાય છે ત્યારે તે 'ક્યાંક બીજો બાળવધ ન થાય" એ વિચારે વચ્ચે પડે છે અને ઘટોત્કચને ક્ષમા દાખવવા કહે છે. અહીં ધૃતરાષ્ટ્રમાં બાળપ્રેમ જીવંત છે એ પણ દેખાઈ આવે છે અને સમગ્રતયા તે અંધ હોવા છતાંય અંધ નથી, સાચા અર્થમાં પ્રજ્ઞા રૂપી ચક્ષુ ધરાવે છે એમ આ નાટ્યકૃતિ જોતાં/વાંચતા જણાઈ આવે છે.

(૨) દુર્યોધન : અભિમન્યુના વધથી ભીષ્મના વધનો બદલો વાળ્યો હોય એમ ખુશ થતો થતો દુર્યોધન બીજા દૃશ્યમાં રંગભૂમિ ઉપર પ્રવેશ કરે છે. કવિ ભાસે મૂળ મહાભારતમાં જેવો સ્વાભિમાની, યુદ્ધખોર અને પારકાનાં બળ ઉપર જીવનારો તથા દુર્ગુણી એવો દુર્યોધન ચીતર્યો છે એવો જ દુર્યોધન આ નાટ્ય-કૃતિમાં રજૂ કર્યો છે.

દુર્યોધનને એકલા બાળ અભિમન્યુને હણ્યા પછી જાણે સમગ્ર વિજય મળી ગયો હોય એવો આનંદમાં બતાવ્યો છે, વળી એને વિરોધ સ્થિર થયાનો પણ સંતોષ છે. એ ભીષ્મના વધનો બદલા લેવા અભિમન્યુને હણવામાં કશું અપકૃત્ય

કે નિર્માલ્યતા જોતો નથી, તથા 'અર્જુન શું કરી લેવાનો છે?' એવા ઘમંડમાં રાચે છે. ધૃતરાષ્ટ્ર અને અર્જુનનાં વિવિધ પ્રસિદ્ધ પરાક્રમો યાદ કરાવે છે ત્યારે એ કર્ણના બળને એની સામે ધરે છે. પારકું બળ એ એને પોતાનું બળ જ લાગે છે. આમાં જે અપ્રકટ મૂર્ખતા છે તે પણ ધૃતરાષ્ટ્ર ધ્યાન ઉપર લાવે છે (કે કર્ણ તો અધરથી છે, એના અસ્ત્રો વિફળ છે વગેરે) ત્યારે પણ તે અભિમાનમાં રાચ્યા કરે છે.

જ્યારે એ અર્જુનની પ્રતિજ્ઞા વિષે સાંભળે છે ત્યારે કોઈ ભય અનુભવવાને બદલે 'પ્રતિજ્ઞા પૂરી નહિ થાય તો એ શું કરશે?' એવો પ્રશ્ન પૂછે છે અને જ્યાં સાંભળે છે કે 'પ્રતિજ્ઞા પૂરી નહીં થાય તો અર્જુન ચિતારોહણ કરશે' ત્યારે તે નાદાન બાળકની જેમ 'ચિતારોહણ...ચિતારોહણ' એમ બોલતો બોલતો રંગભૂમિ ઉપર નાચવા માંડે છે! આમ એની નરી મૂર્ખતા પણ કયારેક બહાર પ્રકટ થતી જોવા મળે છે.

અંતે ઘટોત્કચે સંભળાવેલો કૃષ્ણનો સંદેશો સાંભળીને તે દુર્યોધન એને તુચ્છકારી કાઢે છે અને કશો પ્રત્યુત્તર મોકલવાને બદલે 'તને યુદ્ધમાં બાણોથી જ જવાબ આપીશ" એ દર્પયુક્ત વાણી ઉચ્ચારે છે. એક તબકકે તો એનું અંતસ્તત્ત્વ બહાર ઊછળી આવે છે અને 'પોતે રાક્ષસો કરતાં ય વધુ ઉગ્ર સ્વભાવનો છે' એમ જાહેર કરે છે! આમ તે યથાર્થ 'દુર્યોધન' (દુર્—યોધન—મુશ્કેલીથી જેની સાથે લઢી શકાય એમ છે તેવો) છે એવું ચિત્ર પ્રેક્ષકો સામે ઊપસી આવે છે.

(૩) **ઘટોત્કચ :** ભીમ અને હિડિમ્બાનો પુત્ર એવો આ ઘટોત્કચ (= જેના મસ્તક ઉપરથી વાળ ઉખડી ગયા છે અને એથી માથેથી જે ઘડા જેવો તાલવાળો છે) શ્રીકૃષ્ણના દૂત તરીકે આ રૂપકમાં ઉપસ્થિત થયો છે. આમ તો આ પાત્ર છેક છેલ્લા ત્રીજા દૃશ્યમાં રંગભૂમિ ઉપર પ્રવેશે છે પણ એનું પ્રવર્તન એટલું બધું પ્રભાવક છે કે જેથી એના કાર્યકલાપને આધારે કૃતિનું શીર્ષક પણ 'દૂતઘટોત્કચ' એમ પ્રસિદ્ધ થયું છે.

ઘટોત્કચ માતૃપક્ષે રાક્ષસીપુત્ર છે પણ તેના વારસામાં તો તે કેવળ વિકૃત રૂપવાળો (ઘટ—ઉત્કચ) જ છે બાકી એનું બળ એ સઘળું પિતૃપક્ષે ભીમને જ મળતું આવે છે. એ પ્રવેશ છે ત્યારે આકાશમાંથી ઊડીને ઊતરી આવે છે, ત્યાં એ રાક્ષસીપુત્ર છે. પણ 'અંકુશશંકિત ગજેન્દ્ર' સાથે પોતાને એ સરખાવે છે ત્યારે તે ભીમપુત્ર છે! ધૃતરાષ્ટ્રને જોતાંની સાથે એની ગંભીર આકૃતિ એને સ્પર્શી જાય છે. પણ આંતરસૂઝથી એને એ પણ ખબર પડે છે કે આ ધૃતરાષ્ટ્રની કુટિલતાથી શંકિત થઈ ઊઠેલા દેવોએ આને અન્ધ બનાવવાનું જ ઉચિત સમજ્યું છે! આમ

એનામાં એક વિચક્ષણ જ્ઞાનીના પણ દર્શન થઈ શકે છે. વળી ભીમ જેવો તે ઉતાવળીયો કે બાળસહજ ચંચળતાથી દોરવાતો પણ જોવા મળે છે. ક્યાંય પોતાનું દૌત્યકર્મ ભૂલીને વાગ્યુદ્ધે પણ ચઢે છે. પોતાને દૂત તરીકે ન ગણવા અને સૌને લઢવાનું આહ્વાન આપીને ઊભો રહેતો પણ તે જોવા મળે છે. કૌરવો જોડે તો લઢવાની એની મહેચ્છા કિશોરાવસ્થાની છે; એનું સંહરણ કરવું એને મુશ્કેલ જણાય છે. એ પોતે ધનુષ્યની પણછ કપાઈ જવાથી નિર્બળ બનેલો કોઈ અભિમન્યુ નથી પણ પોતાના પિતા ભીમની જેમ જ હાથને જ આયુધ ગણનારો છે. આથી જ પોતે મુઠ્ઠી ઉગામીને ઊભો છે. જેણે યમસદન જવું હોય તે આવી જાય સામે. એવો પડકાર પણ ફેંકે છે !—આમ કવિ ભાસે દૂત તરીકે રજૂ કરેલો ઘટોત્કચ વાસ્તવમાં તો એક યોદ્ધા તરીકે જ આ નાટ્યકૃતિમાં પ્રવર્તતો જોવા મળે છે !

૯. 'દૂતઘટોત્કચ'નું મૂલ્યાંકન

કવિ ભાસે મહાભારતની કથામાંથી કેટલાક વેધક પ્રસંગો થઈને 'કર્ણભાર', 'દૂતવાક્ય', 'ઊરુભંગ' જેવાં એકાંકી રૂપકોની રચના કરી છે. આ ઉપરાંત 'પંચરાત્ર' અને 'દૂતઘટોત્કચ' જેવાં રૂપકોમાં વાતાવરણ અને પાત્રો મૂળ મહાભારતમાંથી જ લીધાં પણ મહદ્અંશે પોતાની કવિશક્તિથી પ્રસંગ—કલ્પના કરીને અપૂર્વ, નાટ્યસૃષ્ટિ પણ સર્જી છે.

મૂળ મહાભારતમાં કૃષ્ણના દૂતકર્મની કથા આવે છે તેમાં યુગપુરુષ કૃષ્ણે મહાભારતનું યુદ્ધ થતું અટકાવવાનો એક નિષ્ફળ પ્રયાસ કરેલો એનું વર્ણન છે. આ પ્રસંગને આધારે 'દૂતવાક્ય'ની રચના કરી છે. તેવી જ રીતે મહાભારતના યુદ્ધ દરમિયાન પણ યુગપુરુષ શ્રીકૃષ્ણે (અભિમન્યુવધના પ્રસંગને નિમિત્ત બનાવીને) ઘટોત્કચને દૂત તરીકે મોકલ્યાનું કલ્પીને ધૃતરાષ્ટ્રને યુદ્ધના પરિણામ વિષે સાવધાન કર્યાનું નિરૂપાયું છે.

પ્રસ્તુત નાટ્યપ્રકૃતિની સંકલનાની સમીક્ષા કરીએ તો અહીં રૂપકની શરૂઆત થાય એ પૂર્વે અભિમન્યુના વધની ઘટના બની ચૂકી છે. હવે રૂપકમાં જે જોવાનું (= સાંભળવાનું) છે તે કેવળ એ ઘટનાના પ્રતિભાવો અને પ્રત્યાઘાતો જ છે. આ બાળવધના અનુસંધાને ઉપર્યુક્ત જે ત્રિવિધ દશ્યાવલી કવિએ રજૂ કરી છે તેમાં પહેલે તબક્કે ધૃતરાષ્ટ્ર, ગાંધારી અને દુઃશલા ઉપર જે શોકજનક પ્રભાવ પડ્યો છે એનું નિરૂપણ છે. બીજે તબક્કે આ વધથી ખુશ થનાર દુર્યોધન, દુઃશાસન અને શકુનિનો ધૃતરાષ્ટ્ર સાથેનો સંવાદ છે. તેમાં મુર્ખામી અને ઘમંડભરી વાણી દુર્યોધન

ઉચ્ચારે જાય છે. તો ધૃતરાષ્ટ્ર ભયપ્રદ અને વાસ્તવિકતાનું ભાન કરાવતી વાણી વદે જાય છે. તથા છેલ્લે તબકકે દુર્યોધન તરફથી નર્યાં દર્પ અને ધમંડભર્યાં વચનો બોલાય છે અને ઘટોત્કચ તરફથી વીર્યશાલિની વાણીમાં જ સંભાષણ થાય છે. આ વાણી દૂતની વાણી નથી પણ યોદ્ધાની જ વાણી છે; વર્તણુંક પણ એવી જ છે ! આમ સમગ્ર રૂપકમાં સાત્વતી અને આરભટી વૃત્તિ વિલસતી જોવા મળે છે.

રસની દૃષ્ટિએ વિચારીએ તો અહીં મુખ્ય રસ કરુણ જ છે. કેમ કે આરંભે જ પુત્રશોકથી બલ્કે બાળવધથી સંતપ્ત ધૃતરાષ્ટ્રની દુઃખભરી વાણી, ગાંધારીનો પુત્રવધની સંભાવનાથી ઘેરો થતો શોક અને પુત્રી દુઃશલા ઉપર ઊતરતા વૈધવ્યના પડછાયા—એ બધામાં રુદન અને શોકની લાગણી જ વિસ્તાર પામતી જાય છે. ઘટોત્કચના પ્રવેશ પછી જે સંવાદો થાય છે તેમાં ઉપલક દૃષ્ટિએ વીરરસ જણાય છે પરંતુ એના પેટાળમાં તે કરુણ જ ફેલાઈ રહ્યો છે એ સહૃદય પ્રેક્ષકને માટે અપ્રકટ રહેતું નથી. આમ 'ઉત્સૃષ્ટિકાંક'ને અનુરૂપ એવા કરુણ રસનું સામ્રાજ્ય આ કૃતિમાં જોવા મળે જ છે.

આ કૃતિમાં ભાસની અદ્ભુત સંવાદશક્તિનાં પણ દર્શન થાય છે. કૃતિના આરંભે જ દુઃશલા કહે છે કે 'જેણે ઉત્તરાને વૈધવ્ય આપ્યું છે તેણે પોતાની પત્નીને પણ આપ્યું છે એમ જાણવું". એને આ બોલતી વખતે ખબર નથી કે એના પતિ જયદ્રથે જ અભિમન્યુને હણીને ઉત્તરાને વૈધવ્ય આપ્યું છે. તેથી એનું વૈધવ્ય પણ એના પતિના હાથે જ નિશ્ચિત થઈ ચૂકયું છે.—આમ એક હૃદયસ્પર્શી નાટયાત્મક વક્રોક્તિનો પરિચય પ્રારંભે જ મળે છે. એ પછી દુર્યોધનની 'ચિતારોહણ... ચિતારોહણ..." એમ રંગભૂમિ ઉપર નાચતા નાચતા બોલાતી સાવ બાલિશ ઉક્તિ અને "અમારા કરતાં તમે (કૌરવો) વધુ ક્રૂરતર છો કેમ કે અમે તો કેવળ ઉગ્ર રૂપવાળા છીએ જ્યારે તમે તો ક્રૂરસ્વભાવ અને આચરણવાળા છો." એવી ઘટોત્કચની ઉક્તિઓ પ્રેક્ષકોના ચિત્તને હચમચાવી મૂકે એવી છે.

જોકે કેટલાક વિવેચકોને આ કૃતિ એકાએક જ પૂરી થઈ જતી અને તેથી જ અધૂરી રહેલી કૃતિ હોય એવી જણાઈ છે. વળી તેમાં 'ભરતવાકય' પણ છેલ્લે આવતું નથી. ડો. વિન્ટરનિત્ઝનાં મતે આ થાગડ-થીગડ કરીને બનાવેલી a patchwork કૃતિ જેવી છે.

પરંતુ ડો. પુસાલકર અને ડો. દેવધર જણાવે છે તેમ 'દૂતઘટોત્કચ' એવા શીર્ષકમાંથી આ રૂપકનો જે કાર્યવેગ—જે લક્ષ્ય—અભીષ્ટ છે તે આ ઉપલબ્ધ અંશમાં સારી રીતે નિરૂપાયો છે. ઘટોત્કચે શ્રીકૃષ્ણના ત્રણેય સંદેશા. ૧. ધૃતરાષ્ટ્રને, ૨. દુર્યોધનને અને ૩. સૌ કૌરવ રાજકુમારોને—રજૂ કર્યા પછી જ કૃતિ પૂરી

થતી જોવા મળે છે. આમ તે પૂરા દૂતકર્મને રજૂ કરતી સંપૂર્ણ કૃતિ છે. ('ભરત-વાક્યનું ન હોવું" એટલા એકમાત્ર પ્રમાણથી કોઇ કૃતિને અધૂરી કહેવી તે ઠીક નથી. કેમ કે, ભાસની ઊરુભંગ, મધ્યમવ્યાયોગ અને ચારુદત્ત જેવી અન્ય કૃતિઓમાં પણ ભરતવાક્ય મળતું નથી.) ડો. દેવધરે તો સ્પષ્ટ શબ્દોમાં લખ્યું છે કે—We shall discard the notion that it is a patchwork, and see that the plot is essentially coherent and has an organic unity of its own. (Dūtaghaṭotkacam, Edited by Dr. C. R. Devadhar, Poona, 1957, p, 6.)

૧૦. "કવિ ભાસનું મહાભારત-દર્શન"

આપણે સૌ જગતને અને જગતમાં બનતી ઘટનાઓને જોઈએ છીએ જાણીએ છીએ, અનુભવીએ છીએ. પરિણામે સચેતન પ્રાણી હોવાને નાતે આપણામાં કંઈક પ્રતિભાવ જન્મે છે. હવે જે વ્યક્તિમાં (કારયિત્રી) પ્રતિભાનો ઉન્મેશ સવિશેષ હોય છે તે આવા પ્રતિભાવને પોતાના 'કાવ્ય'માં 'વર્ણવે' છે. ક્યારેક આવા પ્રતિભાવના વર્ણન ઉપરાંત જગતની ઘટનામાંથી ઉદ્ભૂત થયેલું કોઈક દર્શન પણ તે રજૂ કરે છે. આવી વર્ણન કરવાની અને દર્શન રજૂ કરવાની જેનામાં શક્તિ હોય તેને આપણે કવિ કહીએ છીએ : दर्शनात् वर्णनाच्चैव कविरित्युच्यते ॥

નાટ્યકાર ભાસના મનમાં પણ 'મહાભારત' નામનો ઇતિહાસ ગ્રંથ વાંચ્યા પછી કોઈક પ્રતિભાવ જન્મ્યો હશે. "આવું મોટું અને સમૃદ્ધ કુરુવંશ કેમ નામશેષ થઈ ગયું ? મહાભારતના મહાવિગ્રહમાં દુર્યોધનાદિ મહાયોદ્ધાઓ કેમ નાશ પામ્યા ? આ યુદ્ધ ખરેખર શું અનિવાર્ય હતું ? ગુરુ દ્રોણ, પિતામહ ભીષ્મ અને યુગપુરુષ કૃષ્ણની હાજરીમાં આવું કેમ બન્યું હશે ?"—ભાસના ચિત્તમાં ઊઠેલા આવા પ્રશ્નોના જવાબ રૂપે, કવિ ભાસના હાથે રચાયેલી (ઊરુભંગ, કર્ણભાર, દૂતવાક્ય, દૂતઘટોત્કચ, મધ્યમવ્યાયોગ, પંચરાત્ર અને યજ્ઞફલ.) મહાભારતમૂલક રૂપકોની સૃષ્ટિ આપણને પ્રાપ્ત થઈ હોય એમ લાગે છે.

કવિ ભાસે 'દૂતવાક્ય' નામના એકાંકી રૂપકમાં—યુગપુરુષ શ્રીકૃષ્ણ પોતે પાંડવોના દૂત બનીને, દુર્યોધનને સમજાવવા જાય છે કે પાંડવોને દાયાદ તરીકે રાજ્યાર્ધ આપવામાં આવે. પરંતુ દુર્યોધન તો કૃષ્ણ દૂત બનીને આવ્યા છે એમ સાંભળીને, કૃષ્ણનું અપમાન કરવાની તૈયારી કરે છે. સૌ સભાસદોને આજ્ઞા ફરમાવે છે કે કેશવને માન આપવા કોઈએ ઊભા ન થવું. અન્યથા બાર

સુવર્ણભારનો પોતે દંડ કરશે. દુર્યોધન પોતે પણ દ્રૌપદીનું વસ્ત્રાહરણ જેમાં આલેખાયું છે તેવા ચિત્રપટને લઈને તેમાં ધ્યાનસ્થ થવા પ્રયત્ન કરે છે કે જેથી કરીને પોતે પણ ક્યાંક ભૂલથી કેશવને માન આપવા ઊભો ન થઈ પડે ! —આ ચિત્રપટ પ્રસંગથી કવિએ દુર્યોધનમાં સમાધાનવૃત્તિનો સદંતર અભાવ છે એ ખૂબ સુંદર રીતે વ્યંજિત કરી દીધું છે. તદુપરાંત એ જે ચિત્રપટ-દ્રૌપદીના વસ્ત્રાહરણનું જેમાં આલેખન થયું છે—લઈને બેસે છે તેનાથી કવિએ એ પણ સૂચવી દીધું છે કે કૌરવોએ પોતાના ભાઈઓની પત્નીને હાથ અડકાડવાનું જે ઘોર પાતક કર્યું છે તેનું પરિણામ તે કુળના નાશ સિવાય બીજું કશું ન હોઈ શકે. કૃષ્ણ કહે છે : 'કોણ આના (દુર્યોધનના) સિવાય બીજો કોઈ પોતાના દોષોને આવી રીતે (ચિત્રપટો દોરાવી) સભાગૃહોમાં ઉદ્ઘાટિત કરતો હશે ?' કૃષ્ણ દુર્યોધનને અનેક રીતે સમજાવવા પ્રયત્ન કરે છે : 'હે રાજન્ ! આમ પરસ્પર વિરોધ વધારવાથી તો કુરુકુલ જલ્દીથી નામશેષ થઈ જશે. માટે રોષ છોડીને યુધિષ્ઠિરને મુખ બનાવીને પાંડવો પ્રેમપૂર્વક જે કહી રહ્યા છે તે કરવું' 'ભાઈઓ ઉપર પ્રેમ કરવો જોઈએ, ભાઈઓના ગુણોતર (=દોષો)ને ભૂલી જવા જોઈએ. કેમ કે આ લોક અને પરલોક ઉભય-માં બાંધવો સાથેનો સંબંધ જ શ્રેયસ્કર છે.' 'હે ધૃતરાષ્ટ્રના પુત્ર ! મારા કહેવાથી તારે પાંડવોને રાજ્યાર્ધ આપી દેવું જોઈએ. નહીં તો સાગર પર્યન્તની પૃથિવીને પાંડવો હરી જશે.' વગેરે. આમ રાજ્યાર્ધ આપી દેવામાં તો કુરુવંશ નામશેષ થતું અટકી જાય એમ કૃષ્ણ સામથી અને ભયથી દુર્યોધનને જણાવે છે પણ આહવદર્પ (=યુદ્ધનો જેને દર્પ ચઢ્યો છે.) અને અનુક્તગ્રાહી (=કહેલું ગ્રહણ નહીં કરનાર) દુર્યોધનને કૃષ્ણ અભાષ્ય (વાત કરવા યોગ્ય નહીં તેવા) લાગે છે ! દુર્યોધન ગુસ્સે થાય છે અને સભાસદોને આજ્ઞા કરે છે કે કેશવને પકડવામાં આવે. આ વખતે ગુસ્સામાં શ્રીકૃષ્ણને ઘડીભર એમ થાય છે કે હું જ કૌરવોનો સંહાર કરી નાંખું. તે સુદર્શન ચક્રને સ્મરે પણ છે, ચક્રની સાથે વારાફરતી કૃષ્ણનાં અન્ય આયુધો પણ ઉપસ્થિત થાય છે. પરંતુ સુદર્શન તેમ ન કરવા વિનંતી કરે છે. કૃષ્ણ રોષ છોડે છે અને આયુધો વિદાય લે છે. અંતે ધૃતરાષ્ટ્ર પોતાના પુત્રવતી માફી માંગે છે અને કૃષ્ણને ફરી આવવા માટે વિદાય આપે છે. રૂપક પૂર્ણ થાય છે.

દૃશ્યમાં દુર્યોધનને પોતાના હાથે થયેલાં દુષ્કૃત્યોનો અફસોસ તો નથી જ, પણ તેમાં તે ગૌરવ અનુભવે છે. પોતાનાં દુષ્કૃત્યોને તે ચિત્રપટો દ્વારા ચિરંજીવ બનાવવા પ્રયત્ન કરે છે. તેને પાંડવો સાથે સમાધાન કરવું નથી. પાંડવો સાથે વિગ્રહ ઊભો થતાં તેને હર્ષનો પાર નથી. આથી કૃષ્ણનાં સમાધાન કરાવવાના સંનિષ્ઠ પ્રયત્નો નિષ્ફળ પુરવાર થયા છે એમ કવિએ આ રૂપકમાં વર્ણવ્યું છે.

કવિએ યુગપુરુષ કૃષ્ણના એક નિષ્ફળ પ્રયત્નનું અહીં વર્ણન કર્યું છે તે સાચું પણ રૂપકના આરંભે જ જે મંગલશ્લોક—નાન્દીશ્લોક—મૂક્યો છે તે પણ ખૂબ સૂચક છે.

पादः पायाद् उपेन्द्रस्य सर्वलोकोत्सवः स वः ।
व्याविद्धो नमुचिर्येन ताम्रताम्रनखेन खे ॥

"(વિષ્ણુના) આછા તામ્રવર્ણના નખવાળા જે પાદે આકાશમાં 'નમુચિ' ન મુઞ્ચતિ । જે પારકું લઈ લીધેલું છોડતો નથી તે) નામના રાક્ષસને વીંધી કાઢયો હતો તે સૌ લોકોને માટે ઉત્સવ રૂપ એવો ઉપેન્દ્ર-વિષ્ણુ-નો પાદ તમારું (પ્રેક્ષકોનું) રક્ષણ કરો."

કવિ ભાસને મહાભારત વાંચ્યા પછી લાગ્યું છે કે પાંડવોનું રાજ્ય અધર્મથી પડાવી લેનાર દુર્યોધન રૂપી નમુચિને અંતે પરમાત્માએ-પાંડવોના સહાયક બનીને અને પાંડવોને નિમિત્ત બનાવીને હણી કાઢયો છે તેમ આપણા સૌમાં વસ્તોઓછે અંશે રહેલી નમુચિવૃત્તિને-પારકાનું લઇને પાછું નહિ આપવાની વૃત્તિને-પરમાત્મા દૂર કરી દે એવી મંગલકામના આ શ્લોકમાં રજૂ કરવામાં આવી છે. દુર્યોધનની નમુચિવૃત્તિએ કુરુવંશનો સર્વનાશ ઉત્પન્ન કર્યો છે એમ કવિનું સ્પષ્ટ 'દર્શન' હોય એમ જણાય છે.

કવિ ભાસે 'દૂતઘટોત્યક' એ રૂપકમાં કૌરવોએ મહાભારતના યુદ્ધ દરમિયાન કરેલા બીજા એક ઘોર પાતક તરફ અંગુલિનિર્દેશ કર્યો છે: રૂપકના આરંભે ધૃતરાષ્ટ્ર માહિતી મેળવી રહ્યા છે કે કયા સંયોગોમાં અને કોના હાથે અભિમન્યુ હણાયો છે. ધૃતરાષ્ટ્ર સ્પષ્ટ માને છે કે મોટાઓના ઝઘડામાં કુરુવંશના (ભાવિ) નાથ અને અર્જુનના પ્રથમ પ્રવાલ સમાન બાળકનો વધ ન થવો જોઈએ. કોઈનુંય-શત્રુનુંય-સંતાન હોય તો પણ તેના પ્રત્યે આપણા હૃદયમાં કરુણા હોવી જોઈએ. આ કરુણાની વાત તો બાજુએ રહી પણ દુર્યોધન સ્પષ્ટ કરે છે કે અભિમન્યુને અમે સૌએ ભેગા મળીને માર્યો છે. ધૃતરાષ્ટ્રનું હૃદય પુણ્યપ્રકોપથી પ્રજવલી ઊઠે છે: 'નિર્દય એવા તમે સૌએ ભેગા મળીને એકલા બાળ અને (તમારા જ) પુત્ર ઉપર પ્રહાર કરતાં તમારા હાથ હેઠા કેમ ન પડી ગયા ? પણ દુર્યોધનને મન આનંદ છે કે—હાશ અભિમન્યુના વધથી વિરોધ સુસ્થિર થયો !

રૂપકના ઉત્તરાર્ધમાં કૃષ્ણનો દૂત ઘટોત્કચ પ્રવેશ કરે છે. દૂતની દુર્યોધન સાથેની વાતચીત દરમિયાન કવિ ફરી એકવાર કૌરવોના દુષ્કૃત્યોને ઉદ્ઘાટિત કરે

છે : દુર્યોધન કહે છે કે અલ્યા ઘટોત્કચ, આ તારો દર્પ તારા ઉગ્ર માતૃપક્ષ–હિડિમ્બા–ને અનુરૂપ હોય તો અમે પણ રૌદ્ર છીએ અને રાક્ષક જેવા ઉગ્ર સ્વભાવના છીએ. ઘટોત્કચને દુર્યોધનની ભૂલ સુધારતાં કહેવું પડે છે કે ના ના તમે તો રાક્ષસો કરતાંય ક્રૂરતર છો. કેમ કે 'નિશાચરો લાક્ષાગૃહમાં સૂતેલા ભાઈઓને સળગાવતા નથી, ભાઈની પત્નીને માથેથી પકડતા નથી, યુદ્ધમાં (પણ) પુત્રનો વધ કરવાનું વિચારી શકતા નથી અમે નિશાચરો વિકૃત શરીરવાળા અને ઉગ્ર આચારવાળા હોઈએ છીએ પણ અમે દયા વગરના નથી હોતા.' જ્યારે કૌરવોએ તો આ બધાં જ પાતકો કર્યાં છે,)

બીજી તરફથી, આ રૂપકમાં અભિમન્યુવધને નિમિત્ત બનાવીને શ્રીકૃષ્ણે ધૃતરાષ્ટ્રને કહેવડાવ્યું છે કે એક પુત્રના વિનાશથી અર્જુનને આટલું દુઃખ થયું હોય તો તમારા સો પુત્રો હણાશે ત્યારે તમને શું થશે ? એનો વિચાર કરો. પુત્રશોકથી ઉત્પન્ન થયેલો વિરહાગ્નિ તમારા પ્રાણમય હવિને બાળી મૂકે તે પહેલાં તમારા પક્ષની સેનાને જલદી રોકી લો. પણ દુર્યોધન ઘટોત્કચ જોડે કહેવડાવે છે કે બહુ શેનો બકવાસ કરે છે ? किं व्यर्थं बहु भाषसे ?...પાંડવોની સાથે તું (કૃષ્ણ) ઊભો રહેજે; તને બાણોથી જવાબ આપીશ. આમ યુદ્ધમાં લડી લેવાની જ ઇચ્છા અંતે પ્રકટ કરે છે.–આમ આ રૂપકમાં પણ શ્રીકૃષ્ણનો યુદ્ધવિરામ કરાવવા માટેનો પ્રયત્ન નિષ્ફળ જતો વર્ણવાયો છે અને કૌરવ વંશના વિનાશના મૂળમાં રહેલાં અનેક પાતકોમાં અતિગર્હ્ય એવા બાળવધરૂપી પાતકને કવિએ ઉપસાવ્યું છે.

* * *

કૌરવોના વિનાશ અને પાંડવોની જીતના મૂળમાં પાંડવોના પક્ષે સત્ય (જ) હતું એમ પણ કવિએ બતાવ્યું નથી. 'ઊરુભંગમાં પાંડવોએ આચરેલી અનીતિને છતી કરી જ છે ભીમે યુદ્ધના નિયમોને બાજુએ મૂકી દુર્યોધનના ઊરુ ઉપર જે પ્રહાર કર્યો તે જોઈને વ્યાસ આકાશમાં ઊડી ગયા. બલરામ ક્રુદ્ધ થયા અને ગુરુપુત્ર અશ્વત્થામાને રાત્રિયુદ્ધ ખેલવાની પ્રતિજ્ઞા લેવી પડી–તે બતાવ્યું જ છે. પરંતુ દુર્યોધન જ કહે છે તેમ કૌરવોએ (દુર્યોધને) જે કર્યું–'દ્યુતમાં હાથ વડે વાળનો ચોટલો પકડીને દ્રૌપદીને ખેંચી લાવ્યા; બાળક હતો છતાંય પુત્ર અભિમન્યુને રણમાં હણી કાઢયો અને પાસાના બહાને જીતી લીધેલા પાંડવોને જંગલમાં વનમૃગોની સાથે નિવાસ કરાવડાવ્યો તે બધું વિચારો. આની સામે તે (યુદ્ધ) દીક્ષિતોએ મારા વિષે દર્પને ખૂંચવી લેનાર અન્યાય તો બહુ થોડો કર્યો છે.'

આમ કુરુવંશના વિનાશમાં કારણભૂત એવાં પૂર્વોક્ત પાતકો રહેલાં છે અને મહાભારતના યુદ્ધની અનિવાર્યતામાં કૃષ્ણના સંનિષ્ઠ પ્રયત્નોની નિષ્ફળતા રહેલી છે એ વાત કવિ ભાસે સુચારુરૂપે ઉપસાવી છે.

કવિ ભાસે મહાભારતનું યુદ્ધ કેમ થયું તેને તો ઉપર્યુક્ત કૃતિઓમાં વર્ણવ્યું. પરંતુ જે મૂળ મહાભારતમાં હતું જ તેને વર્ણવવા માત્રથી કવિ ભાસને સંતોષ થયો નથી. એમનું અંતઃકરણ સંતપ્ત જ રહ્યું છે. (શોક શ્લોકત્વ ન પામે ત્યાં સુધી કવિને વળી શાંતિ ક્યાંથી ?!) પરિણામે કવિ ભાસની પ્રતિભામાંથી જન્મે છે 'પંચરાત્ર' નામનું ત્રિઅંકી રૂપક.

આ 'પંચરાત્ર' રૂપકના આરંભે કવિ ભાસે વિષ્કંભકમાં બટુચાપલને કારણે લાગેલી આગનું એક વર્ણન કર્યું છે. તેમાં કહ્યું છે કે જેવી રીતે એક સૂકા વૃક્ષથી આખું વન બળી જાય, કે કુલમાં એક ચારિત્ર્યહીન પુરુષ પાકે તો કુલનો વિનાશ થાય એમ (આ આગથી આખી યજ્ઞશાળા સળગી જાય છે). અહીં આગના વર્ણનથી રૂપકાત્મક રીતે મહાભારતનું યુદ્ધ કેમ થયું ? કોના કારણે થયું ? તે કવિએ કહી દીધું. પણ મહાભારતના ઇતિહાસમાં અન્યથા પણ કંઈક થઈ શકયું હોત તેનું કવિ ભાસને જે દર્શન લાધ્યું છે, તે વિષ્કંભક પછીના અંકોમાં તેમણે નિરૂપ્યું છે : ગુરુ દ્રોણ સ્પષ્ટપણે માને છે કે—

> अतीत्य बन्धूनवलङ्घ्य मित्राण्याचार्यमागच्छति शिष्यदोषः ।
> बालं ह्यपत्यं गुरवे प्रदातुर्नैवापराधोऽस्ति पितुर्न मातुः ॥

"શિષ્યનો દોષ સગાંવહાલાંને છોડીને, મિત્રોને વટાવીને આચાર્યને ભાગે આવે છે. કારણકે બાલ્યાવસ્થામાં જ સંતાન ગુરુને સોંપી દીધા પછી પિતાનો કે માતાનો તે ગુનો ગણાતો નથી." ગુરુદ્રોણની આ માન્યતામાંથી સમગ્ર 'પંચરાત્ર' રૂપકનું પ્રવર્તન થયું છે. મૂળ મહાભારતમાં દ્રૌપદી–વસ્ત્રાહરણ પ્રસંગે 'પિતામહ ભીષ્મ અને ગુરુદ્રોણમાં કોઈ સત્ત્વ જ નથી કેમ કે તેઓ આ ઉગ્ર અધર્મને જોઈ શકતા જ નથી અથવા તો તેનો પ્રતિવાદ/પ્રતિકાર કરી શકતા જ નથી.' એમ કહેવાયું છે. પણ આપણા કવિ ભાસે વિચાર્યું છે કે જો ગુરુદ્રોણ અને પિતામહ ભીષ્મ આ પાપ વિશે ઉદાસીન ન બન્યા હોત, સક્રિય બન્યા હોત તો મહાભારતનું પરિણામ કંઈક જુદું આવી શકયું હોત.

* * *

ગુરુદ્રોણ પોતાના શિષ્યે યજ્ઞ કર્યો છે તેથી હર્ષ અનુભવે છે અને દક્ષિણા માંગવાનો પ્રસંગ ઊભો થતાં, તક ઝડપી લઈને પાંડવોને રાજ્યાર્ધ આપવાની માંગણી કરે છે. ભીષ્મ વિચારે છે તેમ આ વિપ્ર દ્રોણને પોતાના અંગત સ્વાર્થ માટે કશુંય માંગવાનું તો હતું નહીં પણ પોતાની હાજરીમાં પોતાનો શિષ્ય દુર્યોધન પાંડવો પ્રત્યે અન્યાય આચરે તો તેના દોષ પોતાને પણ લાગે એમ તેઓ સ્પષ્ટ માને છે. આથી તે પાંડવો માટે રાજ્યાર્ધ માગ્યા વિના રહી શકતા નથી. અલબત્ત દક્ષિણા તરીકે આ માંગણી ન સ્વીકારવી એમ શકુનિ સલાહ આપે છે : અને જો દુર્યોધન 'ગુરુને દક્ષિણા આપીશ' એવી પ્રતિજ્ઞાથી બંધાઈ જ ગયો હોય તો 'પાંચ રાતમાં પાંડવોને શોધી આપવામાં આવે તો જ રાજ્યાર્ધ આપીશું' એવી દુષ્કર શરત મૂકવી એવો દુર્યોધનને તે ઉપદેશ આપે છે.

ગુરુને આ શરતનું પાલન થવું અશક્ય લાગે છે, પણ હૃદયમાં શિવસંકલ્પ હતો તેથી અકસ્માત્ વિરાટનગરમાંથી કોઇકે સો કીચકોનો અશસ્ત્ર વધ કર્યો છે." તેવા સમાચાર આવે છે. ભીષ્મને સમજાય છે કે–આ કામ ભીમ સિવાય બીજા કોઈનું'ય નથી. આથી તે દ્રોણને શકુનિની શરત સ્વીકારી લેવા કહે છે. ભીષ્મ પણ પોતાનું કુળ વિગ્રહમાં ઢસડાઈ ન જાય તેમ ઈચ્છે છે. તેથી તે દ્રોણને મદદ કરવા સક્રિય બને છે. મૂળ મહાભારતમાં કુરુવંશના બે વડીલો ભીષ્મ અને દ્રોણ. ઉદાસીન રહ્યા છે. પણ અહીં તે બંને કુલવિગ્રહમાં અભાનપણે અનાયાસે નિમિત્ત બનવાને બદલે કુલસંગ્રહ માટે સભાન પ્રયત્નો કરે છે.

વિરાટનગરના સો કીચકનો અશસ્ત્ર વધ કરનાર ભીમ જ હશે એમ ભીષ્મ અનુમાનથી માને છે. તે દુર્યોધનને ચઢાવે છે કે મારે વિરાટ જોડે ગુપ્ત વેર છે અને આજે વળી તેણે તારા યજ્ઞમાં નહીં આવીને અપરાધ કર્યો છે તેથી તેની ગાયો ઉપાડી લાવીએ. ભીષ્મની સ્પષ્ટ ગણતરી છે કે વિરાટની ગાયો ઉપાડી જતા હોઈશું તો જો પાંડવો ત્યાં હશે તો તેઓ શાંત રહેશે નહીં–છાના રહેશે નહીં. પાંડવો જરૂર પ્રકટ થઈ જશે અને આમ પાંચ રાત્રિમાં પાંડવોને શોધી આપી શકાશે. સૌ કૌરવો ગોગ્રહણ માટે ઉદ્યત બને છે. રૂપકના અંતે ભીષ્મની ગણતરી મુજબ પાંડવોનું પ્રકટીકરણ થાય છે અને દુર્યોધન પ્રતિજ્ઞાનુસાર ગુરુ દ્રોણની દક્ષિણા રૂપે પાંડવોને રાજ્યાર્ધ આપી દે છે. મહાભારતનું યુદ્ધ થવાને કોઈ કારણ રહેતું નથી. આ કુલવિગ્રહને બદલે ગુરુદ્રોણના અને પિતામહ ભીષ્મના સંનિષ્ઠ પ્રયત્નોથી કુલસંગ્રહ સિદ્ધ થાય છે એવું કવિ ભાસે કલ્પ્યું છે–દર્શાવ્યું છે.

* * *

કવિ ભાસનું આ 'દર્શન' છે કે જો કુરુવંશના વડીલો સક્રિય બન્યા હોત તો સંભવ છે કે મહાભારતનું યુદ્ધ ન થયું હોત. મહાભારતના યુદ્ધના મૂળમાં એક તરફથી જો યુગપુરુષ કૃષ્ણના પ્રયત્નોની નિષ્ફળતા હોય તો બીજી તરફથી વડીલોની નિષ્ક્રિયતા પણ એટલી જ જવાબદાર છે એમ કવિ ભાસ માને છે અને નિરૂપે છે.

* * *

મૂળ મહાભારતમાં જ જરાસંધ કૃષ્ણને પૂછે કે મેં તમારું કશુંય અહિત કર્યું નથી. તો પછી તમે શા માટે યુદ્ધ માંગી રહ્યા છો? ત્યારે કૃષ્ણે જણાવ્યું છે કે હા, તેં પ્રત્યક્ષ તો અમારું (કૃષ્ણ, ભીમ અને અર્જુનનું) કશુંય બગાડયું નથી. પણ તું જે એકસો રાજાઓને ભેગા કરીને નરમેધ યજ્ઞ કરવાનો છે, તેને અમારે રોકવો જોઈએ, નહીં તો તેં–જરાસંધે–વિચારેલા આ નરમેધ યજ્ઞનું પાપ અમને પણ લાગશે. અમે ધર્મચારીઓ ધર્મનું રક્ષણ કરવા સમર્થ છીએ (માટે તારી પાસે યુદ્ધ માંગીએ છીએ.) કૃષ્ણનો આ જવાબ છે.

* * *

મહાભારતમાં વ્યાસે એક બીજી કથા મૂકી છે : ઔર્વ ભાર્ગવે કાર્તવીર્યોનો સંહાર કરવા માટે તપ કરવાનું શરૂ કર્યું. સ્વર્ગસ્થ પિતૃઓએ તેને આવું તપ કરવાની ના કહી. પણ ઔર્વે પોતાના ક્રોધનું કારણ આપતાં જણાવ્યું કે–હું સમર્થ છું છતાંય જો આ કાર્તવીર્યો તરફથી થતા અન્યાયની ઉપેક્ષા કરશે તો ફરીથી અત્યાચાર થવાનો ભય ઊભો થશે. વળી કહ્યું છે કે–

जानन्नपि च यः पापं शक्तिमान्न नियच्छति ।
ईशः सन्सोऽपि तेनैव कर्मणा संप्रयुज्यते ॥ (१. १७१–११)

અર્થાત્–

"કોઈ વ્યક્તિ આ જગતમાં થતાં પાપ (અન્યાય કે ભ્રષ્ટાચાર)ને જાણતો હોય, અને તેને રોકવા શક્તિમાન પણ હોય, છતાંય જો તે તેને રોકતો નથી તો તે વ્યક્તિ ખુદ ઈશ્વર હોય તો પણ તે જ પાપકર્મથી લેપાય છે."

કવિ ભાસે આ જીવનદર્શન શબ્દાંતરે–"શિષ્યે કરેલા ગુનાઓ ગુરુને લાગુ પડે છે–ગુરુ શિષ્યના દોષોના ભાગીદાર બને છે." એ ઉક્તિ દ્વારા પોતાના 'પંચરાત્રમ્' નામના ત્રિઅંકી રૂપકમાં રજૂ કર્યું છે.

अतीत्य बन्धूनवलङ्घ्य मित्राण्याचार्यमागच्छति शिष्यदोषः ।
बालं ह्यमत्त्यं गुरवे प्रदातुर्नैवापराधोऽस्ति पितुर्न मातुः ॥

(पञ्चरात्रम् १-२१)

અર્થાત્ શિષ્યે કરેલા દોષ સગાંવહાલાને છોડીને, મિત્રોને વટાવીને આચાર્યને ભાગે આવે છે. કારણ કે બાલ્યાવસ્થામાં રહેલું સંતાન ગુરુને સોંપી દેતાં પિતાનોય વાંક ગણાતો નથી કે માતાનો પણ ગુનો ગણાતો નથી.

* (સામ્મનસ્યમ્ બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદ્ અમદાવાદ; એપ્રિલ ૧૯૯૨ના અંકમાં પ્રકાશિત લેખ.)

॥ श्रीः ॥

भासनाटकचक्रे

दूतघटोत्कचम्

पात्राणि

धृतराष्ट्रः—दुर्योधनस्य पिता ।

भटः —जयत्रातो वार्ताहरः ।

दुर्योधनः—कुरुराजः ।

दुःशासनः—दुर्योधनस्य भ्राता

शकुनिः —कुरुराजस्य मातुलः

घटोत्कचः—भीमपुत्रो राक्षसः

गान्धारी —दुर्योधनस्य माता

दुःशला —दुर्योधनस्य भगिनी, जयद्रथस्य पत्नी

प्रतिहारी —राजकुले द्वारपालिका ।

महाकवि-भास-विरचितं

दूतघटोत्कचम्

(नान्द्यन्ते ततः प्रविशति सूत्रधारः ।)

सूत्रधारः-

नारायणस्त्रिभुवनैकपरायणो वः
पायादुपायशतयुक्तिकरः सुराणाम् ।
लोकत्रयाविरतनाटकतन्त्रवस्तु-
प्रस्तावनप्रतिरूमापनसूत्रधारः ॥१॥

(परिक्रम्य) एवमार्यमिश्रान्विज्ञापयामि । अये किं नु खलु मयि विज्ञापनव्यग्रे शब्द इव श्रूयते । अङ्ग पश्यामि ।

(नेपथ्ये ।)

भो भो निवेद्यतां निवेद्यतां तावत् ।

सूत्रधारः—भवतु । विज्ञातम् । एष खलु संशप्तकानीकनिवाहिते जनार्दनसहाये धनञ्जये तदनन्तरमुपगतभीष्मवधामर्षितैर्धार्तराष्ट्रैः परिवार्य निपातितः कुमारोऽभिमन्युः । तथाहि-

यान्त्यर्जुनप्रत्यभियाभीता
यतोऽर्जुनस्तां दिशमीक्षमाणाः ।
नराधिपाः स्वानि निवेशनानि
सौभद्रबाणाङ्कितनष्टसंज्ञाः ॥२॥

(निष्क्रान्तः ।)

(स्थापना)

(ततः प्रविशति भटः ।)

भटः—भो भो ! निवेद्यतां तावत्पुत्रशतश्लाघ्यबान्धवाय विज्ञानविस्तारितविनयाचारदीर्घचक्षुषे महाराजाय धृतराष्ट्राय । एष खलु-

योधस्यन्दनवाजिवारणवधैर्विक्षोभ्य राज्ञा बलं
बालेनार्जुनकर्म येन समरे लीलायता दर्शितम् ।
सौभद्रं स रणे नराधिपशतैर्वेगागतैः सर्वशः
खे शक्रस्य पितामहस्य सहसैवोत्सङ्गमारोपितः ॥३॥

મહાકવિ-ભાસ-વિરચિત

દૂતઘટોત્કચ

(નાન્દી પૂરી થયા પછી સૂત્રધાર પ્રવેશે છે.)

સૂત્રધાર : કેવળ ત્રિભુવનને વિષે જ પરાયણ એવા નારાયણ, કે જે દેવોને (આપત્તિ કાળમાં બચાવવા) માટે સેંકડો ઉપાયો યોજવા (અનેક) યુક્તિઓ કરનારા છે, તથા ત્રણેય લોકમાં અવિરતપણે ચાલી રહેલા નાટકરૂપી તંત્રની (કથા) વસ્તુ (તેની) પ્રસ્તાવના (રજૂઆત = સૃષ્ટિનો ઉદ્ભવ) અને તેની પ્રતિસમાપના (પૂર્ણાહૂતિ = સૃષ્ટિનો સંહાર) કેમ કરવી ? એના સૂત્રધાર (= દોરી સંચાર કરનારા, ગોઠવણી કરનારા) છે, તે તમારું (સામાજિકોનું = પ્રેક્ષકોનું) રક્ષણ કરે. (૧)

(રંગભૂમિ ઉપર ગોળ ફરીને) આમ, માનનીય એવા સજ્જનોને હું નિવેદન કરું છું કે...અરે ! હું જ્યારે કંઈક નિવેદન કરવા તત્પર થાઉં છું ત્યાં જ આ અવાજ જેવું શું સંભળાય છે ? લાવ તો જોઉં...

(નેપથ્યમાંથી અવાજ આવે છે :)

અરે ઓ ! જણાવવામાં આવે કે...અરે જણાવવામાં આવે કે...

સૂત્રધાર : ઠીક, હા જાણ્યું : જનાર્દન જેમના સાથીદાર છે એવા ધનંજય-અર્જુન-ને જ્યારે સંશપ્તકોના સૈન્ય વડે દૂર લઈ જવામાં આવ્યા ત્યાર બાદ ભીષ્મના વધથી જેમને ક્રોધ ચઢ્યો છે એવા ધૃતરાષ્ટ્રના પુત્રોએ ઘેરી વળીને આ કુમાર અભિમન્યુને (રણમાં) પાડી દીધો છે (મારી નાખ્યો છે.) આ રીતે અર્જુનના પ્રતિહુમલાથી ડરતા, અર્જુન જ્યાંથી (પાછો ફરવાનો છે) તે દિશાને જોતાં જોતાં આ નરાધિપો કે જેઓ સુભદ્રપુત્ર (અભિમન્યુ)નાં બાણો (શરીરમાં) પેસી જવાથી લગભગ બેભાન જેવા થઈ ગયા હતા, તેઓ પોતપોતાના તંબુઓ તરફ જઈ રહ્યા છે. (૨)

(સૂત્રધાર રંગ ઉપરથી નીકળી જાય છે.)

(સ્થાપના પૂરી થઈ)

(ત્યાર પછી એક યોદ્ધો પ્રવેશ કરે છે.)

ભટ : અરે ઓ ! એક સો પુત્રવાળા, પ્રશંસનીય સ્વજનોવાળા અને વિશેષ જ્ઞાનને કારણે વિસ્તાર પામેલા વિનય અને આચાર રૂપી દીર્ઘચક્ષુવાળા મહારાજા ધૃતરાષ્ટ્રને જણાવવામાં આવે છે કે-આ

યોદ્ધાઓ, રથને ખેંચનારા ઘોડાઓ અને હાથીઓના વધ થકી રાજાઓનાં સૈન્યને વ્યાકુળ કરી નાંખીને, સંગ્રામમાં જે બાળકે લીલાપૂર્વક અર્જુન જેવું જ કર્મ કરી બતાવ્યું હતું તે સૌભદ્ર (અભિમન્યુ)ને રણમાં વેગથી દોડી આવેલા સેંકડો રાજાઓએ, બધી બાજુએથી (ઘેરી વળીને), આકાશમાં (રહેલા) પિતામહ ઇન્દ્રના ખોળામાં એકાએક જ પહોંચાડી દીધો છે. (૩)

(ततः प्रविशति धृतराष्ट्रो गान्धारी दुःशला प्रतिहारी च ।)

धृतराष्ट्रः—कथं नु भो !

केनैतच्छ्रुतिपथदूषणं कृतं मे
कोऽयं मे प्रियमिति विप्रियं ब्रवीति ।
कोऽस्माकं शिशुवधपातकाङ्कितानां
वंशस्य क्षयमवघोषयत्यभीतः ॥४॥

गान्धारी—महाराज ! अत्थि उण जाणीअदि केवलं पुत्तसंखअकारओ कुलविग्गहो भविसदि त्ति । (महाराज ! अस्ति पुनर्ज्ञायते केवलं पुत्रसंक्षयकारकः कुलविग्रहो भविष्यतीति ।)

धृतराष्ट्रः—गान्धारि ! ज्ञायते ।

गान्धारी—महाराज कदा णु खु । (महाराज कदा नु खलु ।)

धृतराष्ट्रः—गान्धारि ! शृणु—

अद्याभिमन्युनिधनाज्जनितप्रकोपः
सामर्षकृष्णधृतरश्मिगुणप्रतोदः ।
पार्थः करिष्यति तदुग्रधनुःसहायः
शान्तिं गमिष्यति विनाशमवाप्य लोकः ॥५॥

गान्धारी—हा वच्छ अभिमन्यो ! ईदि से विणाम पुरुसखअकारए कुल विग्गहे वत्तमाणे बालभावणिमज्जणं अम्हाणं भग्गकमेण करअन्तो कहिं दाणिं पोत्तअ ! गदोसि । (हा वत्स अभिमन्यो ! ईदृशोऽपि नाम पुरुषक्षयकारके कुलविग्रहे वर्तमाने बालभाव-निमज्जनमस्माकं भाग्यक्रमेण कुर्वन् कुत्रेदानीं पौत्रक ! गतोऽसि ।)

दुःशला—जेण दाणिं बहुए उत्तराए वेधव्वं दाइदं, तेण अत्तणो जुवदिजणस्स वेधव्वमादिट्ठं । (येनेदानीं वध्वै उत्तरायै वैधव्यं दत्तं, तेनात्मनो युवतिजनाय वैधव्यमादिष्टम् ।)

धृतराष्ट्रः—अथ केनैष व्यसनार्णवस्य सेतुबन्धः कृतः ।

भटः—महाराज ! मया ।

धृतराष्ट्रः—को भवान् ।

भटः—महाराज ! ननु जयत्रातोऽस्मि ।

धृतराष्ट्रः—जयत्रात !

केनाभिमन्युर्निहतः कस्य जीवितमप्रियम् ।
पञ्चानां पाण्डवाग्नीनामात्मा केनेन्धनीकृतः ॥६॥

(ત્યાર પછી ધૃતરાષ્ટ્ર, ગાન્ધારી, દુઃશલા અને પ્રતીહારી રંગ ઉપર પ્રવેશ કરે છે.)

ધૃતરાષ્ટ્ર : અરે...આ કેવી રીતે બન્યું ?

કોણ આ મારા શ્રવણ માર્ગ (=શ્રવણેન્દ્રિય)માં દૂષણ ઊભું કર્યું ? આ મને પ્રિય હશે એમ માનીને, કોણ આ અપ્રિય (સમાચાર) કહી રહ્યું છે ? બાળવધના પાતકથી કલંકિત થયેલા અમારા આ (કુરુ) વંશના ક્ષયને, કોણ આમ નિર્ભય થઈને જાહેર કરી રહ્યું છે ? (૪)

ગાન્ધારી : મહારાજ ! એવું જણાય છે કે, હવે કેવળ પુત્રોનો જ વિનાશ કરનારો કુલવિગ્રહ થશે.

ધૃતરાષ્ટ્ર : ગાન્ધારી ! (હા, એવું જ) જણાય છે.

ગાન્ધારી : મહારાજ ! ખરેખર ક્યારે (અને કેમ ?)

ધૃતરાષ્ટ્ર : ગાન્ધારી ! જો સાંભળ–

અભિમન્યુના મૃત્યુથી જેને ક્રોધ ઉત્પન્ન થયો છે તેવો, ગુસ્સે ભરાયેલા કૃષ્ણે જેના (રથની) લગામ અને ચાબુકને પકડયાં છે તેવો, તથા ઉગ્ર (ગાણ્ડીવ) ધનુષ્ય જેનું સાથીદાર છે તેવો પાર્થ (અર્જુન) આજે એવું પરાક્રમ કરશે કે જેથી આ (પૃથિવી) લોક શાન્તિ પામશે. (૫)

ગાન્ધારી : અરે રે...દીકરા ! અભિમન્યુ ! આવો આ, પુરુષોનો ક્ષય કરનારો કુલવિગ્રહ શરૂ થયો છે ત્યારે અમારા દુર્ભાગ્યે કરીને, બાલભાવમાં નિમજ્જન (=છોકરમત) કરતો તું, હે પૌત્ર ! અત્યારે ક્યાં જતો રહ્યો છું ?

દુઃશલા : જેણે અત્યારે પુત્રવધૂ ઉત્તરાને વૈધવ્ય આપ્યું છે તેણે પોતાની યુવાન પત્નીને પણ વૈધવ્ય મોકલી આપ્યું છે. (એમ મને લાગે છે).

ધૃતરાષ્ટ્ર : આફતો રૂપી સમુદ્ર ઉપર આ વળી કોણે સેતુ બાંધી આપ્યો ?

ભટ : મહારાજ ! મેં.

ધૃતરાષ્ટ્ર : આપ કોણ છો ?

ભટ : મહારાજ ! હું તો જયત્રાત છું !

ધૃતરાષ્ટ્ર : જયત્રાત ! (કહે–)

કોણે અભિમન્યુને મારી નાંખ્યો ? કોને (પોતાનું) જીવન પ્રિય ન હતું ? પાંચ પાંડવો રૂપી અગ્નિઓને માટે કોણે પોતાની જાતને ઇંધણ બનાવી દીધી ?(૬)

भटः–महाराज ! बहुभिः किल पार्थिवैः समागतैर्निहतः कुमारोऽभिमन्युः । स्यात्तु जयद्रथो निमित्तभूतः ।

धृतराष्ट्रः—हन्त जयद्रथो निमित्तभूतः ।

भटः–महाराज ! अथ किम्

धृतराष्ट्रः–हन्त जयद्रथो निहतः ।

(तच्छ्रुत्वा दुःशला रोदिति ।)

धृतराष्ट्रः–कैषा रोदिति ।

प्रतीहारीः–महाराअ ! भट्टिदारिआ दइशला । (महाराज ! भर्तृदारिका दुःशला ।)

धृतराष्ट्रः–वत्से अलमलं रुदितेन । पश्य,

भर्तुस्ते नूनमत्यन्तमवैधव्यं न रोचते ।
येन गाण्डीविवाणानामात्मा लक्ष्मीकृतः स्वयम् ॥७॥

दुःशला–तेण हि अणुजाणादु मं तादो, अहं वि गमिस्सं बहूए उत्तराए सआसं (तेन ह्यनुजानातु मां तातः, अहमपि गमिष्यामि वध्वा उत्तरायाः सकाशम् ।)

धृतराष्ट्रः–वत्से किमभिधास्यसि ।

दुःशला–ताद ! एवं च भणिस्स-अज्जकालिअं च दे वेसग्गहणं अहं वि उवधारइस्सामि त्ति । (तात ! एवं च भणिष्यामि–अद्यकालिकं च ते वेषग्रहणमहमप्युपधारयिष्यामीति ।)

गान्धारी–पुत्तिए मा खु मा खु अमंगलं भणाहि । जीवदि खु दे भत्ता । (पुत्रीके मा खलु, मा खल्वमङ्गलं भण । जीवति खलु ते भर्ता ।)

दुःशला–अम्ब ! कुदो मे एत्तिआणि भाअधेआणि । जो जणद्दणसहाअस्स धणंजअस्स विप्पिअं करिअ कोहि णाम जीविस्सिदि । (अम्ब ! कुतो मे एतावन्ति भागधेयानि । यो जनार्दनसहायस्य धनञ्जयस्य विप्रियं कृत्वा को हि नाम जीविष्यति ।)

धृतराष्ट्रः–सत्यमाह तपस्विनी दुःशला । कुतः–

कृष्णस्याष्टभुजोपधानरचिते योऽङ्के विवृद्धश्चिरं
यो मत्तस्य हलायुधस्य भवति प्रीत्या द्वितीयो मदः ।
पार्थानां सुरतुल्यविक्रमवतां स्नेहस्य यो भाजनं
तं हत्वा क इहोपलप्स्यति चिरं स्वैर्दुष्कृतैर्जीवितम् ॥८॥

जयद्रात ! अथ तदवस्थं पुत्रं दृष्ट्वा किं प्रतिपन्नं तेन गाण्डीवधन्वना ।

भटः–महाराज ! किं वार्जुनसमीपे वृत्तमेतत् ।

धृतराष्ट्रः–कथमर्जुनोऽपि नात्रासीत् ।

भटः–महाराज ! अथ किम् ।

धृतराष्ट्रः–कथमिदानीं वृत्तमेतत् ।

ભટ : મહારાજ ! આમ તો કહેવાય છે કે, ઘણા બધા રાજાઓએ ભેગાં થઈને કુમાર અભિમન્યુને માર્યો છે. પરંતુ જેમાં જયદ્રથ નિમિત્ત બન્યો હોય (એમ સંભળાય છે.)

ધૃતરાષ્ટ્ર : અરરર...શું (આ વધમાં) જયદ્રથ નિમિત્ત બન્યો ?

ભટ : મહારાજ ! હા.

ધૃતરાષ્ટ્ર : અફસોસ...તો જયંદ્રથ હણાયો જાણો.

(આ સાંભળીને દુઃશલા—જયદ્રથની પત્ની—રડી પડે છે.)

ધૃતરાષ્ટ્ર : આ કોણ રડી ઊઠયું ?

પ્રતીહારી : મહારાજ ! એ તો રાજકુમારી દુઃશલા છે.

ધૃતરાષ્ટ્ર : દીકરી ! રડીશ નહીં, રડીશ નહીં. જો (સાંભળ)—તારા પતિને જ (તારું) અવૈધવ્ય ખરેખર પસંદ ન હતું, જેથી એણે પોતેપોતાને ગાણ્ડીવિ (અર્જુન)ના બાણોનું લક્ષ્ય બનાવી દીધો છે. (૭)

દુઃશલા : તો પિતાજી મને જવાની રજા આપો. હું પણ વધૂ ઉત્તરાની પાસે જાઉં.

ધૃતરાષ્ટ્ર : દીકરી, તું એને (જઈને) શું કહીશ ?

દુશલા : પિતાજી ! (જઈશ) અને આમ કહીશ : આજના ધારણ કરેલા તારા (વિધવાના) વેષને હું પણ ધારણ કરીશ એમ.

ગાન્ધારી : નાની દીકરી ! ના, ના, એવું અમંગળ ના બોલીશ. તારો પતિ તો હજુ જીવે છે.

દુઃશલા : હે માતા ! મારાં તે વળી એવાં ભાગ્ય ક્યાંથી હોય ? ક્યો એવો માણસ હશે કે જે, જનાર્દન જેના સાથીદાર છે એવા ધનંજયનું અપ્રિય કરીને જીવતો રહી શકે ?

ધૃતરાષ્ટ્ર : સાચું જ કહે છે આ બિચારી દુઃશલા. કેમ કે—કૃષ્ણના આઠ હાથો રૂપી ઓશિકાવાળા ખોળામાં જે લાંબા સમય સુધી ઉછેર્યો છે, મદમસ્ત એવા હળધરને માટે પ્રેમથી જે બીજો મદ (સ્વરૂપ) પુરવાર થયો છે, તથા દેવોની સમાન પરાક્રમ કરનારાં પૃથાના પુત્રોના સ્નેહનું જે ભાજન બન્યો છે, તેને હણીને, પોતાના દુષ્કૃત્યોથી કોણ લાંબુ જીવન પામી શકશે ? (૮)

અરે જયત્રાત ! તે (મૃત્યુની) અવસ્થામાં આવી પડેલા પુત્રને જોઈને, ગાણ્ડીવ-ધનુષ્યવાળા તેણે (અર્જુને) શું કર્યું ?

ભટ : મહારાજ, શું એમ માનો છો કે, આ બધું અર્જુનની હાજરીમાં થયું છે ?

ધૃતરાષ્ટ્ર : શું (કહ્યું ?) ત્યાં અર્જુન પણ ન હતો, એમ !

ભટ : હા, મહારાજ.

ધૃતરાષ્ટ્ર : એ કેવી રીતે બન્યું ?

भटः—श्रूयतां—संशप्तकानीकनिर्वाहिते जनार्दनसहाये धनञ्जये स बालभावादद्दष्टदोषः संग्राममवतीर्णः कुमारोऽभिमन्युः ।

धृतराष्ट्रः—हन्त युक्तरूपोऽस्य वधः । को हि संनिहितशार्दूलां गुहां धर्षयितुं शक्तः । अथ शेषाः पाण्डवाः किमनुतिष्ठन्ति ।

भटः—महाराज ! श्रूयताम् ।

चितां न तावत्स्वयमस्य देहमारोपयन्त्यर्जुनदर्शनार्थम् ।
तेषां च नामान्युपधारयन्ति यैस्तस्य गात्रे प्रहृतं नरेन्द्रैः ॥९॥

धृतराष्ट्रः—गान्धारि ! तदागम्यताम् । गङ्गाकूलमेव यास्यावः ।

गान्धारी—महाराअ ! णं तहिं गाहामो । (महाराज ! ननु तत्र गाहावहे ।)

धृतराष्ट्रः—गान्धारि ! शृणु ।

अद्यैव दास्यामि जलं हतेभ्यः स्वेनापराधेन तवात्मजेभ्यः ।
न त्वस्मि शक्तः सलिलप्रदानैः कर्तुं नृपाणां शिबिरोपरोधम् ॥१०॥

(ततः प्रविशति दुर्योधनो दुश्शासनः शकुनिश्च ।)

दुर्योधनः—वत्स दुश्शासन !

यातोऽभिमन्युनिधनात् स्थिरतां विरोधः
प्राप्तो जयः प्रचलिता रिपवो निरस्ताः ।
उन्मूलितोऽस्य च मदो मधुसूदनस्य
लब्धो मयाऽद्य सममभ्युदयेन शब्दः ॥११॥

दुश्शासनः—अहो नु खलु,

रुद्धाः पाण्डुसुता जयद्रथबलेनाक्रम्य शत्रोर्बलं
सौभद्रे विनिपातिते शरशतक्षेपैर्द्वितीयेऽर्जुने ।
प्राप्तेश्च व्यसनानि भीष्मपतनादस्माभिरद्याहवे
तीव्राः शोकशराः कृताः खलु मनस्येषां सुतोत्सादनतः ॥१२॥

ભટ : સાંભળવામાં આવે–જનાર્દન જેના સાથીદાર છે તેવા ધનંજયને સંશપ્તકોનું સૈન્ય દૂર લઈ ગયું ત્યારે બાળક હોવાને કારણે (યુદ્ધના) દોષને નહીં જાણતો એવો તે કુમાર અભિમન્યુ સંગ્રામમાં ઉતર્યો.

ધૃતરાષ્ટ્ર : ઠીક, તો આનો વધ યોગ્ય સ્વરૂપે (=અનુકૂળ સ્થિતિમાં) થયો છે. કોણ એવો હશે કે જે, સિંહ જેની નજીકમાં (જ) છે એવી ગુફા ઉપર આક્રમણ કરવા શક્તિમાન હશે ? તો હવે બાકીના પાંડવો શું કરી રહ્યા છે ?

ભટ : મહારાજ, સાંભળો.

અર્જુનને દર્શન કરાવવા માટે રાખી મૂકેલા (અભિમન્યુના) દેહને તેઓ પોતે ચિતા ઉપર ચઢાવતા નથી. (ત્યાં સુધી તેઓ) જે જે નરેન્દ્રોએ તે (અભિમન્યુ)ના શરીર ઉપર પ્રહાર કર્યો હતો. તેમનાં નામોની ગણતરી કરી રહ્યાં છે. (૯)

ધૃતરાષ્ટ્ર : ગાન્ધારી ! તો આવો, આપણે ગંગાના કિનારે જ જઈએ.

ગાન્ધારી : મહારાજ, શું ત્યાં (જઈને) સ્નાન કરીશું ?

ધૃતરાષ્ટ્ર : ગાન્ધારી ! જો સાંભળ–

પોતાના (જ) અપરાધથી હણાયેલા તારા દીકરાઓને આજે જ હું જલાંજલિ આપીશ. કેમ કે, હું પાણી મૂકાવીને (પ્રતિજ્ઞા લેવડાવીને) પણ રાજાઓના તંબુઓને (રણભૂમિ ઉપરથી) હઠાવી લેવડાવવા શક્તિમાન નથી. (૧૦)

(ત્યાર પછી દુર્યોધન, દુઃશાસન અને શકુનિ રંગ ઉપર પ્રવેશે છે.)

દૃશ્ય–૨

દુર્યોધન : વત્સ દુઃશાસન !

અભિમન્યુના મૃત્યુથી આપણો વિરોધ સ્થિર થયો છે. વિજય મેળવ્યો છે અને (લઢવા) આવી નીકળેલા દુશ્મનોને પણ પાછા મોકલ્યા છે. વળી પેલા મધુસૂદનના મદને પણ ઉખેડી કાઢ્યો છે ! આજે તો મેં અભ્યુદયની સાથે ('ધન્ય છે' એવા) શબ્દને (=કીર્તિને) પણ મેળવ્યો છે. (૧૧)

દુઃશાસન : અહો હો, ખરેખર !

જયદ્રથના સૈન્ય વડે શત્રુના સૈન્ય ઉપર આક્રમણ કરીને પાણ્ડુપુત્રોને રોકી રાખવામાં આવ્યા, અને પછી બાણોના સેંકડો પ્રહારોથી બીજો અર્જુન હોય એવા સૌભદ્ર (અભિમન્યુ)ને હણી કાઢવામાં આવ્યો ત્યારે, ભીષ્મના પતન (=વધ) થી આપત્તિમાં આવી પડેલા અમારા વડે આજે યુદ્ધમાં તેમના (પાંડવોના) દીકરાને મારી નાંખવાને કારણે (એ પાંડવોના) મનમાં તીવ્ર એવા શોકરૂપી બાણોને (પણ) પેસાડી દેવાયાં છે. (૧૨)

शकुनिः–

जयद्रथेनाद्य महत्कृतं रणे नृपैरसंभावितमात्मपौरुषम् ।
प्रसह्य तेषां यदनेन संयुगे समं सुतेनाप्रतिमं हृतं यशः ॥१३॥

दुर्योधनः–मातुल ! इतस्तावत् । दुश्शासन इतस्तावत् । तत्रभवन्तं तातमभिवादयिष्यामः ।

शकुनिः–वत्स दुर्योधन ! मा मैवम् ।

कामं न तस्य रुचितः कुलविग्रहोऽय-
मस्मांश्च गर्हयति स प्रियपाण्डवत्वात् ।
युद्धोत्थितैर्जयमवाप्य हि तुल्यरूपं
एनं प्रहृष्टवदनैरभिगन्तुमेनम् ॥१४॥

दुर्योधनः–मातुल ! मा मैवम् । यथा तथा भवतु । तत्रभवन्तं तातमभिवादयिष्यामः ।

उभौ–बाढम् ! (परिक्रामतः ।)

दुर्योधनः–तात ! दुर्योधनोऽहमभिवादये ।

दुश्शासनः–तात ! दुश्शासनोऽहमभिवादये ।

शकुनिः–शकुनिरहमभिवादये ।

सर्वे–कथमाशीर्वचनं न प्रयुज्यते ।

धृतराष्ट्रः–पुत्र ! कथमाशीर्वचनमिति ।

सौभद्रे निहते बाले हृदये कृष्णपार्थयोः ।
जीविते निरपेक्षाणां कथमाशीः प्रयुज्यते ॥१५॥

दुर्योधनः–तात ! किंकृतोऽयं संभ्रमः ।

धृतराष्ट्रः–किंकृतोऽयं संभ्रम इति ।

एका कुलेऽस्मिन्बहुपुत्रनाथे लब्धा सुता पुत्रशताद्विशिष्टा ।
सा बान्धवानां भवतां प्रसादाद् वैधव्यमश्लाघ्यमवाप्स्यतीति ॥१६॥

दुर्योधनः–तात ! किं चात्र जयद्रथस्य ।

धृतराष्ट्रः–तेन किल वरविदग्धेन रुद्धाः पाण्डवाः ।

दुर्योधनः–आ, ते रुद्धाः । बहुभिः खल्वन्यैः ।

શકુનિ : (અન્ય) રાજાઓ વડે અસંભવિત એવું આત્મપૌરુષ (=સ્વ પરાક્રમ) કરી બતાવીને જયદ્રથે તો આજે રણમાં ઘણું મોટું કાર્ય કર્યું છે. યુદ્ધમાં તો આણે (જયદ્રથે) અમને પાછા પાડી દઈને, એમના પુત્રની સાથે એમનો અજોડ યશ પણ હરી લીધો છે ! (૧૩)

દુર્યોધન : મામા, અહીં આવો તો. દુઃશાસન, (તું પણ) અહીં આવ તો. (ચાલો) તે શ્રીમાન્ તાત (ધૃતરાષ્ટ્ર)ને આપણે પ્રમાણ કરી આવીએ.

શકુનિ : વત્સ, દુર્યોધન ! ના...ના, એમ નથી કરવું. (કારણ કે) તેમને આ કુલવિગ્રહ જરીકે ય પસંદ નથી. વળી, એમને પાંડવો પ્રિય હોવાને કારણે તે આપણને ઉતારી પાડે છે. માટે આપણને અનુરૂપ એવા જયને મેળવીને (જ), યુદ્ધમાંથી પરવારેલા અને ખુશખુશાલ વદનોવાળા (આપણે), પછી જ એમની તરફ જવું યોગ્ય છે. (૧૪)

દુર્યોધન : મામા, ના એવું નહીં. જે થવું હોય તે થાય. તે શ્રીમાન્ પિતાજીને આપણે પગે લાગી આવીએ જ.

બન્ને : સારું. (રંગ ઉપર ગોળ ગોળ ફરે છે.)

દુર્યોધન : (ધૃતરાષ્ટ્ર પાસે જઈને) પિતાજી ! હું દુર્યોધન તમને પ્રણામ કરું છું.

દુઃશાસન : પિતાજી, હું દુઃશાસન તમોને પ્રણામ કરું છું.

શકુનિ : શકુનિ એવો હું અભિવાદન કરું છું.

બધા : આશીર્વાદ કેમ આપતા નથી?

ધૃતરાષ્ટ્ર : દીકરા, આશીર્વચન કેવી રીતે નીકળે ?

કૃષ્ણ અને પાર્થના હૃદય સ્વરૂપ એવો બાળક સૌભદ્ર (તમારા વડે) હણાયો છે ત્યારે, જીવનને વિષે નિરપેક્ષ બનેલા તમારા માટે કેવી રીતે આશીર્વાદ પ્રયોજી શકાય ? (૧૫)

દુર્યોધન : પિતાજી, આવો સંભ્રમ શા કારણે જન્મ્યો ?

ધૃતરાષ્ટ્ર : 'શા કારણે આ સંભ્રમ થયો છે ?' એમ પૂછે છે ? ઘણા પુત્રોથી સનાથ થયેલા આ કુળમાં સો પુત્રોથી અદકેરી એવી આ એક પુત્રી મળી છે, તે તમારા સૌ ભાઈઓની કૃપાથી વખાણવા યોગ્ય નહીં એવા ગૌરવને પામશે. (૧૬)

દુર્યોધન : પિતાજી ! આમાં જયદ્રથને શું (લાગે વળગે) છે ?

ધૃતરાષ્ટ્ર : એવું સાંભળ્યું છે કે, તે વરદાનથી છકેલાએ (અથવા શ્રેષ્ઠ ચતુરે) પાંડવોને અવરોધ્યા હતા.

દુર્યોધન : હેં, શું...તેણે અવરોધ્યા હતા ? બીજા પણ ઘણાંઓએ (તમને અવરોધ્યા હતા).

धृतराष्ट्रः–भोः ! कष्टम् ।

बहूनां समवेतानामेकस्मिन्निर्घृणात्मनाम् ।
बाले पुत्रे प्रहरतां कथं न पतिता भुजाः ॥१७॥

दुर्योधनः–तात !

वृद्धं भीष्मं छलैर्हत्वा तेषां न पतिता भुजाः ।
हत्वाऽस्माकं पतिष्यन्ति तमबालपराक्रमम् ॥१८॥

धृतराष्ट्रः–वत्स ! किं भीष्मस्य निपातनमभिमन्योश्च वधः समः ।

दुर्योधनः–तात ! कथं न समः ।

धृतराष्ट्रः–पुत्र ! श्रूयताम्

स्वच्छन्दमृत्युर्निहतो हि भीष्मः स्वेनोपदेशेन कृतात्मतुष्टिः ।
अयं तु बालः कुरुवंशनाथबालश्छिन्नोऽर्जुनस्य प्रथमः प्रवालः ॥१९॥

दुश्शासनः–तात ! बालो न बाल इति अभिमन्युना–

धृतराष्ट्रः–किं किं दुश्शासनो व्याहरति ।

दुश्शासनः–अथ किम् ।

सर्वेषां न पश्यतां युध्यतां च
व्यायामोष्णं गृह्य चापं करेण ।
सूर्येणेवाभ्यागतैरंशुजालैः
सर्वे बाणैरङ्किता भूमिपालाः ॥२०॥

धृतराष्ट्रः–कष्टं भोः !

बालेनैकेन तावद्भोः ! सौभद्रेणेदृशं कृतम् ।
पुत्रव्यसनसन्तप्तः पार्थो वः किं करिष्यति ॥२१॥

दुर्योधनः–किं करिष्यति ।

धृतराष्ट्रः–तत्करिष्यति, यत्सावशेषायुषो द्रक्ष्यथ ।

दुर्योधनः–तात ! कस्तावदर्जुनो नाम !

धृतराष्ट्रः–पुत्र ! अर्जुनमपि न जानीषे ।

दुर्योधनः–तात ! न जाने ।

धृतराष्ट्रः–तेन हि अहमपि न जाते । किन्तु, अर्जुनस्य बलवीर्यज्ञाः बहवः सन्ति । तान् पृच्छ ।

दुर्योधनः–तात ! केऽर्जुनस्य बलवीर्यज्ञा मया प्रष्टव्याः ।

धृतराष्ट्रः–पुत्र ! श्रूयताम्।

ધૃતરાષ્ટ્ર : અરેરે...આ (વધુ) કષ્ટદાયક છે, કે–

બાળક અને (સાવ) એકલા એવા પુત્ર ઉપર પ્રહાર કરતાં સૌ ભેગાં મળેલા ક્રૂર આત્માવાળાઓના હાથ હેઠા કેમ ન પડી ગયા ? (૧૭)

દુર્યોધન : પિતાજી !–

ધરડાં એવા ભીષ્મને છળકપટથી હણીને જો એમના હાથ ન પડી ગયા હોય, તો તે બાળકનાં ન હોય એવાં પરાક્રમને કરનાર (અભિમન્યુ)ને હણીને અમારા (હાથ) કેવી રીતે પડી જવાના હતા ? (૧૮)

ધૃતરાષ્ટ્ર : વત્સ ! શું ભીષ્મને (યુદ્ધમાં) ઢાળી દેવા અને અભિમન્યુનો (આ રીતે) વધ કરવો–એ બે એક સમાન છે ?

દુર્યોધન : પિતાજી, કેમ એક સરખા ન કહેવાય ?

ધૃતરાષ્ટ્ર : પુત્ર, સાંભળ–

મૃત્યુ જેમની ઇચ્છા (=છન્દ) ઉપર નિર્ભર છે અને જેમણે પોતાના આત્માને (બધી રીતે) સંતુષ્ટ કર્યો છે તેવા ભીષ્મે પોતાની આજ્ઞાથી જ (પોતાને) હણાવા દીધા છે. જ્યારે આ તરફ તો કુરુવંશનો (ભવિષ્યનો) નાથ અને હજુ બાળક એવો અર્જુનનો પ્રથમ અંકુર (જ) કાપી નાંખવામાં આવ્યો છે. (૧૯)

દુઃશાસન : પિતાજી, આ બાળક ખરેખર બાળક ન હતો. અભિમન્યુએ તો–

ધૃતરાષ્ટ્ર : શું...શું દુઃશાસન બોલી રહ્યો છે ?

દુઃશાસન : હા.

અમારા બધાંના જોતાં અને લઢી રહ્યા હતા ત્યારે તેણે વ્યાયામથી ગરમ કરેલ ધનુષ્યને હાથથી ઊઠાવીને, સૂર્ય જેમ સામે ફેંકેલા કિરણ-સમૂહોથી બધાને વ્યાપી વળે છે તેમ આણે (પોતાનાં) બાણોથી બધા રાજાઓને ચિહ્નિત કરી દીધા હતા. (૨૦)

ધૃતરાષ્ટ્ર : અરે ઓ ! દુઃખદ કહેવાય આને તો—

અલ્યા ઓ ! સુભદ્રાના એક બાળકે જ જો આવું (પરાક્રમ) કર્યું હોય તો પુત્રના મૃત્યુથી સંતપ્ત થયેલો પાર્થ તમને શું કરી નાંખશે ? (તે વિચારો). (૨૧)

દુર્યોધન : શું કરી નાંખવાનો છે ?

ધૃતરાષ્ટ્ર : તે એવું કરશે, કે જે તમે જો આયુષ્ય બાકી રહ્યું હશે તો જોશો,

દુર્યોધન : પિતાજી ! એ વળી અર્જુનિયો કોણ છે ?

ધૃતરાષ્ટ્ર : પુત્ર, શું તું અર્જુનને પણ નથી ઓળખતો ?

દુર્યોધન : પિતા, ના, નથી ઓળખતો.

ધૃતરાષ્ટ્ર : તો હું પણ એને નથી ઓળખતો. પરંતુ અર્જુનના બળ-પરાક્રમને જાણનારા બીજા ઘણાં છે, એમને (જઈને) પૂછી આવ.

દુર્યોધન : પિતા, અર્જુનના બળપરાક્રમને જાણનારા બીજા કોણ છે, કે જેમને મારે જઈને પૂછવું ?

ધૃતરાષ્ટ્ર : પુત્ર, સાંભળ–(જેના વડે)

शक्रं पृच्छ पुरा निवातकवचप्राणोपहारार्चितं
पृच्छास्त्रैः परितोषितं बहुविधः कैरातरूप हरम् ।
पृच्छाग्निं भुजगाहुतिप्रणयिनं यस्तर्पितः खाण्डवे
विद्यारक्षितमद्य येन च जितस्त्वं पृच्छ चित्राङ्गदम् ॥२२॥

दुर्योधनः–यद्येतद्वीर्यमर्जुनस्य किमस्माकं बले न सन्ति प्रतियोद्धारोऽर्जुनस्य ।

धृतराष्ट्रः–पुत्र ! के ते ।

दुर्योधनः–ननु कर्ण एव तावत् ।

धृतराष्ट्रः–अहो हास्यः खलु तपस्वी कर्णः ।

दुर्योधनः–केन कारणेन ।

धृतराष्ट्रः–श्रूयतां,

शक्रापनीतकवचोऽर्धरथः प्रमादी
व्याजोपलब्धविफलास्त्रबलो घृणावान् ।
कर्णोऽर्जुनस्य किल यास्यति तुल्यभावं
यद्यस्त्रदानगुरवो दहनेन्द्ररुद्राः ॥२३॥

शकुनिः–प्रभवति भवानस्मानवधीरयितुम् ।

धृतराष्ट्रः–शकुनिरेष व्याहरति । भोः शकुने !

त्वया हि यत्कृतं कर्म सततं द्यूतशालिना ।
तत्कुलस्यास्य वैराग्निर्बालेष्वपि न शाम्यति ॥२४॥

दुर्योधनः–अये,

भूमिकम्पः सशब्दोऽयं कुतो नु सहसोत्थितः ।
उल्काभिश्च पतन्तीभिः प्रज्वालितमिवाम्बरम् ॥२५॥

धृतराष्ट्रः–पुत्र ! एवं मन्ये,

सुव्यक्तं निहतं दृष्ट्वा पौत्रमायस्तचेतसः ।
उल्कारूपाः पतन्त्येते महेन्द्रस्याश्रुबिन्दवः ॥२६॥

दुर्योधनः–जयत्रात । गच्छ, पाण्डवशिविरे शङ्खपटहसिंहनादरवोन्मिश्रः किंकृतोऽयं शब्द इति ज्ञायताम् ।

પહેલાંના સમયમાં નિવાત કવચના પ્રાણો રૂપી ઉપહાર (ભેટ)થી જેમની અર્ચના કરાઈ છે તે ઈન્દ્રને પૂછ. અનેક પ્રકારે (જુદાં જુદાં) અસ્ત્રોથી સંતુષ્ટ કરાયેલા કિરાતનું રૂપ લીધેલા શંકરને પૂછી આવ. સર્પોની આહુતિને ચાહનારા એવા અગ્નિને, કે જેમને ખાંડવ (વન-દહન પ્રસંગ)માં પરિતૃપ્ત કરવામાં આવ્યા છે તેમને પૂછી લે. જેનાથી તું જીતાઈ ગયો હતો એવા ચિત્રાંગદ નામના વિદ્યારક્ષિત (= વિદ્યાધર)ને પૂછી આવ. (૨૨)

દુર્યોધન : જો આવું પરાક્રમ અર્જુનનું હોય તો, શું અમારા સૈન્યમાં એ અર્જુનની સાથે લડી શકે એવા પ્રતિયોદ્ધાઓ નથી?

ધૃતરાષ્ટ્ર : પુત્ર, તેવા કોણ છે?

દુર્યોધન : લ્યોને, કર્ણ જ એવો છે.

ધૃતરાષ્ટ્ર : અરે! એ બિચારો કર્ણ તો હાસ્યાસ્પદ જ છે.

દુર્યોધન : શા કારણે?

ધૃતરાષ્ટ્ર : જો સાંભળ—

શક્ર (ઈન્દ્ર) વડે જેના કવચ લઈ લેવામાં આવ્યા છે, જે અર્ધરથ અને પ્રમાદી છે, તથા કપટથી (વિદ્યા) મેળવેલી હોવાથી જેનું અસ્ત્રબળ વિફળ થવાનું છે તેવો તે દયાળુ કર્ણ ત્યારે અર્જુનની સાથે બરોબર પુરવાર થશે કે, જ્યારે તે (કર્ણ)ને અસ્ત્રનું દાન કરનારા ગુરુઓ અગ્નિ, ઈન્દ્ર કે રુદ્ર હોય. (૨૩)

શકુનિ : અમને ઉતારી પાડવામાં તમે પાવરધા છો.

ધૃતરાષ્ટ્ર : આ શકુનિ બોલતો લાગે છે. અલ્યા શકુનિ! જુગારી-સ્વભાવના તેં તો સતત એવું કાર્ય કર્યું છે કે જેથી આ કુળનો વૈર રૂપી અગ્નિ (આ) બાળકો (= સંતાનો)ને વિષે પણ (હજુ) શમતો નથી. (૨૪)

દુર્યોધન : અરે!

અવાજ સાથેનો આ ભૂમિકંપ એકાએક ક્યાંથી ઉત્પન્ન થયો? પડતી ઉલ્કાઓ વડે જાણે આકાશ સળગી ઊઠ્યું છે! (૨૫)

ધૃતરાષ્ટ્ર : પુત્ર, મને એવું લાગે છે કે—

પૌત્ર (અભિમન્યુ)ને સાચેસાચ મરી ગયેલો જોઈને વ્યથિત થયેલા ચિત્તવાળા મહેન્દ્રના અશ્રુબિન્દુઓ (જ) આ ઉલ્કારૂપે પડી રહ્યા છે. (૨૬)

દુર્યોધન : જયદ્રાત! તું જો, અને જાણી લાવ કે, પાંડવોની શિબિરમાં (થી) શંખ, નગારા અને સિંહનાદનો અવાજ જેમાં મિશ્રિત થયેલો છે તેવો આ (મોટો) અવાજ શેને કારણે (ઉત્પન્ન) થયો છે?

भटः–यदाज्ञापयति । (निष्क्रम्य प्रविश्य ।) जयतु महाराजः । संशप्तकानीकनिवाहितप्रतिनिवृत्तेन घनञ्जयेन निहतं पुत्रमङ्कस्थमश्रुभिः परिषिच्य जनार्दनावमर्षितेन प्रतिज्ञातं किलानेन ।

दुर्योधनः–किमिति किमिति !

भटः–

तस्यैव व्यवसायतुष्टहृदयैस्तद्विक्रमोत्साहिभि-
स्तुष्टाम्यैर्जितमित्यवेक्ष्य सहसा नादः प्रहर्षात् कृतः ।
आक्रान्ता गुरुभिर्धराधरवरैः संक्षोभितैः पार्थिवै-
र्भूमिश्चागतसंभ्रमेव युवतिस्तस्मिन् क्षणे कम्पिता ॥२७॥

धृतराष्ट्रः–

प्रतिज्ञासारमात्रेण कम्पितेयं वसुन्धरा ।
सुव्यक्तं धनुषि स्पृष्टे त्रैलोक्यं विचलिष्यति ॥२८॥

दुर्योधनः–जयद्रथ ! किमनेन प्रतिज्ञातम् ।

भटः–

येन मे निहतः पुत्रस्तुष्टिं ये च हते गताः ।
श्वः सूर्येऽस्तमसम्प्राप्ते निहनिष्यामि तानहम् ॥२९॥

इति ।

दुर्योधनः–प्रतिज्ञाव्याघाते किं प्रायश्चित्तम् ।

भटः–चितारोहणं किल गाण्डीवेन सह ।

दुर्योधनः–मातुल ! चितारोहणं चितारोहणम् । वत्स दुश्शासन ! चितारोहणं चितारोहणम् । वयमपि तावत्प्रतिज्ञाव्याघाते प्रयत्नमनुतिष्ठामः ।

धृतराष्ट्रः–पुत्र ! किं करिष्यसि ।

दुर्योधनः–ननु सर्वाक्षौहिणीसन्दोहेन च्छादयिष्ये जयद्रथम् । अपि च–

द्रोणोपदेशेन यथा तथाहं संयोजये व्यूहमभेद्यरूपम् ।
खिन्नाशयास्ते सगजाः सयोधा अप्राप्तकामा ज्वलनं विशेयुः ॥३०॥

धृतराष्ट्रः–अपि प्रविष्टं धरणीमप्यारूढं नभस्थलम् ।
सर्वत्रानुगमिष्यन्ति शरास्ते कृष्णचक्षुषः ॥३१॥

ભટ : જેવી આપ આજ્ઞા ફરમાવો છો.

(રંગ ઉપરથી નીકળી જઈને, પાછો ફરી પ્રવેશ કરીને) મહારાજ જય પામો. સંશપ્તકોના સૈન્ય દ્વારા લઈ જવાયા પછી પાછા ફરેલા ધનંજયે ખોળામાં રાખેલા મરેલા પુત્રને આંસુઓથી સિંચીને, પછી જનાર્દને જેની નિંદા કરી છે તેવા તેણે, કહેવાય છે કે, પ્રતિજ્ઞા લીધી છે.

દુર્યોધન : શી ? શી (પ્રતિજ્ઞા લીધી છે) ?

ભટ : તે (અર્જુન)ની (પ્રતિજ્ઞા લેવાની) ક્રિયાથી સંતુષ્ટ થયેલા હૃદયવાળા તે (અર્જુન)ના પરાક્રમથી ઉત્સાહિત થયેલા અને સંતુષ્ટ મુખવાળાએ (પાંડવો)એ (કૌરવોને) જીતી (જ) લીધા છે એમ સમજીને એકાએક જ ખૂબ હર્ષને કારણે અવાજ કર્યો છે. તેથી તે ક્ષણે સંક્ષોભિત થયેલા રાજાઓ વડે જેમ કોઈ યુવતિ સંભ્રમમાં આવી પડી હોય તેમ આ ભૂમિ પણ હાલી ઊઠેલા મોટા શ્રેષ્ઠ પર્વતો વડે આક્રમણ પામી હોય એમ કંપી ઊઠી છે. (૨૭)

ધૃતરાષ્ટ્ર : પ્રતિજ્ઞાના બળ માત્રથી જો આ વસુંધરા કંપી ઊઠી હોય તો, ચોક્કસ એ (અર્જુન) જ્યારે ધનુષ્યને સ્પર્શ કરશે ત્યારે ત્રણેય લોકનો સમૂહ ચલાયમાન થશે. (૨૮)

દુર્યોધન : જયત્રાત, એણે શું પ્રતિજ્ઞા લીધી છે ?

ભટ : "જેણે મારા પુત્રને મારી નાંખ્યો છે, અને એ હણાતાં જેઓ સંતુષ્ટ થયા છે તેમને આવતી કાલનો સૂર્ય અસ્ત પામે એ પહેલાં હું હણી કાઢીશ." (૨૯). એમ.

દુર્યોધન : (પરંતુ) જો પ્રતિજ્ઞાનો ભંગ થાય તો તે શું પ્રાયશ્ચિત કરશે ?

ભટ : સાંભળ્યું છે કે—ગાણ્ડીવ (ધનુષ્ય)ની સાથે તે ચિંતા ઉપર ચઢી જશે.

દુર્યોધન : મામા ! ચિતારોહણ કરશે...એ ચિતારોહણ કરશે !! વત્સ દુઃશાસન ! એ ચિતા ઉપર ચઢી જશે, ચિતા ઉપર ચઢી જશે. તો આપણે પણ એની પ્રતિજ્ઞાનો ભંગ થાય એ પ્રકારનો પ્રયત્ન આરંભીએ.

ધૃતરાષ્ટ્ર : પુત્ર, શું (યોજના) કરીશ ?

દુર્યોધન : અરે ! બધી અક્ષૌહિણી સોનાના સમૂહથી હું જયદ્રથને ઢાંકી દઈશ. અને વળી—

દ્રોણ જેવી રીતે ઉપદેશશે એવી રીતે હું અભેદ્ય વ્યૂહને ગોઠવીશ, કે જેથી ખિન્ન થયેલા આશયવાળા (= નિરાશ થયેલા) તેઓ (= પાંડવો) હાથીઓ અને યોદ્ધાઓ સાથે, તેમની કામના પૂરી નહીં થતાં અગ્નિમાં પ્રવેશશે. (૩૦)

ધૃતરાષ્ટ્ર : અરે ! તે ધરતીમાં પેસી જશે, કે આકાશમાં ચઢી જશે પણ, કૃષ્ણ જેની આંખો છે તેવા તે (અર્જુન)ના બાણો સર્વત્ર એ (જયદ્રથ)ની પાછળ પાછળ જશે. (૩૧)

भटः-क्रूरमेवं नरपतिं नित्यमुद्यतशासनम् ।
यः कश्चिदपरो ब्रूयान्न तु जीवेत्स तत्क्षणम् ॥३२॥

(ततः प्रविशति घटोत्कचः ।)

घटोत्कचः-एष भोः !

प्रयामि सौभद्रविनाशचोदितः दिदृक्षुरद्यारिमनार्यचेतसम् ।
विचिन्तयंश्चक्रधरस्य शासनं यथा गजेन्द्रोऽङ्कुशशङ्कितो बलिम् ॥३३॥

(अधो विलोक्य) इदमस्योपस्थानगृहद्वारम् । यावदवतरामि । (अवतीर्य) आत्मनैवात्मानं निवेदयिष्ये । भोः ।

हैडिम्बोऽस्मि घटोत्कचो यदुपतेर्वाक्यं गृहीत्वागतो
द्रष्टव्योऽत्र मया गुरुः स्वचरितैर्दोषैर्गतः शत्रुताम् ।

दुर्योधनः-

एह्येहि प्रविशस्व शत्रुभवनं कौतूहलं मे महत् ।
धृष्टं श्रावय मां जनार्दनवचो दुर्योधनोऽहं स्थितः ॥३४॥

घटोत्कचः-(प्रविश्य) अये अयमत्रभवान् धृतराष्ट्रः । अनार्यशतस्योत्पादयिता । अयं ननु ललितगम्भीराकृतिविशेषः । आश्चर्यमाश्चर्यम् ।

वृद्धोऽप्यनाततवलीगुरुसंहतांसः
श्रद्धेयरूप इव पुत्रशतस्य धृत्या ।
मन्ये सुरैस्त्रिदिवरक्षणजातशङ्कै-
स्त्रासान्निमीलितमुखोऽत्रभवान् हि सृष्टः ॥३५॥

(उपसृत्य) पितामह ! अभिवादये घटोत्क-(इत्यर्धोक्ते) न न अयमक्रमः । युधिष्ठिरादयश्च मे गुरवो भवन्तमभिवादयन्ति । पश्चाद्घटोत्कचोऽहमभिवादये ।

धृतराष्ट्रः-एह्येहि पुत्र !

न ते प्रियं दुःखमिदं ममापि
यद्भ्रातृनाशाद् व्यथितस्तवात्मा ।
इत्थं च ते नानुगतोऽयमर्थो
मत्पुत्रदोषात्कृपणीकृतोऽस्मि ॥३६॥

घटोत्कचः-अहो कल्याणः खल्वत्रभवान् । कल्याणानां प्रसूतिं पितामहमाह भगवांश्चक्रायुधः ।

ભટ : જેમનું શાસન સતત પ્રવર્તતું હોય છે એવા નરપતિ (દુર્યોધન)ને જો બીજા કોઈએ આવી રીતે ક્રૂર (વચન) કહ્યું હોત તો, તે એ ક્ષણે જ જીવતો ન રહેવા પામ્યો હોત. (૩૨)

(ત્યાર પછી ઘટોત્કચ પ્રવેશે છે.) —(દૃશ્ય ૩)

ઘટોત્કચ : અરે ! આ (હું)—

જેવી રીતે કોઈ ગજેન્દ્ર અંકુશની શંકા સાથે બલિ (=આહાર) તરફ આગળ વધે છે તેમ, હું પણ ચક્રધારી (કૃષ્ણ)ની આજ્ઞાનો વિચાર કરતો કરતો આજે સુભદ્રાપુત્રનાં વિનાશથી પ્રેરાયેલો (અને) અનાર્ય ચિત્તવાળા દુશ્મનને જોવાની ઇચ્છાવાળો આગળ વધી રહ્યો છું. (૩૩)

(નીચે-ભૂમિ તરફ-જોઈને) આ આનું સભાગૃહનું દ્વાર જણાય છે. તો લાવ નીચે ઉતરું. (નીચે ઉતરીને) હું પોતે જ પોતાની જાતનું નિવેદન કરીશ. અરે ઓ !

હું હિડમ્બાનો 'ઘટોત્કચ' નામનો પુત્ર છું. યદુપતિ (કૃષ્ણ)નું વાક્ય (=સંદેશો) લઈને આવ્યો છું. તથા મારે એ વડીલને મળવાનું છે કે, જેઓ પોતાના દોષયુક્ત ચરિતોથી દુશ્મન બની ગયા છે.

દુર્યોધન : આવ...આવ. શત્રુના ભવનમાં તું પ્રવેશ કર. મને પણ ભારે કૌતૂહલ છે. મને એ જનાર્દનનું ધૃષ્ટતાભર્યું વચન સંભળાવ. આ હું દુર્યોધન (અહીં) ઊભો છું. (૩૪)

ઘટોત્કચ : (પ્રવેશ કરીને) અરે, આ રહ્યા તે શ્રીમાન્ ધૃતરાષ્ટ્ર ! (એટલે કે જે) એક સો અનાર્ય પુત્રોને પેદા કરનારા (છે). આ તો ખરેખર લલિત અને ગંભીર એવી વિશિષ્ટ આકૃતિ (=દેખાવ)વાળા છે. આશ્ચર્ય છે, આશ્ચર્ય !

વૃદ્ધ હોવા છતાંય વિસ્તૃત કરચલી વિનાના, મોટા ભરાવદાર ખભાઓવાળા, સો પુત્રોને ધારણ કરનાર હોવાથી અધ્ધેય સ્વરૂપવાળા હોય એવા લાગે છે. હું તો માનું છું કે, સ્વર્ગલોકની રક્ષા થઈ શકશે કે કેમ ? એવી જેમને શંકા જન્મી છે તેવા દેવોએ ત્રાસને કારણે જ આ શ્રીમાનને મીંચેલી આંખોવાળા (=અંધ) બનાવ્યા છે. (૩૫)

(નજીક જઈને) પિતામહ ! અભિવાદન કરું છું હું ઘટોત્ક...(એવું અર્ધું બોલીને) ના-ના...આ ક્રમ યોગ્ય નથી. યુધિષ્ઠિર વગેરે મારા વડીલો આપ શ્રીમાન્‌ને પ્રણામ પાઠવે છે, એ પછી ઘટોત્કચ એવો હું તમોને વંદન કરું છું.

ધૃતરાષ્ટ્ર : આવ-આવ પુત્ર !

ભાઈ (અભિમન્યુ)નો નાશ થવાથી તારો આત્મા જેમ વ્યથિત થયો છે, અને જે તેને પ્રિય નથી, તેમને પણ દુઃખ આપનાર છે અને (કદાચ) આ કારણે જ તું આ (ક્રમશઃ અભિવાદન પાઠવવાના) અર્થને જાળવી શક્યો નથી, તથા હું પણ, મારા પુત્રોએ કરેલી ભૂલને કારણે શરમિંદો બનાવાયો છું. (૩૬)

ઘટોત્કચ : અહો ! આપ શ્રીમાન્ તો કલ્યાણ સ્વરૂપ લાગો છો. કલ્યાણોને ઉત્પન્ન કરનાર એવા આપ પિતામહને ભગવાન્ ચક્રાયુધ કહેવડાવે છે કે—

धृतराष्ट्रः-(आसनादुत्थाय ।) किमाज्ञापयति भगवांश्चक्रायुधः ।

घटोत्कचः-न न न । आसनस्थेनैव भवता श्रोतव्यो जनार्दनस्य सन्देशः ।

धृतराष्ट्रः-यदाज्ञापयति भगवाश्चक्रायुधः । (उपविशति)

घटोत्कचः-पितामह ! श्रूयताम् । हा वत्स अभिमन्यो हा वत्स कुरुकुलप्रदीप । हा वत्स यदुकुलप्रवाल ! तव जननीं मातुलं मामपि परित्यज्य पितामहं द्रष्टुमाशया स्वर्गमभिगतोऽसि । पितामह ! एकपुत्रविनाशादर्जुनस्य तावदीदृशी खल्ववस्था, का पुनर्भवतो भविष्यति । ततः क्षिप्रमिदानीमात्मबलाधानं कुरुष्व । यथा ते पुत्रशोकसमुत्थितोऽग्निर्न दहेत्प्राणमयं हविरिति ।

धृतराष्ट्रः-

सक्रोधव्यवसायेन कृष्णेनैतदुदाहृतम् ।
पश्यामीव हि गाण्डीवी सर्वक्षत्रवधे धृतः ॥३७॥

सर्वे-अहो हास्यमभिधानम् ।

घटोत्कचः-किमेतद्धास्यते ।

दुर्योधनः-एतद्धास्यते ।

देवैर्मन्त्रयते सार्धं स कृष्णो जातमत्सरः ।
पार्थेनैकेन यो वेत्ति निहतं राजमण्डलम् ॥३८॥

घटोत्कचः-

हससि त्वमहं वक्ता प्रेषितश्चक्रपाणिना ।
श्रावितं पार्थकर्मेदमहो युक्तं तवैव तु ॥३९॥

अपि च, भवतापि श्रोतव्यो जनार्दनसन्देशः ।

दुशासनः-मा तावत् भोः । क्षत्रियावमानिन् !

पृथिव्यां शासनं यस्य धार्यते सर्वपार्थिवैः ।
सन्देशः श्रोष्यतेऽप्यन्यो न राज्ञस्तस्य संनिधौ ॥४०॥

घटोत्कचः-कथं दुःशासनो व्याहरति अरे दुःशासन ! अराजा नाम भवतां चक्रायुधः । हं भोः !

मुक्ता येन यदा पुरा नृपतयः प्रभ्रष्टमानोच्छ्रयाः
येनार्घ्यं नृपमण्डलस्य मिषतो भीष्माग्रहस्ताद्धृतम् ।
श्रीर्यस्याभिरता नियोगसुमुखी श्रीवक्षशय्यागृहे
श्लाघ्यः पार्थिवपार्थिवस्तव कथं राजा न चक्रायुधः ॥४१॥

ધૃતરાષ્ટ્ર : (આસન ઉપરથી ઊભા થઈ જઈને) ભગવાન ચક્રયુધ શી આજ્ઞા મોકલે છે ?

ઘટોત્કચ : ના, ના, ના. આસન ઉપર બેઠા બેઠા જ આપે જનાર્દનનો સંદેશ સાંભળવો યોગ્ય છે.

ધૃતરાષ્ટ્ર : જેવી ભગવાન્ ચક્રયુધ આજ્ઞા આપતા હોય. (બેસે છે)

ઘટોત્કચ : પિતામહ, સાંભળો. 'હા વત્સ અભિમન્યુ ! હા વત્સ કુરુકુળના પ્રદીપ ! હા વત્સ, યાદવકુળના અંકુર ! તારી માતા (સુભદ્રા)ને, મામા (શ્રીકૃષ્ણને) અને મને (અર્જુનને) પણ સાવ છોડીને પિતામહ (પાંડુ)ને જોવાની આશાથી તું સ્વર્ગે ચાલી નીકળ્યો...'' પિતામહ ! એક પુત્રના વિનાશથી અર્જુનની જો આવી દશા થઈ હોય તો આપશ્રીની શું (દશા) થશે ? તો જલદીથી અત્યારે આત્મબળને એકઠું કરી લો. કે જેથી કરીને પુત્ર (વિનાશ)ના શોકમાંથી ઉત્પન્ન થયેલો અગ્નિ તમારા પ્રાણમય હવિષને બાળી ન મૂકે.'' એમ (સંદેશ મોકલ્યો છે).

ધૃતરાષ્ટ્ર : ક્રોધ સાથે ઉદ્વિગ્ન થયેલા કૃષ્ણે આવું વચન ઉચ્ચાર્યું લાગે છે. મને તો એવું દેખાય છે કે, જાણે ગાણ્ડીવી બધાં જ ક્ષત્રિયોનો વિનાશ કરવા ઉદ્યત થયો છે. (૩૭)

બધા : અહો, કેવું હાસ્યાસ્પદ વિધાન છે.

ઘટોત્કચ : શું આ (કૃષ્ણ સંદેશ)ને હસી કાઢવામાં આવે છે ?

દુર્યોધન : (હા. હા.) આને હસી કાઢવામાં (જ) આવે છે. જેમને મત્સર જન્મ્યો છે તેવા કૃષ્ણ દેવોની સાથે (જાણે) મંત્રણા કરી રહ્યા છે. (તે આમ) જેઓ એકલા પાર્થ વડે જ આખા રાજસમૂહને હણાઈ ગયેલું માને છે. (૩૮)

ઘટોત્કચ : (અલ્યા !) તું હસે છે. જ્યારે હું ચક્રપાણિએ મોકલેલો (દૂત) બોલી રહ્યો છું. મેં તો પાર્થ–અર્જુનનું જે કર્મ (તેઓ કરવાના છે) તે કહી સંભળાવ્યું છે, પણ તને તો (આમ હસવું) એ જ યોગ્ય છે. (૩૯)

અને વળી, તમે (દુર્યોધન) પણ જનાર્દનનો સંદેશો સાંભળી લો.

દુઃશાસન : અરે ઓ, રહેવા દે. ક્ષત્રિયનું અપમાન કરનારા ! પૃથિવી ઉપર બધા રાજાઓ વડે જેમનું શાસન સ્વીકારવામાં આવે છે. એમને સંદેશો જો કે, સાંભળી લેવામાં આવે છે. (તો પણ એ સમજી લેવું કે) તે રાજા (દુર્યોધન)ની સામે બીજો કોઈ (રાજા) જ નથી. (૪૦)

ઘટોત્કચ : શું આ દુઃશાસન બોલી રહ્યો છે ? અરે ઓ દુઃશાસન ! તારે મન શું ચક્રાયુધ રાજા નથી ? હું. અલ્યા, પહેલાના સમયમાં માનોન્નતિથી ભ્રષ્ટ કરાયેલા રાજાઓને જેણે (જરાસંધની જેલમાંથી) મુક્ત કરાવ્યા હતા, જેણે રાજાઓના સમૂહના દેખતાં જ ભીષ્મના આગળના હાથમાંથી જ અર્ઘ્ય મેળવી લીધો હતો, શુભ વક્ષઃસ્થળ રૂપી શય્યાગૃહમાં (વસેલી) આજ્ઞાપાલન કરવા માટે તત્પર એવી લક્ષ્મી જેના વિષે પ્રેમાળ બની રહી છે તે પ્રશંસનીય એવા રાજાઓના પણ રાજા એવા ચક્રાયુધ (કૃષ્ણ) શું તારાય રાજા નથી ? (૪૧)

दुर्योधनः—दुःशासन ! अलं विवादेन ।

राजा वा यदि वाऽराजा बली वा यदि वाऽबली ।
बहुनात्र किमुक्तेन किमाह भवतां प्रभुः ॥४२॥

घटोत्कचः—अथ किमथ किम् । प्रभुरेव त्रैलोक्यनाथो भगवांश्चक्रायुधः । विशेषतोऽस्माकं प्रभुः । अपि च,

अवसितमवगच्छ क्षत्रियाणां विनाशं
नृपशतविनिचित्या लाघवं चास्तु भूमेः ।
न हि तनयविनाशादुद्यतोग्रास्त्रमुक्तैः
समरशिरसि कश्चित्फाल्गुनस्यातिभारः ॥४३॥

शकुनिः—

यदि स्याद्वाक्यमात्रेण निर्जितेयं वसुन्धरा ।
वाक्ये वाक्ये यदि भवेत्सर्वक्षत्रवधः कृतः ॥४४॥

घटोत्कचः—शकुनिरेष व्याहरति । भोः शकुने ?

अक्षान्विमुञ्च शकुने ! कुरु बाणयोग्य-
मष्टापदं समरकर्मणि युक्तरूपम् ।
न ह्यत्र दारहरणं न च राज्यतन्त्रं
प्राणः पणोऽत्र रतिरुग्रबलैश्च बाणैः ॥४५॥

दुर्योधनः—भो भोः प्रकृति गतः ।

क्षिपसि वदसि रुक्षं लङ्घयित्वा प्रमाणं
न च गणयसि किञ्चिद्व्याहरन्दीर्घहस्तः ।
यदि खलु तव दर्पो मातृपक्षोग्ररूपो
वयमपि खलु रौद्रा राक्षसोग्रस्वभावाः ॥४६॥

घटोत्कचः—शान्तं पापम् शान्तं पापम् । राक्षसेभ्योऽपि भवन्त एव क्रूरतराः । कुतः,

न तु जतुगृहे सुप्तान् भ्रातॄन् दहन्ति निशाचराः
शिरसि न तथा भ्रातुः पत्नीं स्पृशन्ति निशाचराः ।
न च सुतवधं संख्ये कर्तुं स्मरन्ति निशाचरा
विकृतवपुषोऽप्युग्राचारा, घृणा न तु वर्जिताः ॥४७॥

દુર્યોધન : દુઃશાસન, વિવાદ રહેવા દે.

એ રાજા હોય કે, રાજા ન હોય, તે બળવાન હોય કે બળવાન ન હોય. અત્યારે બહુ વાત કરીને શો ફાયદો ? (અલ્યા) તારો સ્વામી ! ભગવાન્ શું કહેવડાવી રહ્યો છે ? (એ કહે), (૪૨)

ઘટોત્કચ : હા, હા, ત્રણેય લોકના નાથ એવા એ ભગવાન્ ચક્રાયુધ સ્વામી જ છે. વિશેષે કરીને અમારા તો તે સ્વામી છે જ. અને વળી ક્ષત્રિયોનો વિનાશ થઈ ચૂક્યો છે એમ (તું) જાણ. સેંકડો નૃપતિઓના સમૂહનું નિકંદન નીકળી જવાથી ભૂમિનો (ભાર) પણ હલકો થશે. દીકરા (અભિમન્યુ) ના વિનાશથી ઊઠાવેલા ઉગ્ર અસ્ત્રોના ફેંકવા વડે ફાલ્ગુન (અર્જુન)ને માટે (આજે) યુદ્ધભૂમિમાં કશુંય ભારરૂપ બનવાનું નથી. (૪૩)

શકુનિ : જો આમ બોલવા માત્રથી વસુંધરા જીતી લેવાતી હોય તો વાક્યે વાક્યે બધા ક્ષત્રિયોનો વધ પણ થઈ ગયો જાણો. (૪૪)

ઘટોત્કચ : આ શકુનિ બોલ્યો ને ? અલ્યા શકુનિ ! (જુગારના) પાસાને ત્યજી દે. હે શકુનિ ! યુદ્ધકર્મમાં (હવે આ તારા) અષ્ટાપદ (ચોપાટ)ને બાણને યોગ્ય બનાવી લે. હવે આ (યુદ્ધ)માં સ્ત્રીહરણ કરવાનું નથી કે (ખટપટવાળું) રાજતંત્ર ચલાવવાનું નથી. અહીં તો પ્રાણને દાવ ઉપર લગાવવાના છે, અને ઉગ્ર બળવાળા બાણોની સાથે પ્રીતિ કરવાની છે. (૪૫)

દુર્યોધન : અલ્યા, અલ્યા તારા મૂળ (રાક્ષસ) સ્વભાવ ઉપર ગયો !

નિંદા કરે છે અને પ્રમાણ ભાન ઓળંગીને કર્કશ બોલી રહ્યો છે. (અલ્યા) લાંબા હાથવાળા તું પાછો બોલતાં બોલતાં કશાને ગણકારતો નથી. જો તારો દર્પ તારી માતાના (રાક્ષસ) પક્ષ જેવો ઉગ્ર રૂપવાળો હોય તો અમે પણ રાક્ષસ જેવા ઉગ્ર સ્વભાવવાળા રૌદ્ર (ભયજનક) છીએ. (૪૬)

ઘટોત્કચ : શાન્તમ્ પાપમ્ ! અરે, તમે લોકો તો રાક્ષસો કરતાં પણ ક્રૂરતર છો ! કેવી રીતે (એ સાંભળો–)

જે નિશાચરો હોય છે તે સુતેલા ભાઈઓને લાક્ષાગૃહમાં સળગાવતા નથી વળી નિશાચરો (પોતાના) ભાઈની પત્નીને માથા ઉપર સ્પર્શતા નથી. અરે ! નિશાચરો તો યુદ્ધમાં પુત્રનો વધ કરવાનું વિચારતાય નથી. વિકૃત શરીરવાળા અને ઉગ્ર આચરણવાળા હોવા છતાંય તેમણે દયા છોડી હોતી નથી. (૪૭)

दुर्योधनः–

दूतः खलु भवान् प्राप्तो न त्वं युद्धार्थमागतः ।
गृहीत्वा गच्छ सन्देशं न वयं दूतघातकाः ॥४८॥

घटोत्कचः–(सरोषम्) किं दूत इति मां प्रघर्षयसि, मा तावद् भो ! नं दूतोऽहम् ।

अलं वो व्यवसायेन प्रहरध्वं समाहताः ।
ज्याच्छेदाद् दुर्बलो नाहमभिमन्युरिह स्थितः ॥४९॥

महानेष कैशोरकोऽयं मे मनोरथः ।

अपि च

दष्टोष्ठो मुष्टिमुद्यम्य तिष्ठत्येष घटोत्कचः ।
उत्तिष्ठतु पुमान् कश्चिद्गन्तुमिच्छेद्यमालयम् ॥५०॥

(सर्वे उत्तिष्ठन्ति ।)

धृतराष्ट्रः–पौत्र घटोत्कच ! मर्षयतु भवान् । मद्वचनावगन्ता भव ।

घटोत्कचः–भवतु भवतु ! पितामहस्य वचनाद् दूतोऽहमस्मि । तथापि हि न शक्नोमि रोषं धारयितुम् । किमिति विज्ञाप्यः ।

दुर्योधनः–आः कस्य विज्ञाप्यम् । मद्वचनादेवं स वक्तव्यः ।

किं व्यर्थं बहु भाषसे न खलु पारुष्यसाध्या वयं
कोपान्नार्हसि किंचिदेव वचनं युद्धं यदा दास्यसि ।
निर्याम्येष निरन्तरं नृपशतच्छत्रावलीभिर्वृत–
स्तिष्ठ त्वं सह पाण्डवैः प्रतिवचो दास्यामि ते सायकैः ॥५१॥

घटोत्कचः–पितामह ! एष गच्छामि ।

धृतराष्ट्रः–पौत्र ! गच्छ, गच्छ ।

घटोत्कचः–भो भो राजानः । श्रूयतां जनार्दनस्य पश्चिमः संदेशः ।

धर्मं समाचर कुरु स्वजनव्यपेक्षां
यत्कांक्षितं मनसि सर्वमिहानुतिष्ठ ।
जात्योपदेश इव पाण्डवरूपधारी
सूर्यांशुभिः समसुपैष्यति वः कृतान्तः ॥५२॥ इति ॥

(निष्क्रान्ताः सर्वे ।)

दूतघटोत्कचं नामोत्सृष्टिकाङ्कः समाप्तम् ॥

દુર્યોધન : તું તો દૂત બનીને આવ્યો છું, કંઈ યુદ્ધ કરવા તું આવ્યો નથી. માટે (અમારો) (પ્રતિ) સંદેશ લઇને ચાલ્યો જા. અમે દૂતને મારી નાંખનારા નથી. (૪૮)

ઘટોત્કચ : (ગુસ્સા સાથે) શું (તું) મને 'દૂત' એમ કહીને અપમાનિત કરે છે. ના, ના. હું દૂત નથી.

તમારી એવી માન્યતાથી અટકો. તમે સૌ ભેગાં મળેલા પ્રહાર કરો. પણછ તૂટી જવાથી દુર્બલ બનેલો હું કોઈ અભિમન્યુ નથી, આ ઊભો. (૪૯)

કિશોરાવસ્થાથી માંડીને આ મારો મહાન મનોરથ છે ! અને વળી,

(દાંતથી) ઓષ્ઠ દબાવેલો અને મુઠ્ઠી ઉગામીને ઊભેલો આ ઘટોત્કચ છે. જેને યમસદનમાં જવાની ઈચ્છા હોય તેવો કોઈ પણ પુરુષ ઊભો થાય. (૫૦)

(બધાં ઊભા થઈ જાય છે.)

ધૃતરાષ્ટ્ર : પૌત્ર ઘટોત્કચ ! માફ કરી દો તમે. મારા વાક્યને સમજનારો થા.

ઘટોત્કચ : ઠીક છે, ઠીક છે. પિતામહના કહેવાથી હું દૂત છું. તો પણ જો કે હું ગુસ્સાને ખાળી શકતો નથી. (કહો!) તમારે શું કહેવડાવવાનું છે ?

દુર્યોધન : આ...(અમારે વળી) કોને (કંઈ) જણાવવાનું છે ? પણ મારા વચનથી એ (કૃષ્ણ)ને આમ કહેજે "કેમ વ્યર્થ બહુ બોલ્યા કરે છે. તારાં કઠોર (વચનો)થી અમે વશ થવાના નથી. (મને ચઢેલા) ક્રોધને કારણે તું કોઈ વચન (=સંદેશ)ને યોગ્ય જ નથી. (હવે) તું જ્યારે યુદ્ધ આપીશ ત્યારે રાજાઓની સેંકડો છત્રાવલીથી સતત વીંટળાયેલો હું (મારી શિબિરમાંથી) બહાર નીકળીશ. તું પાંડવોની સાથે (આવીને) ઊભો રહેજે. ત્યારે હું તને બાણોથી પ્રતિસંદેશ આપીશ. (૫૧)

ઘટોત્કચ : પિતામહ ! આ હું જાઉં છું.

ધૃતરાષ્ટ્ર : પૌત્ર, જા, જરૂર જા.

ઘટોત્કચ : અરે ઓ રાજાઓ ! જનાર્દનનો છેલ્લો સંદેશ સાંભળી લો–

ધર્મનું સમ્યક્ આચરણ કરી લો, સ્વજનોની સાચવણી કરી જાણો. મનમાં જેની પણ આકાંક્ષા હોય તે બધું અહીં માણી લો, તમારા જન્મનું રહસ્ય ઉપદેશનારો હોય એવો પાંડવ (અર્જુન)નું રૂપ ધરનારો યમરાજ આવતીકાલે (પૃથિવી ઉપર આવતાં) સૂર્યકિરણોની સાથે જ તમારે માટે આવી પહોંચશે. (૫૨)

(બધા રંગ ઉપરથી નીકળી જાય છે)

('દૂતઘટોત્કચ' નામનું 'ઉત્સૃષ્ટિકાંક' પ્રકારનું રૂપક પૂર્ણ થયું.)

દૂતઘટોત્કચ

અભ્યાસનોંધ

શીર્ષક : જે રૂપકમાં ઘટોત્કચ દૂત બનીને આવે છે, એટલે કે, જે રૂપકમાં ઘટોત્કચનું દૂતકર્મ નિરૂપાયું છે તે રૂપકને 'દૂતઘટોત્કચ' કહે છે. दूतश्चासौ घटोत्कचः इति दूतघटोत्कचः । तम् अधिकृत्य कृतं रूपकम् इति दूतघटोत्कचम् ॥)

સારભૂત કથાનક : આ 'દૂતઘટોત્કચ' એકાંકી રૂપક છે. (આ રૂપક 'વ્યાયોગ' પ્રકારનું છે એવું કેટલાક વિદ્વાનો માને છે, બીજા કેટલાકના મતે તે 'ઉત્સૃષ્ટિકાંક' પ્રકારનું રૂપક છે. આની વિશેષ ચર્ચા 'પ્રસ્તાવનામાં કરી જ છે.) આ રૂપકમાં કવિ ભાસે જે કથાને નાટ્યદેહ આપ્યો છે તે મહાભારતના યુદ્ધની વચ્ચેથી ઉપાડેલી એક નાની શી વિગત છે. अलब्धत्त अणुरपि महान् । ની જેમ વાત તો નાની જ છે, પણ તેનાં મર્મની દૃષ્ટિએ વિચારતાં ઘણી મોટી વાત આમાં નિરૂપાઈ છે.

મહાભારતનું યુદ્ધ ચાલુ થઈ ગયું છે, કૌરવોના પક્ષેથી ભીષ્મ હણાઈ ચૂક્યા છે, તેથી ઉદ્વિગ્ન થયેલા કૌરવોએ છળકપટથી બાળક અને એકાકી એવા અભિમન્યુને હણી કાઢયો છે. આ પ્રસંગને નિમિત્ત બનાવીને શ્રીકૃષ્ણે એક સંદેશો ધૃતરાષ્ટ્રને મોકલાવ્યો છે. આ સંદેશાનું વહન કરવા માટે તેમણે ભીમ-હિડિમ્બાના પુત્ર ઘટોત્કચ. (જેના મસ્તક ઉપરથી વાળ ઉખડી ગયા છે, અને એથી જેનું માથું ઘડા જેવું દેખાય છે તે 'ઘટોત્કચ' !) ને પસંદ કર્યો છે અને તેને "દૂત" બનાવીને મોકલ્યો છે.

ઘટોત્કચ સંદેશમાં જણાવે છે કે, એક પુત્રના શોકથી જો અર્જુનની પુત્રવિરહમાં આવી દુર્દશા થઈ છે તો તમારા-ધૃતરાષ્ટ્રના-સો પુત્રો હણાઈ જશે ત્યારે તમારી શી હાલત થશે ? એ વિચારો. પણ ધૃતરાષ્ટ્ર નિઃસહાય છે. એમના કહેવાથી કોઈ યુદ્ધ અટકાવવાનું નથી. દુર્યોધન ગર્વમાં છકેલો છે. તે કૃષ્ણને કશો પ્રતિસંદેશ કહેવડાવવાનું ઉચિત સમજતો નથી. એ સીધું એમ જ કહે છે કે યુદ્ધભૂમિ ઉપર જ તે કૃષ્ણને પોતાના બાણોથી જવાબ આપશે !

'નાન્દી પૂરી થયા પછી રંગભૂમિ ઉપર સૂત્રધારનો પ્રવેશ થાય છે' એવી રૂપકના આરંભે એક નોંધ છે, જે ભાસના બધાં જ રૂપકોમાં એક સરખી જોવા મળે છે. આથી વિદ્વાનો અહીં 'નાન્દી'નો અર્થ 'નગારાનો અવાજ' એવો કરવા પ્રેરાયા છે. અવાજમાં એક એવી શક્તિ રહેલી છે કે, જે સાંભળીને લોકો પોતાનું પ્રાપ્તકર્મ છોડીને-વર્તમાન ભૂલીને-અવાજની દિશા, અવાજનું કારણ જાણવા તત્પર બને છે.

સૂત્રધાર દ્વારા બોલવામાં આવતા નાન્દી શ્લોકમાં સામાજિકોને = પ્રેક્ષકોને આશીર્વચન આપવામાં આવે છે. બીજું, ભાસના લગભગ બધાં જ રૂપકોના આવા 'નાન્દી' પછીના શ્લોકોમાં મુદ્રાલંકારનો પ્રયોગ જોવા મળે છે. અર્થાત્ આવા શ્લોકમાં પ્રસ્તુત નાટ્યકૃતિમાં આવનારી કથાવસ્તુ અને મુખ્ય મુખ્ય પાત્રોનો પ્રતીકાત્મક ઉલ્લેખ કરવામાં આવ્યો હોય છે.

૧. સ્થાપના

શ્લોક–૧ : नारायणः वः (= युष्मान् सामाजिकान्) पायाद् ।

આ શ્લોકમાં કવિભાસે સમગ્ર સંસારના સઘળાં વ્યવહારને નાટકરૂપે જોયો છે, અને તે નાટક ચલાવનાર તરીકે ભગવાન્ નારાયણને સૂત્રધારરૂપે નિરૂપ્યા છે. (શેકસપિયરે પણ "All the world is a stage"નો વિચાર રજૂ કર્યો છે તે અત્રે સ્મરણીય છે !)

કોઈપણ નાટકમાં જેમ કોઈ કથાવસ્તુ હોય છે, આરંભે પ્રસ્તાવના હોય છે અને અંતે નિર્વહણસંધિમાં જેમ પ્રતિસમાપન હોય છે–અને એ દરેકનું સંચાલન કરનાર કોઈ સૂત્રધાર (Stage-manager) (नाट्योपकरणादीनि सूत्रमित्यभिधीयते । सूत्रं धारयतीत्यर्थं सूत्रधारो निगद्यते ॥) તેમ આ ત્રણેય લોકમાં અવિરતપણે જે વ્યવહાર ચાલી રહ્યો છે તે જાણે જગત–નાટકની કથાવસ્તુ છે, અને તેનો (સૃષ્ટિનો) આરંભ ક્યારે કરવો કે, તેનો સંહાર (= પ્રતિસમાપન) ક્યારે કરવો એનો દોરીસંચાર કરનાર–'સૂત્રધાર'–આ નારાયણ છે.

આ શ્લોકમાંથી જે વ્યંગ્યાર્થ સ્ફુરે છે તે એ છે કે, મહાભારતનું યુદ્ધ, એમાં થતી અભિમન્યુ આદિના વધની ઘટનાઓના સૂત્રધાર તે શ્રીકૃષ્ણ છે. આવા શ્રી કૃષ્ણ–નારાયણ ને ત્રિભુવનૈકપરાયણ (કેવળ ત્રિભુવનને વિષે જ પરાયણ અર્થાત્ ત્રણેય ભુવનને ધારણ કરનારા, ત્રણેય ભુવનને માટે આશ્રય–સ્થાન) કહ્યા છે. તેથી એ શ્રીકૃષ્ણની એક ફરજ એ બની રહે છે કે, તે મહાભારતના યુદ્ધ દ્વારા પૃથ્વીલોકનો નાશ થતો અટકાવે. આથી આ યુગપુરુષે યુદ્ધ શરૂ થતાં પહેલાં યુદ્ધ અટકાવનાનો જે એક પ્રયત્ન કર્યો છે, તેનું નિરૂપણ ભાસે 'દૂતવાક્ય'માં કર્યું છે. તથા પ્રસ્તુત રૂપકમાં યુદ્ધ દરમિયાન એક નવી તક ઊભી થતાં શ્રીકૃષ્ણે ઘટોત્કચને દૂત બનાવીને મોકલી આપ્યો છે તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

संशप्तकानीक-निर्वाहिते० । મહાભારતના યુદ્ધમાં સંશપ્તક રાજાઓ અર્જુનને બીજી દિશામાં તાણી ગયા, એ સ્થિતિનો લાભ લઈને કૌરવોએ અભિમન્યુને માર્યો હતો. આ કથા મૂળ મહાભારતના 'દ્રોણપર્વ'ની અન્તર્ગત 'સંશપ્તકવધપર્વ'માં આવે છે. દ્રોણની માંગણીથી ત્રિગર્તનો રાજા અને એના ભાઈઓ અર્જુનને બીજી દિશામાં તાણી જવાના સોગંદ લે છે. આથી યે શપથપૂર્વં યુધ્યન્તે તે राजानः । શપથપૂર્વક લઢનારા રાજાઓને 'સંશપ્તકો કહે છે.

ભાસના નામે પ્રસિદ્ધ થયેલાં રૂપકોમાં અમુક પ્રકારની ગૂંથણીની જે એક-રૂપતા જોવા મળે છે. (જેમ કે, ૧ નાન્દી પૂરી થયા પછી જ રંગભૂમિ ઉપર સૂત્રધારનો પ્રવેશ થવો, ૨. નાન્દીશ્લોકમાં પ્રાયઃ મુદ્રાલંકારનો પ્રયોગ) તેમ અહીં પણ ૩. કૃતિનું શીર્ષક, કે ૪. કૃતિના રચયિતાનું નામ ઉલ્લેખાયું નથી. તથા ૫. 'પ્રસ્તાવના'ને બદલે અહીં 'સ્થાપના' શબ્દ વપરાયો છે. વળી, ૬. "આ હું કાંઈક જણાવવા જતો હતો, ત્યાં અવાજ જેવું શું સંભળાય છે?" એમ બોલીને તરત જ સૂત્રધાર પ્રેક્ષકોને પ્રસ્તુત રૂપકના સ્થળ-કાળ અને ઘટના સાથે જોડી દે છે-તે યુક્તિ/શૈલીનો અહીં પણ પ્રયોગ કરવામાં આવ્યો છે. (આથી ગૂંથણીની એકરૂપતાને કારણે આ તેરેય "ત્રિવેન્દ્રમ-નાટકો"ને કોઈ એક જ નાટ્યકવિની (અને તેય સંભવતઃ ભાસની જ) કૃતિઓ માનવામાં આવી છે. આ પદ્ધતિને નાટ્યકૃતિની માંડણી-કથાવસ્તુની રજૂઆત-કરવામાં આવતી હોય છે. તેથી તેને 'સ્થાપના' એવું નામ આપવામાં આવ્યું છે.

હવે પહેલા-દૃશ્યની શરૂઆત થાય છે :

શ્લોક ૩ : ઈન્દ્રને પિતામહ (પિતાનો પિતા = દાદા) કહ્યા છે. કારણ કે, તેમણે આપેલા મંત્રથી કુન્તાને અર્જુન પુત્ર રૂપે મળ્યા હતા. તેથી ઈન્દ્ર—અર્જુન—અભિમન્યુ એવો ક્રમ થયો. उत्संग-ખોળો.

શ્લોક ૪ : श्रुतिपथदूषण कृतम्—શ્રવણમાર્ગ = શ્રવણેન્દ્રિયમાં દૂષણ પેદા કર્યું. અર્થાત્ ખરાબ-અપ્રિય સમાચાર સંભળાવ્યા.

શ્લોક ૫ : कृष्णधृतरश्मिगुणप्रतोदः—કૃષ્ણે જેની લગામની દોરી અને પ્રતોદ = ચાબુક ધારણ કરી છે તેવો પાર્થ (પૃથાનો પુત્ર = અર્જુન). उग्रधनुः सहायः—ઉગ્ર ધનુષ્ય છે જેનું સાથીદાર (સહાય = સાથીદાર).

દુશલા—એ ધૃતરાષ્ટ્રની પુત્રી છે, અને તે બોલે છે કે જેણે અભિમન્યુની પત્ની ઉત્તરાને વૈધવ્ય આપ્યું છે. તેણે પોતાની યુવાન પત્નીને પણ વૈધવ્ય મોકલી આપ્યું છે : तेनात्मनो युवतिजनाय वैधव्यमादिष्टम् । આ ઉક્તિમાં એક નાટ્યાત્મક વક્રતા રહેલી છે. જેમ કે, દુઃશલા જ્યારે આ બોલી રહી છે ત્યારે

એને એ ખબર નથી કે, એના પતિ જયદ્રથે જ અભિમન્યુને માર્યો છે, અને પરિણામે એણે જ નજીકના ભવિષ્યમાં વિધવા થવાનું નક્કી થઈ ચૂક્યું છે.

किल—અવ્યયનો અર્થ : 'કહેવાય છે કે', 'સંભળાય છે કે' એવો કરવામાં આવે છે. गाण्डीविन् = ગાણ્ડીવ ધનુષ્યવાળા.

શ્લોક ૮ : कृष्णस्य अष्टभुजोपधानरचिते । કૃષ્ણના આઠ હાથો રૂપી ઉપધાન = ઓશિકાથી બનાવવામાં આવેલા (ખોળા)માં કવિએ કૃષ્ણને આઠભુજાવાળા કહીને, તે વિષ્ણુના અવતાર છે એ વાત તરફ ધ્યાન દોર્યું છે. उपलप्स्यति (= उपलप्स्यते) અહીં પરસ્મૈપદનો પ્રયોગ અનિયમિત છે.

શ્લોક ૧૧ : मधुसूदनस्य मदः उन्मूलितः । 'મધુ' નામના રાક્ષસનું સૂદન = હનન કરનારનો = શ્રીકૃષ્ણનો મદ ઉખેડી કાઢયો. અહીં શ્રીકૃષ્ણ માટે વાપરેલો 'મધુસૂદન' શબ્દ સાભિપ્રાય છે એ નોંધવું.

શ્લોક ૧૨ : व्यसन = આફત, આપત્તિ. ('કુટેવ' એવો અર્થ પાછળથી વિકસેલો છે.)

શ્લોક ૧૩ : सुतेन समम् अप्रतिमं यशः हृतम् । આ પંક્તિમાં 'સહોક્તિ' અલંકાર નોંધપાત્ર છે.

શ્લોક ૧૪ : શકુનિની સંસ્કૃતમાં ઉક્તિ છે : अयं कुलविग्रहःकामं (= निश्चितं) तस्य (= धृतराष्ट्रस्य) न रुचितः । આ વાક્યમાં रुच ધાતુની સાથે 'જેને ગમવાનું હોય' એ વ્યક્તિને ચતુર્થી વિભક્તિ લગાડવી જોઈએ. (ब्राह्मणाय मोदकः रोचते ।) એ નિયમનો ભંગ થયો છે. અહીં तस्यने બદલે तस्मै (धृतराष्ट्राय) એમ હોવું જોઈએ.

*

तेन किल वरविदग्धेन रुद्धाः पाण्डवाः । અહીં જયદ્રથને માટે 'वर = વરદાનથી विदग्ध = છકી ગયેલો' એવો શબ્દ વાપર્યો છે. એની પાછળની કથા આમ છે :

પાંડવોના વનવાસ દરમિયાન એકવાર જયદ્રથે દ્રૌપદીનું અપહરણ કર્યું હતું. પછી પાંડવોએ એને પરાજિત કર્યો અને તે અપમાનિત થયો. આથી જયદ્રથે શંકરની ઉપાસના કરી અને તેમને પ્રસન્ન કર્યા. શંકરે જયદ્રથને વર આપ્યો (= વરદાન આપ્યું) કે—"અર્જુન સિવાયના—બાકીનાં ચાર પાંડવોને તું એક દિવસ માટે જીતી શકીશ." આ વરદાનથી તે છકી ગયો હતો. [અને સંશપ્તકો એક તરફથી અર્જુનને યુદ્ધભૂમિની બહાર ખેંચી ગયા ત્યારે બીજી તરફથી જયદ્રથે બાકીના ચાર પાંડવોને એક દિવસ માટે યુદ્ધમાં રોકી રાખ્યા; એ તે ક્ષણે સૌ કૌરવોએ એકઠા મળીને અભિમન્યુને હણી કાઢયો.] એનો અહીં ઉલ્લેખ છે. (મહાભારત, વનપર્વ ૨૭૨/૨૫–૨૯).

પરંતુ Prof. C. R. Devadhar આ ઉક્તિનો અંગ્રેજી અનુવાદ આમ કરે છે : That clever husband (of my daughter) engaged the Pāṇḍvas. દૂતઘટોત્કચમ્, Oriental Book Agency, Poona, 1957, Page : 6). આ અનુવાદ યોગ્ય જણાતો નથી. કેમ કે, વરવિદગ્ધેન શબ્દથી કવિને મહાભારતનો ઉપર્યુક્ત સંદર્ભ જ ધ્યાન ઉપર લાવવો અભિપ્રેત જણાય છે.

ઘૃણા–દયા, નિર્ઘૃણ–દયાવિનાના, નિર્દય ધૃતરાષ્ટ્રની ઉક્તિમાં,, કિં મીષ્મસ્ય નિપાતનમ્ અભિમન્યોશ્ચ વધઃ સમઃ । જે તુલ્યાર્થક સમઃ શબ્દ વપરાયો છે, તે સમમ્ એમ હોવો જોઈએ એવું ટી. ગણપતિશાસ્ત્રીએ સૂચવ્યું છે.

શ્લોક ૨૦ : ગ્યાયામોર્ણં ગૃહ્ય (= ગૃહીત્વા)–એ શબ્દોને બદલે ગ્યાવામોર્ણં ગૃહ્ય એવું પાઠાન્તર પણ મળે છે. જેનો અર્થ થશે : ઇન્દ્રના વજ્રઆયુધ જેટલું ઉષ્ણ ધનુષ્ય પકડીને.

શ્લોક : ૨૨ અહીં મહાભારતમાં આવેલા અર્જુનના ચારેક પરાક્રમોનો ઉલ્લેખ છે. (૧) વનપર્વની અન્તર્ગત 'નિવાતકવચ યુદ્ધપર્વ" આવે છે. ઇન્દ્ર પાસેથી દિવ્યાસ્ત્રોની વિદ્યા શીખ્યા પછી અર્જુને ગુરુદક્ષિણા ચૂકવવા માટે સમુદ્રના ગર્ભમાં રહેતા ત્રીસ કરોડ જેટલા નિવાતકવચ નામના અસુરોને હણ્યા હતા. (૨) વનપર્વની અન્તર્ગત કૈરાતપર્વ છે. તેમાં શિવજીએ કિરાત=ભીલનું રૂપ લઇને (અર્જુનની પરીક્ષા લેવા) અર્જુનની સાથે યુદ્ધ કર્યું હતું. અર્જુનની અસાધારણ પરાક્રમશક્તિ જોઇને કૈરાત શિવ પણ પ્રસન્ન થયા હતા. (૩) આદિપર્વમાં ખાંડવવનદહન પર્વ આવેલું છે. તેમાં અર્જુને સમગ્ર ખાંડવવનને આહુતિ રૂપે અગ્નિને સમર્પ્યું હતું. અને અગ્નિને પ્રસન્ન કર્યો હતો. (૪) વિદ્યારક્ષિત=વિદ્યાધર (દેવયોનિવિશેષ), જે આકાશમાં ઊડી શકે છે. આવો એક ચિત્રાંગદ નામનો વિદ્યાધર એકવાર દુર્યોધનને યુદ્ધમાં હરાવીને ઉઠાવી ગયો હતો ! ત્યારે અર્જુને તેને મારી હઠાવીને દુર્યોધનને છોડાવ્યો હતો. (મૂળ મહાભારતમાં ચિત્રાંગદ એવું નામ નથી, પણ 'ચિત્રસેન' છે.) આ કથા વનપર્વના ઘોષાયાત્રાપર્વમાં આવેલી છે.

શ્લોક : ૨૩ શક્રાપનીતકવચ : મહાભારતના વનપર્વમાં એક સંદર્ભ એવો પણ છે કે, કર્ણના શરીર ઉપર જે કવચ–કુંડલ હતા, તે જન્મજાત–સહજ હતા આ કવચકુંડળ જ્યાં સુધી કર્ણનાં શરીરમાં રહે ત્યાં સુધી એ અજેય રહેત. આથી ઇન્દ્રે (પોતાના પુત્ર અર્જુનને વિજય અપાવવા) બ્રાહ્મણનું રૂપ લઇને કર્ણ પાસેથી તે કવચકુંડળ માંચી લીધા હતા.

અર્ધરથ : ઉદ્યોગપર્વમાં ભીષ્મે કર્ણને 'અર્ધરથ' કહ્યો છે. કેમ કે, તેણે કવચકુંડળ ગુમાવી દીધા છે, તથા 'તેનાં અસ્ત્રો ખરે સમયે વિફળ થશે' એવો તેને પરશુરામનો શાપ પણ લાગ્યો છે.

અર્જુનને અગ્નિએ ગાણ્ડીવ ધનુષ્ય આપ્યું હતું, રુદ્રે તેને પાશુપતાસ્ત્ર આપ્યું હતું અને ઇન્દ્રે તેને કવચ તથા કિરીટ (=મુકુટ) આપ્યાં હતાં. (આ કથાઓ વનપર્વ અને આદિપર્વમાં જોવા મળે છે.) આથી ભાસે અર્જુનને માટે अस्त्रदान-गुरवो दहनेन्द्ररुद्राः કહ્યો છે.

શ્લોક : ૩૨ कृष्णचक्षुषः (अर्जुनस्य) शराः सर्वत्र अनुगमिष्यन्ति। કૃષ્ણ જેમની આંખો છે તેવા અર્જુનનાં બાણો બધે જ (જયદ્રથની પાછળ પાછળ) જશે. અહીં કૃષ્ણને પાંડવોની આંખ' કહ્યા છે. આવો જ વિચાર ભાસના 'દૂતવાક્યમ્'માં પણ જોવા મળે છે. જેમ કે, ग्रहणमुपगते तु वासुदेवे हृतनयना इव पाण्डवा भवेयुः। દુર્યોધન કહે છે: 'વાસુદેવ જો એકવાર પકડાઈ જશે તો પાંડવો જાણે આંખો હરાઈ ગઈ હોય એવા-અન્ધ-બની જશે.' (આમ, આ 'ત્રિવેન્દ્રમ-નાટકો'માં વિશેષણો અને વિચારોની પણ એકરૂપતા જોવા મળે છે. તેથી પણ એવું સિદ્ધ થાય છે કે, આ રૂપકોનો કર્તા કોઈ એક જ નાટ્યકવિ હશે.)

શ્લોક : ૩૩ આ શ્લોકમાં ઘટોત્કચ પોતાને અંકુશ વાગવાની શંકા રાખતા ગજેન્દ્રની સાથે સરખાવે છે. હાથી જતો હોય ત્યારે એને સતત 'મહાવત ક્યાંક અંકુશ મારશે તો?' એવી શંકા રહેતી હોય છે. આ ઉપમા વિષે પ્રોફે.સી.આર. દેવધરે લખ્યું છે કે-"The comparison does not sound apt, and the idea appears some what obscure, (ઉપમા બહુ સમુચિત નથી. સરખામણીનો વિચાર ક્લિષ્ટ જણાય છે.") પરંતુ આવી આલોચના ઠીક જણાતી નથી. કારણ કે, ઘટોત્કચ આમ તો કૌરવસેનામાં લઢી લેવાના ઉત્સાહ સાથે જ પ્રવેશ્યો હશે. પણ એને એ વાત યાદ છે કે, તે અત્યારે કૃષ્ણનો- ચક્રાયુધનો-દૂત બનીને આવ્યો છે, એથી પ્રકટયુદ્ધ તો તે કરી શકશે નહીં. આમ દૂતપ્રેષક શ્રીકૃષ્ણની યાદ આવતાં તે 'અંકુશથી શંકિત' ગજેન્દ્રની સાથે પોતાને સરખાવે છે. આ રીતે વિચારતાં તો એમ જણાય છે કે, આ ઉપમા જ વધુ સુયોગ્ય છે!

શ્લોક : ૩૫ अनाततवली-गुरु-संहतांसः = લબડી નહીં પડેલી કરચલી (= તવલી)ઓવાળા મોટા માંસલ-ભરેલાં-ખભા (અંસ) વાળા (ધૃતરાષ્ટ્ર). ઘટોત્કચની દૃષ્ટિએ ધૃતરાષ્ટ્રને દેવોએ અંધ કેમ બનાવ્યા હશે? એ વિચાર રસપ્રદ છે. કવિ કહે છે કે; ત્રિદિવ=સ્વર્ગલોકની રક્ષા કરવી ભારે પડી જશે, જો આ ધૃતરાષ્ટ્રને આંખો આપીશું તો-એવી દહેશત થતાં તેને અંધ જન્માવ્યો છે! 'ઊરુભંગ'માં પણ કવિએ આવો જ વિચાર બલરામના મુખેથી બોલાવ્યો છે: सृष्टो ध्रुवं त्रिदिवरक्षणजातशङ्कैः देवैररातिमिराञ्जलि-ताडिताक्षः। (૩૬)

શ્લોક : ૪૧ આ શ્લોકમાં મહાભારતના સભાપર્વની અંદર આવેલા જરાસંધવધપર્વનો ઉલ્લેખ છે. જરાસંધ સો રાજાઓને ભેગા કરી- કેદ કરીને- બેઠો છે. તેણે નરમેધયજ્ઞમાં આ રાજાઓને હોમવાનો સંકલ્પ કર્યો હોય છે. આથી કૃષ્ણે, ભીમ અને અર્જુનને સાથે લઈ જઈને જરાસંધ સાથે યુદ્ધ માંગ્યું અને તેમાં ભીમના હાથે તેને મરાવ્યો હતો. ત્યાર પછી યુધિષ્ઠિરના રાજસૂયયજ્ઞમાં ભીષ્મે સૌ રાજાઓની હાજરીમાં શ્રીકૃષ્ણને જ અર્ઘ્ય આપવા પાત્ર ગણ્યા હતા.
નિયોગમુમુખો = આજ્ઞા માનવા માટે અભિમુખ = તત્પર એવી (લક્ષ્મી).

શ્લોક : ૪૩ વિનાશમ્ અવસિતમ્ અવગચ્છ = વિનાશને પૂરો થઈ ગયેલો જાણ (સમજ) નૃપશતવિનિચિત્યા = સો રાજાઓના સમૂહનો વિનાશ થવાથી ફલ્ગુનસ્ય અર્જુનસ્ય । 'ફલ્ગુન' એ અર્જુનનું એક નામ છે.

શ્લોક : ૪૫ અક્ષાવપદ = જુગાર રમવાની ચોપાટ. અક્ષ : (જુગાર રમવાનો) પાસો. પ્રાચીન સમયમાં જુગાર રમવાની કુકરી ઉપર-પાસા ઉપર-સંખ્યાસૂચક ટપકાં ચીતરવાને બદલે એટલી સંખ્યામાં આંખનું-અક્ષિ નું—ચિત્ર દોરવામાં આવતું હતું તેથી પાસાંને લક્ષણાથી અક્ષ કહેવાતો હતો !

શ્લોક : ૪૭માં ઘટોત્કચ એ દર્શાવે છે કે, કૌરવો તો રાક્ષસો કરતાંય કેવા ક્રૂરતર છે ? જતુગૃહ = લાક્ષાગૃહ, નિશાચર = રાત્રેફરનારા (રાક્ષસો) આ શ્લોકના ત્રીજા ચરણમાં એક પાઠાન્તર છે :-न च सुतवधं संख्ये वृत्तं स्मरन्ति निशाचराः । થયેલા પુત્રવધને નિશાચરો યાદ કરતા નથી.'-આના કરતાં દેવધરે આપેલો (આપણે સ્વીકારેલો) પાઠ વધુ ધારદાર છે.

શ્લોક : ૪૯ अलं व्यवसायेन- ('હું દૂત છું' એવી) માન્યતાથી અટકો. અર્થાત્ મારી સાથે દૂત તરીકેનો વ્યવહાર કરતાં હો તો તેવા વ્યાપારથી-પ્રવૃત્તિથી અટકી જાવ. (મને યોદ્ધો માનીને જ વ્યવહાર કરો.)

શ્લોક : ૫૨ जात्योपदेश इव पाण्डवरूपधारी कृतान्तः उपैष्यति । અહીં जात्योपदेश इव નો અર્થ, ઘણાં વિદ્વાનોએ 'કલ્યાણકારી ઉપદેશની જેમ' એવો કર્યો છે. પરંતુ જાતિ નો એક અર્થ 'જન્મ' થાય છે. આથી 'તમારા જન્મનું રહસ્ય ઉપદેશનારો હોય એવો કૃતાન્ત : યમરાજ પાંડવોનું રૂપ ધરીને આવી પહોંચશે'- એવો અર્થ કરવો વધુ યોગ્ય જણાય છે.

આ રૂપકમાં 'ભરતવાક્ય' જોવા મળતું નથી. અહીં 'દૂતઘટોત્કચ' નામનું, 'ઉત્સૃષ્ટિકાંક' પ્રકારનું રૂપક પૂર્ણ થાય છે.

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧.